બત્રીસ પુતળીમાંની વાતો.

(ભાગ ૪ થો.) Reg No 122



(સાગરની વાતો, ચોકડીની વાતો, મેના [illegible]ની વાતો, [illegible]ની વાતો, ભડલીની વાતો.)

પ્રકાશક રણછોડલાલ મોતીલાલ, ગાંધીરોડ—અમદાવાદ. [કી. ૦—૮—૦

(વાંચો) સચિત્ર ધાર્મીક પુસ્તકો.

નરસીંહ મહેતા ભાગ ૧-૨ સચીત્ર દરેકના ૦-૧૦-૦

મીરાંબાઈ ભાગ (૧-૨) સચીત્ર દરેકના ૦-૧૦ ૦

રામલીલા ભાગ ૧-૨ સચીત્ર દરેકના ૦-૧૦-૦

વીણાવેલી ભાગ ૧-૨ સચીત્ર દરેકના ૦-૧૦-૦

સતિ દ્રૌપદી સચીત્ર ૦-૧૦-૦

મદાલસા ભાગ ૧-૨ સંપુર્ણ સચીત્ર કીં. ૦-૧૦-૦

રાજ કઠીઆરો સંપુર્ણ ૧ ૪-૦

રક્ષક કે ભક્ષક ? ૦-૧૦-૦

સતિ સીતા સચીત્ર ૦-૧૦-૦

પતિનારાયણ વ્રત ૦-૬-૦

સત્યનારાયણની કથા ૦-૬-૦

વારાંગના કે દેવાંગના ? ૦-૧૦-૦

બત્રીસ પુતળીમાંની જુદી જુદી વાતો ૧ થી ૧૦ ભાગમાં સચીત્ર દરેક ભાગની કીં ૦-૮-૦

કામલત્તા સચીત્ર ૦-૮-૦

સમાજનો શીકાર ૦-૧૦-૦

સત્યવાદી હરિશ્ચંદ્ર ને તારામતી ત્રીઅંકી નાટક સચીત્ર ૦-૧૦-૦

ચિતોડનો કરણ કીં. ૦-૮-૦

પ્રતાપી પ્રમિલા કીં. ૦-૮-૦

રૂષિરાજનાં પદ સચિત્ર કીં ૦-૮

ચતુર સ્ત્રી વિલાસ ગરબાવળી. (લગનનાં ગીત સાથે) ૦-૮-૦

જુલમી જનેતા યાને પરીવર્તન સચીત્ર ૦-૧૦-૦

હિંદુ સંસાર સચીત્ર ૦-૧૦-૦

જીવતી ચુડેલ સચીત્ર ૦ ૮-૦

રાજા હરિશ્ચન્દ્ર હરિગીતમાં સચીત્ર ૦-૬-૦

બોડાણો ભાગ ૧-૨ સચીત્ર દરેક ભાગના ૦-૬

પવિત્રકુમાર સચીત્ર ૦ ૧૦

પારસમણી ૧૯૨ પાનાં „ મોટી ૨૫૬ પાના

ભક્તશીરોમણી પાનાં ૧૯૨ કીં. ૦-૮

ઝેરી ઝવેરી સચિત્ર કીં. ૦-૧૦

એકજ પૈસો સચિત્ર કીં. ૦

ભકતશીરોમણી પાનાં ૨૫૬ કીં, ૦-૧

પવિત્ર લીલાવતી (હરીગીતમાં) ૦-૬-૦

સતી તારામતી વાર્તામાં સચિત્ર ૦-૧૦-

કોણ ચાલાક ? સચિત્ર ૦-૧૦-૦

બત્રીસ પુતળીમાંની વાતો.

ભાગ ૪ થો.

સાગરની વાર્તા

નૌકાની વાર્તા

મેના પોપટની વાર્તા

કાષ્ટના ઘોડાની વાર્તા

પ્રકાશક

બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ

ગાંધીરોડ—અમદાવાદ

પ્રથમાવૃત્તિ — પ્રત ૨૦૦૦

સને ૧૯૨૫ — સં ૧૯૮૧

'સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ'માં મુળચંદભાઈ ત્રીકમલાલે છાપ્યું

ઠે૦ કાળુપુર ટંકશાળ—અમદાવાદ.

કિં. ૦-૮-૦

वारता १३ मी सागरनी.

માહલી નામની તેરમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

શ્રી ગણુપત ગુણુનીધી, દેવ રૂડા દાતાર; શીંદુર અંગે શોભીતું. મોદીક અમરત આહાર. પીતા પંચાનન પ્રભુ, ગારજામાત ગુણનીધ; લક્ષ લાભ બે પુત્ર છે, અસી છે સુધ બુધ તેત્રીશ કરોડમાં એ મણી, સઊં પહેલો પુજાય; નવનધિનામ ગણેશનું, રીધશિધ કેરો રાય. હંશવાહની માતા તું, વીણા પુસ્તક હાથ; સાય કરો માતા શારસ્વતી, વદયે આપો વાણ; શારદા કેરા ગુણ સ્તવું, પ્રીતે પુજુ પાય; સીંહાસન બત્રીશમાં, વરણવું વિક્રમરાય;ચુકવ્યો ન્યાય ગોવાળીયે, થયુ ભોજને જાણ;તે હેઠળથી કહાડીયું, સીંહાશન પ્રમાણ;રત્ન જડીત કંચનતણું,અધીક તેજ અપાર;પાછળ જડી છે પુતળી,પુરણ વીશને બાર; ભોજ લાવ્યો સભા વચે,મેલ્યું રાણીનેપાસ;ધજાબંધાવી ધરમની. ઓછવ મંગળ થાય ઘેર ઘેર નોબત ગડગડે,જેમ વિવાદીન અંગ, ટોડે તોરણ બાંધીયાં, રૂડે શોભીતરંગ જોતીક પુરાણીને વેદીયા, મેળવ્યા વીપ્ર અનેક; સીંહાસન આશનતણું, આપ્યું મહુરત એક, રાય ભોજ હરખ્યો ઘણું. જે બોલ્યા બહુ દન; શીંહાશન બેઠા તણું, કરવા માંડ્યું મન, સહુ મુહુરત લગ્નજ ભલું, જોણે દીશ; શીંહાશન પુજા કરી, પાય નમાવું શીશ. કુમકુમ ચંદન અક્ષત ધરી કીધા દાનને પુન્ય; નગ્ર ભોજન કરાવિયા ભોજરાજ રાજન. વીપ્ર વચન મસ્તકધરિ, બેસવા ધાર્યા હામ, માં કહી બોલી પુતળી, માંહળી જેનું નામ,રાજા ભોજ ન બેસતું,રાય આમન અતી સાર; વીક્રમ સરખા નહી તમો, પરદુઃખભજનહાર. રાજા પગ ખેંચી રહ્યા. કહો મુખથી વાણ;પ્રાક્રમજે વીકરમતણું. તેહસુણુહુકાન. ચોપાઇ-ભોજ પ્રતે બોલી માહલી. કહુ કથા વીક્રમની વળી; એક સમે બેઠા છે રાય, ભરપુર છે પરવ સભાય. બેઠા મોટા પંડીત ઘણા, અનેક જ્ઞાનીઓ તેતણા. કંઇ પુરાણી કંઇ વેદિયા, કંઇક ઉપાસી કંઇ ભેદયા; અનેક જ્ઞાનીને નાટકી ઘણા, હશારત ચેતકી. વળી પીંગળ જાચીક બહુ પ્રધાન, આદે સભા તે સહુ; વીક્રમ માહારાજા બેઠા જ્યાંહ, ફરે છત્રકનકનું ત્યાંહ. નાચે અપશરા અપરંપાર, ગુણીજન ગાયે છે ગુણ સાર. પંડીતને પુછે છે રાય, કહો ભાઇ જશ શાથી થાય, જેથી પામીયે સઘળું સુખ, ટાળીયેમાહાદુખીયાનાં દુઃખ,આ લોકમાં પોહોચે મન આશ, પરલોકમાંજમ નાવેપાસ. સકળ લોક તે કેમ વશ થાય, તેહ તણો તો શો ઉપાય; ચાર પદારથ પામે જેહ, દુનીયામાં શું વસ્તુ તેહ, દોહરા—બેઠાછે પંડીત સહુ,અવર બીજા મેહેરાણ બહુ એકવસ્તુ કહોસુને. મન વીચારી વાણ.સઉએ જ્ઞાન વિચારીયું,બેઠા જઇ એકાંત; વાત પુછી એ વીક્રમે, ભાગવી તેની ભરાત.

સોરઠો—ભોગ જોગ રંગ રાજ, પરવાથી પ્રપંચ છે તે સહુ ધનને કાજ. ભોગ જોગને વશીકરણ;ધરમ કામ મોક્ષને અરથ, તે સરવેને પામીયે જો ગાંઠે હોય ગ્રથ. ધન સદા બુધ ખરચીયે; જગન પુન્ય માહા દાન, આ લોક તે જશ ઘણો; પરલોકે હરી માન, ધન જેની પાસે ઘણું, ચોપાઇ-વિક્રમ કહે મેં માન્યું સહી, સૌથી મોટી

લક્ષ્મી કહી; તે લક્ષ્મી કેમ આવે હાથ,તે વાણી બોલો મુજ સાથ.મનવાંછિત ગ્રથ ભરયું ઘણો, નવ ખુટે ભંડાર તે તણો; તેનો મુજને કહો ઉપાય, મળ્યા છો સઉ પંડિતે કહયો છે ભેદ,કહે રાય ન કરશો ખેદ,દ્રવ્ય પામ્યાનો એજ મર્મ, પુરવજન્મ લખ્યું હોય કર્મ. વળી છે બીજો એક ઉપાય, તે કહીયે તે સાંભળો રાય વીશનુ યજ્ઞ કહેવાયે જેહ. મનશા સીધ કરે વળી તેહ; સકળ, દેવનું સ્થાપન કરે. ખરચે દામ આપે મન ઠરે;તે યજ્ઞ જ્યારે પુરો થાય.આનંદ પામે વઇકુંઠરાય;તે સમે સાગરદાન કીજીએ, તો મનવાંછીત લક્ષ્મી લીજીએ; વિકરમ બોલ્યો મુકી મામ, સાગર દાન તે શાનું નામ,ત્યારે બોલ્યા સરવે રૂખી, સાંભળ રાજા મહીપત મુખી; એક વસ્ત્રશું નરનેનાર નીકળે ઘર મુકીને બહાર; સઉ સમરણ કરે,તેતો શોચ રૂદે નવધરે;પ્રસન્ન થાય નદીયોના ધણિ લક્ષમી આપે અનગળ ધણિ, યજ્ઞ આરંભ્યાની કરીયે પેર, નોતરૂ મોકલુ અરણવ ઘેર, આવ્યો છે એટલે, મન વાંછીત પામ્યો તેટલે; દ્રવ્ય અધીક આવ્યો જ્યારે,ધરમ પરમારથ મોતાહરે; પંડીતનિ વાત રાજા મન વશીવડા રૂશીજી મોટા બ્રહ્મ યજ્ઞ તણો માંડયો આરંભ; જે જે વસ્તુ પુસ્તકમાં નિસરે, તે તે અણિધરમાં ભરે. કરયો આરંભ રાજાએ સજ, ધરમ તણી બંધાવી ધ્વજ; નગ્ર તોરણ બાંધ્યાં બારણે, યજ્ઞ સ્મારંભ તણે કારણે, આદ્ય ગણપતીનું સ્થાનક કરયું, રૂદ્રકળશ ગંગોદક ભરયું; બ્રહ્માસન પ્રણીતા સનમાન,નવગ્રહ સ્થાપ્યા તેણે ઠામ,ચોસઠ જોગણી મંડળ જેહ, ભૈરવ કુંડ કરાવ્યો તેહ. વાયુ યજ્ઞીને વરૂણ,નાગ પરવત સરીતા સરણ. કસ સ્થાપના કીધી તીર. વિપ્ર તેડાવ્યો તેહ. વાયુ યજ્ઞીને વરૂણ, નાગ પરવત સરીતા સરણ.સકળ સ્થાપના કીધી તીર, વિપ્ર તેડાવ્યો વિક્રમ વીર.આચરણ છે અગની હોત્રી.લખી આપી તેને કંકોત્રી,કહ્યું રાએ સાંભળો રૂશી રાજ,જાઓ સાગર નોતરવા કાજ;મોહોટાં માણસો આધરતી સ્તુતી કરજો અમારી વતી; કહેજો ઉજેણી પગધરો,વિકરમ યજ્ઞ સફળજ કરો; આવેતો તેડી લાવજો. કરી નુતરૂ પાછા આવજો. વિપ્ર મોકલ્યો સાગર ઠામ,રાજા થયો પોતાને કામ; જવ તલવરૂત પંચામરૂતખીર,કરે આહુતિ વીકરમ વીર. નવગ્રહેનાં અર્પ્યાંદાન, દેવતાઇ રચના સનમાન; જોગણી સોને આપીયો ભોગ,એ ટાળે દુખ વ્યાધી રોગ,જેને જે ક્ષરે તે ધરયાં,તેને મન ગમે તેવાં કરયાં; મહા ઉલટ ભેર વાધ્યો રોગ પછે થયો ત્યાં પુરણ જંગ;રાએ પુરણાહુતી કરી, પછે દાન દેવા મતી ધરી.

. દોહરા—તેડાવ્યા જાચક ઘણા,વળી તે દુરબળ જન,તે મળીયા નવખંડનાજેને અન લેવાનું મન. રાજા પુત્ર પોતા તણા, વળી તે ઘરની નાર; એકક વસ્ત્ર અંગે નીસરયા ઘરની બાર. હસ્તિ ઘોડા પાલખી, અર્પણ ગ્રથ ભંડાર, કરનારપણ સરવે કરયું, ક્ષણુ ન લાખી વાર; જેવું કરમ છે. તેવું પામ્યો તેહ, પંચ રાત્ર જ્યાં રાય ઘેર. કંચન વરસ્યો મેહ, તે શોભા જોઇ વીકરમે કર્યો યજ્ઞ દઇદાન; કરકી તો છોડે નહી, શોમજ છેડે પ્રાણ ચોપાઇ—કરયો યજ્ઞ તેવીક્રમવીર, વિપ્ર ગયોછે સાગરતીર. મેલ્ય ચલાવ્યો મનનિ આશ,ગયો આપ સાગરને પાસ, જઇ સાગર આવાહન કર્યું

૨

ચોખા ચંદન સ્તુતિ કીજીએ, જોડી હાથ માગી લીજીએ તેડે છે પૃથ્વીપતી રાજ, તમે ત્યાં આવો મહારાજ, કરે અગ વિક્રમ રાજન, તમ દર્શનનું અદકુ મન, કહ્યા છે બહુ અધિક વિવેક, તે હુકમ કહુ જીવ્યા એક સ્તુતિ તે બ્રાહ્મણે કરીસમુદ્ર પ્રગટ્યો રૂપે ધરી. હા ભાઈ તું તેડવા આવિયો,તે મહારા મનમાં ભાવીયો, રાજા પ્રત્યે પુન્યજ કરે,તે દેખીને હઈડું ઠરે.વીકરમ જોયાની ઈચ્છા ઘણી, માહારે હોંશ અદકી તે તણી, અનેક કરોડ તિરથ મુજ માંહ.કેમ આવું હું એકલો ત્યાંહ. દોહરા—મુજ માંહી વસે મછ કછ.જીવ અનેરા જંત,તેતો મન ઈચ્છે ઘણું,જોઈએ વીકરમ સંત, ઈશ્વરને વાહાલું નહી. વીદ્યા વાત કે રૂપ. નહિ ડાહાપણ નહી ચાતુરી.નહી ભિક્ષુક નહી ભુપ,અતી વાહાલો પ્રમારથી, બીજો એકદાતાર, ત્રીજો ભક્ત વાહાલો ઘણું, ચોથો અસુર અપાર.સાચો વાહાલો સરવથી, જેનું કોમળ મન,માટે દરશન ઈચ્છીએ, એવાછે રાજન,વિકરમને જઈને કહેજો અહીં આવે તું આજ,જીવ સૌ દરશાન કરે,તો સરે સર્વના કાજ, માટે કહો જઈ વિનતિ,સુર પુરૂષ મહાધિર,મુજને દરશન આપવા, આવજો માહારે તિર. દુખ ભાગે કંઈ જન તણા પરદુખ ભંજન નામ. એવું જાણી રાયજી,કરો હમારૂં કામ.ચોપાઈ—ત્યારે બ્રાહ્મણ બોલ્યો વાણ.સાભળ સાગરતું અજાણ;તુને તેડવા આવ્યો હું,મુજ સાથે આવે નહી તું. વીક્રમન કરે માહા માલ ચડી સાગરને અદકી રીશ,ભમર આપ ચડાવ્યા શીશ;જેમ જેમ રાજા મોહોટો કરયો,તેમ તેમ તું અહંકારે ભરયો.મોહોટો પણ આખર માનવી, મુજ તોલ આવે મનહવી;દીધી વિપ્રને ગાળો બેચાર,રહીશ ઉભો તો ખાઈશ માર,ઉતાવળો રાય આગળ જજે,થવાય એવા તું તો થજે,જ્યાં હું તો નવ પ્રસન્ન થયો, તાગે યજ્ઞ તો એળે ગયો,એમ કહીને દુંકારો કરયો, કહેજે અરથ તાહરો નવ સરયો, બ્રાહ્મણ કરોધ કરીને વળ્યો,આપ ગામને પંથે પળ્યો,પુરો યજ્ઞ થયો જેટલે.બ્રાહ્મણ ઘેર આવ્યો તેટલે,રાજા છત્ર ધરે છે શીશ. જઈ વિપ્રે દીધી આશિશ,કહો કયાંથી આવ્યા માહારાજ, શું મુજને નુતરે મોકલ્યો તમો, સાગર પાસ ગયાંતા અમો,તેમા નીર અખુટ ભરયું,મેલી ચોખા નુતરૂં કરયું,મનશા રૂપ કોપ્યો તે થઈ, મેં વાતો તમાર કહી, મહારાજા કરે છે જાગ,તમને તેડવાનાછે લાગ,ત્યારે તેણે કરિછે રીસ, ગાળો દીધીછે દસ વીસ,મુજને પણ દીધી બે ચાર.તેને આણ્યો અતિ અંહકાર,કરોધથી બોલ્યો વાણીયો.જા કહે બોળું છું પાણિઓ,ના આપ્યો પગજ મુજને એક, ચુકયો ઘરનું કામવશેક,તે સ્થાનક મુજને વાળીયો,દક્ષણામાંગાળોપામીયો,માહારાજસરખા દીશો વાન.તે ઉતારો એનું માન,તેને નમાવો જેતમ રાય,તો મારૂ મનશીતળ થાય.

દોહરા—વાત સુણી તે વિપ્રનિ, મન હરખ્યો રાજન, આસ્વાગત કીધી ઘણી, બોલાવો મુની જન. અરણવ પીજાવું સહી,વિચારયું વિકરમ વીર, શેનથી તે ત્યાં શું કરે; જેમાં ઝાઝું નીર;સોપ્યું રાજ પ્રધાનને,તેડયો વીર અભેદ,ગયો રાજા એક લેદ, રાખો સાગરશું ખેદ, કોને વાત કહી, નહીં મનમાં રાખી ધીર, ઉપાશીકે હઈ દેવને, આવ્યા સાગર તીર. દીધી આણ ઈશ્વર તણી,સાદ કરયા દસ બાર,જા કાંઈ

બળ હોય તુજ વીખે, તો પ્રગટ આવ આ ઠાર. નોહે બ્રાહ્મણ બાપડો, જેને દીધી આળ; મારી સંગે શું કરે.તેં તો બોલી પાળ, સુણ્યો બોલ અહંકારનો, માનવીમાં સુંવરત. પોતાને રૂપે કરી, સાગર આવ્યો તરત.

ચોપાઇ—દ્રષ્ટે દ્રષ્ટ બેઉ જણ મળ્યા,રાયે દિઠો સાગર રૂપ,સિંધુએ દિઠોછે ભુપ, યજ્ઞ તણી મેં માંડી પેર. કેમ ન આવ્યો મારે ઘેર, તે વાતનું કારણ કહો, આવોકે સુખે અહિં રહો. ત્યારે બોલ્યા સાગર સિંધુ, સાંભળરે વિક્રમ મુજ બંધુ; ગમેનેવો પણ માનવી તું, કેમ આવું તુજ દેશે હું; રત્નાગર તે માહરૂં નામ, કરૂ અણચિંતવ્યાં ભારે કામ. સરવ સરીતાનો ભરથાર, માહારા પ્રાક્રમ અપ્રમપાર, સહુકો આવે મારે પાસ, હું નવ કરૂં બીજાની આશ વસે તિરથ મુજ માંહે ઘણા.રત્ન કોટીચિંતામણિ તણા.વાત અરણવ કેરી સાભળી, મનમાંહે ગયો પરજળી; જે આણે અહંકો અહંકાર, તેનુ નામ મોહોટા ગુમાર. દોહરા—રત્ન કાહાડયાં તુજ નામથી,બાંધ્યો કરિને ચોર,મુકાવ્યો મહાલક્ષ્મીએ, કયાં ગયું તાહરૂં જોર, અગસ્ત જ્યારે પીગયા; સુનાકીથી ઘાટ, તારૂ જોર તે કાંઇ ગયું, પુંઠળ બાંધી પાજ.કહેતો વળી કહુ ઘણાં, જે બોલે પુરાણ. વચન એવાં સાંભળી, મન રીઝયો મેરાણ.

ચોપાઇ—જા જીવતો છાંડ મુજ તીર નહિતો હવડાં બોળુ નીર; પૃથ્વિ બધિપાળિએ સજુ, મુજ આગળ તાહરૂં શું ગજુ. સતાવદિ માટે સાંખીયે, નહિ તે મહાન દાખીએ;માંનાં વચન લાગી રાડ. પોતા તણી ભાગી છે આડ. વિક્રમ રાયતો જોઇ રહ્યા, અરણવ તો અલોપજ થયા;મારી છોળને વધ્યું નિર, તાણ્યો જળમાં વિક્રમ ઢવર; થયો આકળો પાણી માંહ. વરૂણ સમરણ કીધું તાંહ. મુખથી મંત્ર વરૂણનો કહે,ઉદક અંગથી અળગુ રહે; જળને કોપીયો વીક્રમરાય, મહા કોપ સાગરનેથાય, મુચ્છી કછને મોહો અહિ. તે મત્યે પછે વાણિ કહી, રાજાને અદકુમારજો, પ્રાણ દેહુમાં ઉગારજો.

દોહરા—રાજા દુખ પામ્યા ઘણું. નવ સહેવાણી લાત; ધ્યાન ધરયું વૈતાળનું, મરી હરસીધ માત, આદ્ય શકત તું ઇશ્વરી,મંમાયા પ્રચંડ;ચાચર દેવ્યા નવખંડની, વ્યાપી રહી નવખંડ. સરજન પાલણ સંહારણી, સ્થાવર જંગમ હોય; જેને પાસુ તાહરૂ, ગાંજી ન શકે કોય, તુ તુળજાને તોતળા, હીંગરાજ હરસીધ અજાઇ આરાસુરી અંબિકા, બળધારી બહુચર ધિર.

સોરઠો—દાતા નવ નિધાન, અડસઠ લોચન અરબુદા ગુણનિ ગીરી સમાન,માહ કાળી મહા સરસ્વતી, અષ્ટ સતે વેરઇ, ચપન કરોડ ચામુડ છે; નવ કરોડકાત્યાઇ ત્રીરૂપ તે સરવ તું દોહરો—પશુ પંખીને વનસ્પતિ, માયા મોહ અહંકાર; સકળરૂપ તું ઇશ્વરી, નોધારા આધાર ચોપાઇ—શક્તિ કેરી સ્તુતિ કરી,પ્રસન થયાં ત્રીપુરાસુંદરી,મુજ સેવકને દુખજ દે, સુખે એ કયમસાગર કહે તેડાવ્યા વાયુને અગ્ન બેય,

આવ્યા સમીપ માતાને ઘેર; સકળ પદવિ પામ્યા અમો, હેત કરિ તેડાવ્યોતમો,શેવકને આજ્ઞા દીજીએ, કરજોડિ અમો કીજીએ, કહે પ્રથ્વીને કહે છે રવિ વાયુ કહે નાંખુ ફેરવિ; અગ્ન કહે જે પ્રલેકરૂ, દો આજ્ઞા મસ્તક ધરૂ.દોહરો ચંડી કહેછે દેવને સાગરતિરે જાઓ;સાગરને બાંધો જઇ, મુકાવો વિકરમ રાય. મુકો બધાનિરને,પ્રગટાવો માહાઆગ;તોડો માન સાગર તણું,વિક્રમને લાગે પાય, વાયુ જળ ઉડાડીયું, લેઈ ગયો આકાશ; પછે પાંવક પરજળ્યો, દવ લાગ્યો ચોપાસ. મછ કચ્છ સહેતરફડ્યા, નવ શેહેવાણિ જ્વાળ; અરણવ કીધો આકળો, જાણ્યું ખુટયો કાળ,સાગરમાંના જીવતે કરે ઘણા પોકાર; તેવામાં જઇ આગીયો, દે આગ્ય તણો માર. પડયો ત્રાસ ત્યાં અતિ ઘણો,નાઠા સઘળા જંત.વિકરમ આવ્યા બારણે,કીધું બળઅનંત.

ચોપાઇ—દીઠો અગ્નિ ઠામોઠામ, સાગરે તો મુકી મામ; વાયુ જેમઆકાશે પુઠે પાવક અગ્નિ કરે. એકે વાતે ચાલ્યું નહી, કરજોડીને આવ્યો તહિ;રેહ રેવહરે અગ્નિ પુછું હુ, મુજ સાથે વઢે કેમ તું; વાયુ કેમભેદે છે આજ;વઢતા તુજને કયમન આવેલાજ, કુણ દિવસનું છે તમ વેહેર, વઢવા આવ્યાછોતુજ ઘેર દોહરા—શાગર પ્રત્યે બોલીયા,વાયુ અગ્નિ બે બાણ, કોપ્યા હરસીધ માડી, તે લેશે તુજ પ્રાણ.વિકરમ શેવક ચંડિનો, ઈંદ્ર તણા કુમાર; તેને જઇ પ્રસન કરો, સુખ પામો આઠાર, તારવિના શીધી નહિ, કરો કરોડ ઉપાય.વિનવ રાજા વિરને;તો તમને સુખ થાય, ચોપાઇ—વચન સાંભળ્યાં એવાં શરવ, સાગરનો તજાવ્યો ગર્વ, જોડયાહાથ ધરૂણી એ રૂપ; આવ્યો જ્યાં બેડાછે ભુપ, તમો મોહોટા પ્રથવિપતધણિ. મેં અવગણના કીધ ઘણિ; તાહારે પર દુખની છે રીત, મુજ સંગાથે કરીએ પ્રીત. શાનો ખારરાજાને સાથ, વળગ્યાં બાંહ શાહીને હાથ.

દોઉરા—અગ્નિ વાયુને આપી સીખ, તે થયો તેને ઠામ; કીરપા કરી મુજ ઉપર આવો ઉજેણી ગામ. યજ્ઞ સફળ માહારો કરો, થઇ મારા મહારાજ; સાથેઆવોમાહરે, રહે માહારીલાજ. ચોપાઇ—સાગર કહે સાંભળ તું ભ્રાતઃ મુજઆવ્યાની કહુ એક વાત; લક્ષ કરોડ મુજ માંહે જંત, તે યજ્ઞનો જે આણો અંત,હું આવુંતમારે ગામ, જીવ તરફડી મરે આ ઠામ. જીવ સહુનિ હત્યા લેશ,તો મુજને તેડી જા દેશ; તુજ સંગાથે વહું હું, તેનું દુખ નવ આણીશ તુ.

દોહરા—સાગર કહે સુણ રાયજી, સંદેહ મનનો મેલ, થાઉ ઓશીગલતુજને, આપુ તુજને તેહ. જેથી કામ થાએ ઘણું પહોંચે મનની આશ;પાંચ રત્ન પ્રતાપ વંત, તે તે માહારે પાસ; દેવ શહુને દુરલભ ઘણાં, રત્નાકરનુ સાર, તે રત્ન આપુ તુજને પ્રાકમ અપરમપાર, તે રત્ન મેં સંચાર્યાં,માટે રત્નાકર નામ, પ્રસન થઇ તુજને, મુકી મનની મામ.

ચોપાઇ—એમ કહિ પાતાળે ગયો, ઉલટ આપ મન માંહિથયો, રત્નરાખ્યાતાં

ઘરમાં સાથ. આણી આપીયા તેને પાંચ. દેખી હરખ્યો ઘણો, મરમ કહોભાઇ એહજ તણો, એ વસ્તનાં કહો ભાઇ નામ, નીપજે એથી શાંશાં કામ, એક રત્નને કરમાં રખે, પછે વિચાર કરે મન વિખે, જેટલો ચીતવે મનમાં દ્રવ્ય, આપે ઇષ્ટને તે આગળ સરવ. એના ગુણ છે અપરંપાર નવ ખુંટ ખરચે ભંડાર, બીજું રત્ન મુખ આગળ ધરે, આપ મન વિચારજ કરે. કટક દળ ચીંતવે જેટલું. પ્રગટ થાય તતક્ષણ તેટલું જે જેવસ્ત આભુષણ હોય, નવ નવાં નિત્ય દ્રષ્ટે જોય. ચોથે અમરત મેવા અહાર, ભક્ષ ભોજન બહુ વીવિધ પ્રકાર પાંચમું રત્ન હોય જેને પાસ, અંતરમોક્ષ પદવિનો વાસ. સાપી સુરાપીને પાતકી, માત્ર દરોહ સ્ત્રી વધ પારકી, વઇકુંઠે કઇલાશ કે ઇંદ્રાસન રત્ન પ્રતાપ જાય તે જન. કહ્યું વખાણ એ પાંચે તણું. એ દેવને દુરલભ છે ઘણું મોહોટા યજ્ઞને પુન્યે કરી, એ વસ્તુ આગળ ધરિ. જેવી મનમાં ઇચ્છા હતી, તેનો પામ્યા પરૂથવિ પતી, વાયુ અગ્નિ કીધા વીદાય, પ્રદક્ષણા કરિ લાગ્યા પાય, આદ્યશક્તિ તે તમ પ્રતાપ. અરણવ વશ કીધીછે આપ, દેવ આપ ઠેકાણે ગયા, અરણવ રાજા સુખીયા થયા. સીંધુ તણી આજ્ઞા તો લીધ, વીકરમપંથ કરો તે સીધ. ગડગડયાં ઢોલ મરદંગ નીશાન, ઘેર આવ્યા વીક્રમ સુજાણ; થયો પ્રજાને શીતળ દેહ. દુધે વરસ્યો ત્યાં તો મેહ.

દોહરા—આવી ઘેર ઉભા રહ્યા, વીકરમ તેણી વાર; બ્રાહ્મણ પેલો આવીયો રાય સભાનેઠાર. ચોપાઇ—ભલે માહારાજ આવ્યા તમો, ઘણો આનંદ પામ્યોછું અમો; અરણવનો ઉતર્યો ગરવ, તેણે અંગ મુજ ફુલ્યું સરવ. હું ગયો નુતરાને કાજ, તે દાહાડાની મનમાંદાઝ; નવ જમાડયો નવ દક્ષણા કરી. તેણે રીસમુજ હઇડેવરૂ. તમ યજ્ઞમાં હું નવ રહયો; હુંતો નોતરૂ દેવા ગયો; તમ ઘરની દક્ષણા ચુકીયો, મુજને તમો નીરસુખ મુકીયો. સહુકો પામ્યા દક્ષણા રૂખી, એકલો રહયો છું હું નીરમુખી ઉપર કરો તમારો હાથ, આપ વીચારો રૂદેયા સાથ.

દોહરો—વીકરમે મન વીચારયું. નથી પામ્યો એ બ્રહ્મ; મુજ ઘેરથી નીરમુખ ગયો, તે નહી માહારો ધર્મ. પાંચ રત્ન છે મુજ કને, તેમાંથી લોને એક, ગુણ છેસઉના જુજુવા, મન કરજો વીવેક.

ચોપાઈ—કહે બ્રાહ્મણ એથી શું થાય, તેના ગુણ સંભળાવો રાય; એક થકીપામે છે ધન, બીજે મેવા અમ્રત અન. ત્રીજે આભુશણ વસ્ત્ર અપાર, ચોથેથી કટક દળ સાર; પાંચમે મોક્ષ પદવી પામીએ, ભવસાગરતો ભવ વામીએ બ્રાહ્મણને મનઅચરત અડયો, સુણિ વાત વિમાશે પડયો; એ પાંચમાંથી કિયુ લેઉ, કિયાં ચાર પાછાં હું દેઉ. માહારાજ પુછું માહારે ઘેર, પછે કરૂં લીધાનિ પેર; એવું કહીને પાછો વળ્યો, કહ્યું સહોદરને સાંભળો. રાજાએ કહી છે વાત, પાંચ રત્ન પણ જુજવિ ભાત; કહો તેનિ એક લીજે જાત; ઘરમાં પાંચ માણસનિ ન્યાત. આપ આપનિ ...

એક પોતે ને બીજો તાત, ત્રીજો પુત્રને તેનિ માત; પાંચમી પોતા કેરી નાર, સહુ મળીને કરયા વિચાર, બ્રાહ્મણ કહે જે ગ્રંથ, સરશે તેથી આપણો અરથ; ધણીઆણી કહે લાવો અન, જેથી ઠરે આપણું મન; પુત્ર કહે શેન્યા લીજીએ;રાજા થઈ આનંદ કીજીએ; વહુ કહે લાવો શણગાર; તો વાધે રૂપ અપરંમપાર;તાત કહે લાવો મોક્ષ રતન, તો કાયાનું કરિએ જતન;બીજુ સરવે ખોટુ એહ, આપણું સાધનકરીએ દેહ; આપ આપણિ ચલવિ સુજ; વઢી પડયાં વઢતામાં ગુજ; પુત્રકહે જો બીજું લેશ, તો ઉઠી જાશું પરદેશ; વરધ કહે જો લાવે બાળ, તો આણું હવડાં મુજ કાળ.

દોહરો–રાડ થઇ ઘેર વીપ્રને, ઝુરાણુ લાગ્યાં મન; રાત્રી ત્રણ રાંધ્યું નહી, કોય ન પામ્યા અંન. ભુખ્યા બ્રાહ્મણ કળકળે, સુજે નહી કંઇ પેર; શીસ કરીને :આવિયો રાજા કેરે ઘેર. સમાચાર સઘળો કહ્યો, શીરો બોલ્યો વાણ; રાજા તમારા રતનથી થાય માનુસની હાણ. આસ્વાગત રાજા કરે, કેમ ધરો છો દુખ, શુ માગો છો મુજ કને, ઇશ્વર ભાગે ભુખ. મનુશ પાંચ મુજ ઘર વીખે, જુજુવાં સહુનાં મન;એક રતન આપો તમો: માટે તજીયું અન, હરખ્યો રાય હઇડા વિખે,શાને ખોટી થાઓ રત્ન એ લીજીએ, શીઘ્ર થઇને જાઓ. કાં પહેલું તમો નવ કહ્યું, શીદ કરી મન લાજ; રત્ન પાંચ લઇને વળો, કરીએ રૂડાં કાજ.

ચોપાઇ–કુમકુમ ચંદન ચરચ્યા પાય, ચરણામ્રત લીધું છે રાય;હેતધરયુ રૂદયાની સાથ, આપ્યાં રત્ન બ્રાહ્મણને હાથ. હરખ્યો બ્રાહ્મણ મન ઉલાહ, દીધો રાયને આશીરવાદ; કોટી કલ્યાણ તાહરૂ થજો. તારા વીઘ્ન સરવે જજો. એવું તાહરૂ રેજો મન, આશ પુરો જાચક જન; હરખ ભરયો તે આવિયો. પાંચ રત્ન આપે લાવિયો; પાંચે જણની પોતી આશ,સુખ ભોગવ્યું લીલ વીલાશ.સુણે સાંભળે વીક્રમચરિત્ર, સદા મન તેનું પવિત્ર; પાંચે પાતીક તેની જાય, દ્રઢ રૂદે તે કોમળ થાય. એવું સાંભળી આપે દાન, આ લોકે પરલોકે માન; સરવથી તે મોટું પુન્ય, એહ સમો નહી કોઇ અન્ય; વીક્રમનું વખાણજ કહ્યું, એ પુન્યેથી સરવે થયું; આપે એકને પામે લાખ, તેની વેદ પુરાણે શાખ.

દોહરા–કહે માહલી ભોજ સુણો, એવો થયો તેરાય, એવા જો થાઓ તમો, તો ધરો સિંહાશન પાય, એમ કહીને પુતળી, આપે ગઇ આકાશ,એહ કથાપુરણ થઇ કહે કવિ સામળદાસ. સોતા વકતા સમજતા. કહે કવિતા કરજોડ,શામળભટ કહે બોલજો, જે જે શ્રી રણછોડ.

વારતા ૧૪ નઉકાની.

સુભદ્રા નામની ચઉદમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

દોહરો–આદ નમુ ભઇરવ તુને,માગુ ઉત્તમ બુદ્ધ,કીરપા કરે માહાવીરતું, આપો

વાણી શુદ્ધ. શ્રી સારદા તુજને નમુ,ગણપત પુજુ પાય, દીનઉપર દયા કરો,તોગ્રંથ ચાલતો થાય, વળી ભોજે વીમાશીયું, લીધું મુહુરત જેહ, શીંહાસન તે નીરખીયુ, આનંદ પામ્યો તેહ. પુજા પ્રદક્ષણા કરી બેશણ ધાલી હામ, બોલી સુભદ્રા પુતળી રખે બેશો આ ઠામ.શીંહાસન વીક્રમતણું,નહી બીજાનું કામ,જે બેસે એ આસને, પ્રદુખભંજન નામ, કહે ભોજ સુણ પુતળી,વીકરમ મહીમા જેહ,વીસ્તારી મુજને કહો, સાંભળવા ઈચ્છું તેહ.

ચોપાઇ–કહે સોભાગી સાંભળ રાય,કહુ વીકરમ તણો મહીમાય,જે સાંભળતાં પાતીક જાય, વાધે પુન્ય પવીત્રજ થાય.દોહરા–એક સમે તે આસને, બેઠો વીકરમ રાય,ત્યાંહાં પ્રધાન પોતાતણો,પાળે પગલે જાય;ત્યાં શોભા છે અવનવી.જેવું ઈંદ્રા-સન;સુરનાયક થકી અધીક,બેઠો છે રાજન;કામ સમાન રૂપ છે,કારણ સમો દાતાર, પ્રાક્રમી બીજે કો નહી, એવો કર્યો ક્રીરતાર; ઉપાશીક હરશધીનો વીસ્નુભક્ત પરી માણ; શીળધર્મ શાહશીક ધણો, સકળ શાસ્ત્ર સુજાણ,સકળ કળા ગુણ શીવ સમ બત્રીશ લક્ષણ પુર;અસ્ત્ર શસ્ત્ર જાણે અધીક, વૈરાગી વીર મહા સુર;તેના જેવી આ ધમા. આવે નબીજે કોય; થયા ઘણા થાશે ઘણા. દેવજ સાખીયા હોય,રાજા બેઠા રંગમાં, આવ્યા નીજ પ્રધાન, પ્રણામ રાજ રિતે કરયો,રાયે દીધાં માન.કહોનેકારણ કાંઇ અવનવું.જે કહેવું હોય તેહ; તો તે પ્રમાણે કરૂં,તેમાં નહિ સંદેહ.જે માગો તે આપીયે,એમ બોલ્યો નરનાથ;ત્યારે વજીર ઉભો રહયો જોડીને બે હાથ,પુછો જો તો સાંભળો મનનુ કારણ સુત્ર;વાત કહુ વરસ પાંચની, જ્યારે નોહોતો પુત્ર, મેંઠુ મુખ હતું હિર વંઝાનું,ઝુરતો મનમાં આપ; ત્યારે બુદ્ધ એક ઉકલી, તમ ચરણપ્રતાપ. જો માહારે તન આવશે, અંગે સુખીઓ થાઉં; શ્વેત બંધુ રામેશ્વરે, પુજા કરવા જાઉં, તે બાધા મનમાં ધરિ, પ્રસન્ન થયા શ્રીરામ; પામ્યો પુત્ર ઇચ્છા થકી, ધરયુ સમદત નામ; બેહુ વરશ પાંચમુ, તે બધા મુજ શીશ; દેવનું રણ અતી દોહલું,જાણું છું,અહરનીશ હુકમ હોય તો એકલો પાળે પંથે જાઉં,નીરખ લક્ષમણ રામને, બાધાશીંઘ્ર થાઉં. સુણીરાય રીજયો ધણું,સીઘ્ર કરો એ કામ;રત્નઅમુલખ અવનવાં, આપ્યા બહુ વિધરામ.લેઇ આજ્ઞા મંદીર ગયો, સહુનીશીખતાંહાં લીધ, સમુહુરત જોઇ પરીયાંણનું, પંથ કરો છે સીધ.

ચોપાઇ—પ્રધાન પાળા પંથે જાય, નથી પાસ બીજો કોઈ સાથ;લક્ષમણજીનું ચંતન કરે, પાતીક સકળ જનમનાં હરે. એક મુકે બીજુ લે ગામ;દીવસે કુચ રાતે મુકામ;માસ બે માસે લક્ષમણજી ગયો,પામ્યો દરશન સુખીયો થયો.જ્યાહાંશ્રીરામે બાંધિપાજ,મન નામનો રથ શીધ્યા આજ;તે સ્થાનક છે રળીયામણું,સઉતીર્થમાં સોહામણું;સીતાવાડી તે પુરૂશ પુરાણ,ત્યાંહાં મેહેલ્યું ભામાસ્ત્રજ બાણ.તેનિશોભા અદકી હોય, પુન્ય મહીમા ન જાણે કોય; પ્રધાન તોતે સ્થાનક પામીયો.દુકિત તેહ

તહાં વામીઓ, મન મનોરથ પોતી આશ, નહિચે માથવટો ખટ માસ; તેવો મન વિચારજ કરી,આપે રહયો તે સ્થાનક ઠરી;આ વાતતો અહીંયાથી રહી,ઉજેણીમહેં શીગત થઇ; વીકરમ કરે નીત રૂડાં કાજ; ધરમ મારગ લાવે રાજ.પ્રજા સહુને રૂડાં સુખ ભાગે છે દુખીયાના દુખ. ના અક્ષર રાજા નવ કહે, સુખે પ્રજા પોતાનિ રહે, પ્રધાનને ચાલ્યાની વાત, થઇ ગયા સંવતસર સાત, પ્રધાન તો રાજાને ઘણા,શીદ સંભારે શાની મણા; નિશી ચરચા જોવા એક દન,નગર બધે ચાલ્યા રાજન,નગર વારતા શ્રવણે સુણે,નારી એક બેઠીકે ભણે; માઝમરાત મધવેળા જુએ; રામાએક તે ઘરમા રૂએ; હણે હઇડુને અદકુ રડે, વિવીધપેર વિલાપજ કરે. તે દીઠુ રાજાએ દ્રષ્ટ,ઉપન્યું છે મનમાંહે કષ્ટ.રાજા બેઠા પાસે સુઇ,પુત્રી પુત્રી ત્યાં મુખથી કહી;શા દુખે કરે આંસુપાત, મન મુકી કહો મુજ વાત; મધરાયે રૂએ શા માટ એવડાશાછે અતી ઉચાટ; ને દુખ જો તું ન કહે મુને બ્રહ્મહત્યાદીક તુને.

દોહરા—બોલી નાર તે મુખ થકી, માહારૂ દુખકે ઘોર;તમ આગળ તે કયમકહું, તમે જાને છો ચોર. હું અબળા છું એકલી,નહી પાસે મુજ નાવ;ઘર નહિ ઉઘાડુ અમો. જેમ આવ્યા તેમ જાઓ, દુખ કહે શું નીપજે,અજાણ્યા આગળવાત,તેતો ભાગી નવશકે.ફોકટ શી વિખ્યાત. ચોપઇ—ત્યારે વીક્રમ બોલ્યા વાણ.સાંભળબાઇ તું ચતુર સુજાણ; નહી ચોર લંપટ કે જાર,વીકરમરાય નીશ્ચય નીરધાર;નીશ ચરચા જોવા કારણે, આવ્યો છું તાહરે બારણે પુત્રી બેહેન જેવી માહરી, મેનો દાઝ સુણી તાહરી:બાર ઉઘાડી ઉત્તર દો,જે દુખ હોય તે મુજને કહો;ને દુખ જો ભાગુ નહિ આજ, લાગે કુળ માહારાજને લાજ;જો નવ ટાળું તાહારો શોક,તોતીરથવ્રત થાજો ફોક;એવી પ્રતીજ્ઞારાયે કરી, તે નારીએ ચીતમાં ધરી,નારીએ ઉઘાડયાંબાર, ધરી હરખ મનમાંહે અ ાર; રાજા બેઠા પાટે જઇ, નારી લાકજ રીને રહી, તમારો પ્રધાન તે મારો પતી, તેનિ નારી હું છું સતી, તે સેતબંધુરામેશ્વર ગયા, તેનેસાત સંવત્સર થયા. અહરનીશ જોઉછું વાટ, મોહોટો મારે મન ઉચાટ. ખટ માસનોહ તો વાયદો, બીજો કાંઇ નથી કાયદો; ભલા ભુડાની ખબરજ નથી, તે દુખે ઝુરૂ સરવથી તે આવે નો પોચે આશ, નહિતો હુ પ્રાણ કરૂં નાશ.

દોહરા—મહીપત કહે સુણ માનની, કાગળ સ્થીર કરી રાખ્ય;તે તુજને હું મેળવું, તેમાં શ્રી સુરજની શાખ, માસ ખટ પાસે મેળવું, કરૂં તમારૂં કામ; મટાડુ દુખ દલડા થકી, તો વીક્રમ મારૂ નામ સંતોખી તે સુંદરી, વચન દીધ બહુ પેર, પ્રાતુશકાળે રાયજી,વિકરમઆવ્યા ઘેર્.વિચાર કર્યો મન આપશું શોકરતો ઉપાય. જેવે તવે સંદેશડે,ઓળગતો નન થાય. પુરત દેશ પરદેશડે કરવું મોટું કામ, દીવસ જોતાં જોતાં જશે,હરસીપ પોચાડે હામ,આપે જાવું એકલા રહેશે કુળની લાજ;રામેશ્વર દરશાન કરૂં,એક પંથ દો કાજ. સુપ્યું પાટ પ્રધાનને, ન કરીશ કોશું ગુજ;

પંથ પળાયો એકલો, જેને અદકી મુજ સ્મરણ હરસીધ માતનું, વિર તણો ત્યાં પ્રવેશ અશ્વ સજી આપે પળ્યો, લીધો દક્ષણ દેશએક માસ દિન આઠમાં, કીધાંહરિ દરશન સ્તવેતબંધુ દરશન કરી, થયું મન પ્રસન. ગુપતદાન દીધાં ઘણાં કોઈ નજાણે રાય બીજે દીવસ પ્રધાનની શોધ લેવાને જાય; જોયાં તરૂવર વાડીયો, જોયાવડ મંડપ ગામ, પુછયું કાંઇ પટે તયે, કાંઇ જાણુ નામ અહરનીશા આપે ભમ્યો, રાજા વિક્રમવિર, પ્રાતસમે તે પરવર્યો; દક્ષણા સાગર તીર ત્યાં વાડી કદળી તણિ, શીના વન કહેવાય. અરૂણુવ અતી બીહામણું. ત્યાંહાં આવ્યો રાય.

ચોપાઇ—ત્યાંહાં પડયો દીઠો રંક, કાયા તેની થઇ કરંક. નેત્ર બેઉ ગયાંછે મળી શરીર તણિ તો ચઇતન ટળિ. વિના વસ્ત્ર પડયોછે ધરણ, હાલે હાથ હઇયુને ચરણ ન સુજે ન સુણે કાન, નથી આપ રૂદેમાં જ્ઞાન. રાજા તેની પાસે ગયો, સંદેહઆપ રૂદેમાં થયો, શકે દેહ પ્રગટયો છે રોમ, કે કોનો થયો વીજોગ જોઉ એને શાનુદુખ, ઇશ્વર એની ભાગે ભુખ. રાય બેઠો તે પાસે દીશ, દીધું આપ ખોળામાં શીશ. મુખપખાળી પાયુ નીર, આસના વાશના દીધી ધીર; કોઇક ચેતના તેને થઇ, દુરમત આપ રૂદેથી ગઇ. નેત્ર ઉઘાડી તવ જોઇયું, રાજાનું મનડુ મોહિયું, રાજા કહે સાંભળ તું વીર, બોલ મુજશું આણીને ધીર; કુણ જાતને કુણ તુજગામ, શું દુખ છે કહે તાહારૂ નામ. શા માટે આ સ્થાનક પડયો, કોણ દવેશી દુશમન નડયો, શો છે આહારને શું ખાઓ અન, શા ઉપર છે તમારૂંમન તે મન મુકીને કહો દુખ સદાશીવજી કરશે સુખ; સત વચન જો નવ કહો વાણ, તો આદ્યશક્તિ તુજને આણ એવા સમા દીધા છે રાય, દુખીયાનું મન પ્રસન્ન થાય.

દોહરા—દુખીયો બોલ્યો રાયશું, તું કયાંથી આવ્યો આજ, વિચાર કરવા માહારી કને, સમ દેવાને કાજ. મારે દુખ છે સાગર ભર્યું, તેનું તાહારે શું કામ; જેમ પરદુખભંજન આવિયો; વિક્રમપોતાનું નામ. એ તારા ગણે આકાશના સાગરજળ તોળાય, આવે પાર પૃથ્વી તણી, પણ માહારૂ દુખ ન કળાય; ડોલે બધા ડુંગરા, સમુદ્ર મુકે મરજાદ ફાટે હઇડુતેહનું, સુણે અમારી વાત, તમોએ વાળી મુજચેતના સુખ પમાડયું દેહ; પાયુ નીર મને સુખ થયું, જેમ બપૈયો મેહ. તે માટે સાચું બોલીએ, કહુ માહરા દુખની પેર. અમો તો પ્રાણ તજુ ઇહાં પછી તમો પધારજો ઘેર, ચોપાઇ—જાત ક્ષત્રી મુજ માળવ ગામ, મણીસાગરછે મારૂ નામ, હું વીક્રમવીર તણો પ્રધાન, રાજ તણું અદકુ મન માન. માગી આજ્ઞા નીર્ગમુ રાજ, આવ્યે જાત્રાશરે કાજ, સ્વેત બંધુ રામેશ્વર રામ, અડશઠ તિરથ કરવા કામ. જોતો જોતોઆવ્યો છું આંહ, દિઠ કઉતક સાગરમાંહ. નઉકા આવ્યું તરતું એક, તેની શોભા પરમ વિશેક. કનક તણું તે છે પ્રચંડ, તે માંહે દિઠા નવ ખંડ, એક ખંડમાં તો સાગર સાત, દિઠા કઉતક પરવત વાત, બીજે ખંડતો દશ દિગપાળ, ત્રીજે ખંડ ચોથે

પાતાળ, પાંચમે દેવ છઠે માનવિ, સાત ઝુખી ગાંધરવ દાનવી. આઠમે વનસ્પતિ નવકુળ નાગ અષ્ટ કુળ પરવત ભારે ભાગ. નવમે પૃથ્વી કેરે પીઠ, એવું અચરત નવમે દિઠ; તે મધ્યે છે વ્રક્ષ અનુપ, ઉપમા ન કરિ શકે ભુપ અવનવો રંગ અતિ ઘણો, તેની શોભાનો નહી ઘણો, કલ્પવ્રક્ષ અમરત ફળ સોય ને ગં દ્રષ્ટે જોય; તે નઉકાની ખેટગુહાર. તેમાં બેઠીતી નઉતમ નાર. જેવી રતન કમળ દીવડી, સ્વયં વીંધાતા હાથે ઘડી.જેવા કમળ લતાનો વંદ,યેવો શરદ પુનમનો ચંદ્ર,અંગે શણ-ગાર સજ્યાતા સોળ. મુખબીડાંતાતાં તંબોળ હું આ સ્થાનક આવ્યો જેટલે નારી નઉકાલાવિ તેટલે. ચંદ્ર આભથી નિકળે જેમ,મેં ઝોતકાર દીઠીછે તેમ.હેઠ ઉતરી ચઢી તે વાર. આવી આ વાડી મોઝાર; વેણ્યા પુષ્પ એક રાહુરત રહિ, પાછી તે નઉકામાં ગઇ, તે સમે હુતિ મધરાત; એક સખિ બીજી તે સાથ, હુ તે જોવાને તેડે ચડયો,મોહ પામીને હેઠો પડયો;તે નારિ નઉકા જળમાં ગયું, તેનું મુજને માહાદુખ થયું.ને જોવાને મુજને કોડ, એની હું શક્ષે અદક્યાં હોડ, તે નઉકાને તેહજનાર દ્રષ્ટ ભરિને જોઉ એકવાર; ત્યારે માહારૂં દુખજ જાય, દેહ શિતળ સુખ શાતા થાય, સંભારતાં વાગે મોહ બાણ, આયુશ બળથી જાતા પ્રાણ. દુખે કહ્યું તમ આગળ અતી, તમથી કામ સરે નહિ રતી,સ્તુતી કે નિંદા માહારી કરો,આપ સ્થાનકપોતે પરવરો,તમો કોણ છો રહોછો કયાંહ.શા કામે આવ્યાછો આંહ,તે સાચું જો નકહો મુને, તો દીધા સમ તે લાગે તુને;એવો સુણ્યો તેનો ઉપદેશ;બોલ્યો વિક્રમવર નરેશ હવે એનુ કારણ લહયું કાન હતું તે નીસ્ચે થયું.

દોહરા—ઉજેણિપત રાયજી,વિક્રમ માહરૂં નામ; તું મુજને નવઓળખે, તોનહી તાહારૂ કામ, મે મોકલ્યો તુને જાત્રા, કરવા સુણ પ્રધાન સ્ત્રી દુખપામે છે તાહારી, વીહ્વળ થયું છે મન,તેનું દુખ મેં સાંભળ્યું સંતોખી તે માટ. તમને જોવા કારણે મેં લીધી દક્ષણ વાટ; પાછો પંથે પરવરયો. એક પંથ દો કાજ સ્વેત બમેજી નીર-ખીયા, ભાગ્ય અમારૂં આજ; નવખંડ વસમા નીરખતાં હું આવ્યો અરણવ તીર, દુખનો ભારો દીઠો તુને ધારણ નવ રહયું ધીર; રાય પ્રધાન બહુ મળ્યા. ભાગી મનની ભરાત,કર્મ શંજોગે લખવાસા કીધી વાત એકાંત ચોપાઇ—પ્રધાનને કહે છે રાજન;ધિરજ રાખ ભાઇ તારે મન;તે નઉકા નારદેખાડુ તુને પરદુખભંજન જાણો મુને માહારા મનનો ભાગુ ભેદ, તોજાણોસત બોલ્યા છે વેદ;મનના મનોરથ તમને દેઉ, અંન ઉદક મુખ ત્યારે લેઉ, વીક્રમેમુખથી વાચા કહી, તે પ્રધાને સાચી લહી; સંતોખ્યો તેને દેઈ માન, વળી ચેતના આવી સાન,રહ્યા બે તે સ્થાનક ઠરિ, આપ વીઅતની ગુજ્જ કરી,રાત અરધ ગઇ જેટલે, નઉકા તરતઆવ્યું તેટલે. અગન તેજ અંધારે જશું, દિઠું રાજાએ નઉકા તસું. જેમ આભમાંથી નીકળે રવી, તેમ ઝળકારે ઉદોતજ હવિ; જળાદળ તેજ આકાશે થયું; તે દેખી રાયનું દુખડુગયું;

જેમ પહેલી કહિતિ વાત, તેવિ પ્રતક્ષ દીઠી સાક્ષાત, આ દુખીયાનો શો કહુ વાંક, આ શોભા તે આડો આંક; નઉિકા નાર કો નવલી પેર,તે દેખી પ્રધાનને લાગી લેહેર.મોહ પામ્યો પડયો તે ધરણ,ગયું ચૈતન હલાવે અરણ;મોહ નવ પામ્યો વિકરમ વિર રાખી આપ રૂદેમાં ધીર. અજીત એકાંતે રાજા રહયો.તેનો મોહ રૂદેમાં સહયો, તેડે નઉિકા રાખ્યું ઠરિ,તે નારી હેઠી ઉતરિ: જોબન વેશ છુટા કરિ કેશ, વાડી માંહે કીધો પરવેશ;વિણ્યાં પુષ્પ તીહાં ખોળો ભરિ,તેણીએ સોહેની પુજા કરી.એક ઘડી તે સ્થાનક રહિ,નઉિકામાં જાવા તતપર થઇ,વિક્રમે વિચાર કીધો મનમાંહ, નઉિકા નારિ જાએ કયાંહ; નઉિકામાં પૃથ્વીનું પીઠ, પ્રતક્ષ સરવે નજરે દીઠ એ કારમી વિદ્યા છે અશ્વમેવ, કરિ ગયો કોઇ દીસે દેવ, વ્યંતર વેશી કે શાકણી, જક્ષ કીનર દાનવ ડાકણી; શિદ્ધજકત કે મોહની: તરૂણી કે પુત્રી કોઇની, એનિ ચરચા જુગતે જોઉિ, માહારા મનનો સંદેહ ખોડિ; આસુ વિમાસણ કરિ, બેઠા નઉિકા માંહે ઠરિ; અદ્રષ્ટ વિદ્યા આપે હોય,રાજાને નવ દેખે કોય.એટલે આવિ તે યામનિ,એવિ નહી ભુતળ ભામનિ;બેઠી નાવમાં તેનો જઇ, દ્રઢ ચીત પોતે મન થઇ, ખેડયું નાવ નવ લાગી વાર; ગઇ છે અરણુવ બેટને ઠાર. આપે નાર ઉતરિ તે ઠાર; ગઇ આપ પોતે દરબાર;ગુફા એક મોટી તે ઠામ, ઘેવર પાર છે તેનું નામ; ચાલી આપ એકલી તે પેઠી તે ઘેવર ઘરમાંહ; પુંઠે થયો તે વિક્રમ વિર, રાખિ આપ રૂદેમાં ધીર, સમરિ હરસિદ્ધ ચંડિમાત, જે પ્રતાપે ન કરે ઘાત; સુંદર ત્યાં સજ્યા ગાદરિ, તઉિપર બેઠી સુંદરિ;તે પાસે છે બીજી સખી કરે વાત માંહો માંહી મુખી;હસે રમેને કરે કલોલ,મુખ ભરયાં બીડાં તંબોળ,ઉતારિ મુકયા શણગાર તજ્યો કંઠ મુકતાનો હાર. નગ્ન થઇ સુવા કારણે, તવ વિક્રમ રહયો બારણે; પરનારિ સહોદર સહિ, આપ રૂદે વિચાર્યું તહીં, રહયો મીંચી બે આપે નેન, જોયાં નહિ નારિનાં ચેન. તે સુતાં બે આપે સતી, પ્રગટ થયો ત્યારે પુરપતી; કર્યું આપે વિક્રમનું રૂપ, સજ્યા આગળ ઉભો ભુપ, દીપક જોત બળે છે ઘણિ, ત્યાં જઇ ઉભો ઉજેણિ ધણિ, બેઉ નારિએ દીઠા તેહ સ્વરૂપ રાય માનવીની દેહ ઝબકીને જાગી બે નાર,ભય પામી મન કરયો વિચાર;કુણ છે તું કેમ આવ્યો આંહ, સુના મારા મંદીર માંહ;ચોર લંપટ કે છો ધુત ડાકણ ખેતર કે વ્યતંર ભુત,સત્ય બોલ પુછું છું હું,નવ બોલીશ કાંઈ જુઠું તું;તાહરો ખુટયો દીસે કાળ,આવશે હમણાં મારો બાપ;જો આવે છે મારો તાત, તો તે તારી કરશે ઘાત.માટે આયુશ તું હારિયો; તારે મોતે તુને મારીયો; આવરદા તુજ આવી રહયો,સુખ વહેતા પાણિમા ગયો;માટે તું તો સાચું બોલ,તાહરા રૂદેના પડદા ખોલ,અરૂણઉદે હોશે જ્યાહરે,તુને પીલી મારે તાહરે. માટે વચન કહોને મુખ, કહો વિગત સુખ છે કે દુખ. એવી વાત સાંભળી છે જેહ, મહીપત મન વિચારે તેહ. ત્યારે વિક્રમ બોલ્યા વાણ, મુજને માહાવિરજ

જાણુ, પ્રથમ નામ કહો તમારૂં,ત્યાર પુઠે પુછો માહરૂં; કુણુતાતને કુણુજ માત, કહો આપ વિગતનિ વાત,જથારથ જે હોય બ્રહ્મહત્યા પાપ, જનમથકિ માંડિને જેહ, વિગત વાત નકહો સંદેહ;ત્યારપુઠે કહેશુ જીઅમો,મન ગમે તે પુછો તમો. દોહરા- નારિ કહેસુણુનરપતિ,કહુતુજ આગળઆજ;સમદ્રિષે સાચું કહું,મહેલિ મનનિલાજ, ધનવંતશાનિ દીકરિ,સામિક પુરમાં વાસ;રામાપતિ નગ્ર વિખે;રામસંઘછે બાપ; રેહતી નિત આનંદશું,શાહ શીરોમણ નામ; રામ ભદ્રરાજા તણું,કરતી વજીરિ કામ,દળ પરાઠિ આવિયું, વીંટયો માહરો દેશ જેધાસહુ ચડયા ગામતણા નરેશ;ખટમાસ અમે હીંડ રહયા હાર્યો અવીપત રાશ; પ્રજા નાઠી સહુ નગ્રનિ, સહુકો દોદશ જાય રણમાં અન નવ મળ્યું સંતાપ્યુ શહુ દેહ; રાય પ્રધાનિ પુત્રિયો નાઠાં અમો એએય રમતાં હુતા જેટણે એટલે પડિયો ત્રાસ;વાટ જેવા અમો નવ રહ્યા,માતપીતાને પાસ સઉ નાંઠા ઉતર દશા,અમો બે દક્ષણ પંથ,નાહો નવ જેયું ધરિ ન ગણિ મનમાં ચંત;એક એક રાત એક દીન ભમ્યા આવ્યું ભયાનક વન;એટલે મારગમાં મળ્યો એકરાક્ષસ કેરોતન; તે દેખી ધરૂજ્યા અમો, પડીયાં બેઉ જણ ધરણ. તેણે આસ્વાગત કરિ,અમને લીધાં શરણ,બેઉને ખંધે ઘાલિયાં,ને ઉડયાં આકાશ, એક પલકમાં આણિયાં, આ અરણવ પાસ, ખાન પાન સુખ સંજડિ, નાહના વિધના ભોગ. મોહોટૂ અમને એક દુખ, માત પીતાના વિજેગ, ઉણપતો એકે નથી,સુખ છે સાગરપુર. એક દુખ દેહમાં,અમ સહોદર દુર. એનો વિગત અમ તણું, પણ તાહરો ઉચાટ, આવશે તાત હમારડો, તાહરો ઘટશે ઘાટ. દીસો છો કોઈ રાજવિ, પવિત્ર પોતે જાત,ડહાપણ તો દિસે ઘણું,પણ હોશે તુજ ઘાત. કુણ પાપ તુજ પ્રગટીયું,કે ગ્રહ વાંકા તુજ,કુણ અરથે આવ્યા તમો, તેહ બતાવો મુજ. મેં વીગત માહારૂ કહ્યુ, તમ આગળ આ દીશ, તેમ સાચુ તમો ના કહો, સ્ત્રી હત્યા તમ શીશ. ચોપાઈ—રાજા બોલ્યો તુણે ઠાર.બેઠી સાંભળવા બે નાર,જુઠી વાત નવ બોલું અમો, દ્રઢ વીશ્વાશ માનોજી તમો.નગ્ર ઉજેણિ માહરૂં ગામ,વીરજીત વીક્રમ માહરૂં નામ, શેવક માત હરશીધ તણો, ઇશ્વર ઉપર નેહ છે ઘણો, આદે ઇંદ્રિ તણોછુ પુત્ર,હવડાં આનવ વંશે સુત્ર, ત્રિજો છે વિર વઇતાર. જાઉ સ્વરગ ગતિ પાતાળ. ગઉબ્રાહ્મણની વારે ચડું, પાપી દુષ્ટનો ઘાટજ ઘડુ, માહરે નહી કોનિ શીર બીક, ઇષ્ટ પ્રતાપે અંગ અજીત, જાચકને ગમતી દેઉ લાહાણ, પરકાજે આપુંછુ પ્રાણ, દુખ ભંજન કરૂં પરકામ, જાણે સહુ નવખંડે નામ.મુખે ઓપમા શી કહુ અમો,વીસ વશા જાણોછો તમો, રંકનો રંક દુખીયાનો દાસ,કરૂંછું એક અંબાની આશ,જાચક પુજન રૈયતને નમુ, અસધિ અન્યાઇને દમુ,એ ઓળખીલો માહારિ જાત.આવ્યાનુ કારણ કહુ વાત, પરદુખ દેખી પ્રથમ જાઉં, અંન ઉદક વળતી હું ખાઉં,એક દીવસ મહારા પ્રધાન,ભરી સભામાં દીધાં માન . તેણે જુગતે જેડયા હાથ, બોલ્યો દીન વચન

મુજ સાથ;મેં કહયું માગોજી તમો, નિસ્ચે તે તો આપુ અમો. કહે પ્રધાન આજ્ઞા દીજીએ, જાત્રા સ્વેતબંધુ કીજીએ; પાળે પગલે કોહોતો જાઉ.ગુણ શ્રી રામેશ્વરના ગાઉ.મેં તેને વરદાનજ દીધ, મને પંથ કરચો છે સિધ; તે વાતને બહુ દીન ગયા, ઉચાટ સહુ સજનને થયા. કાગળ પત્ર નહી ત્યાંહ ચીંતા કરે એના ઘરમાંહ,એક દિવસ તજયું મેં રાજ,ભમ્યો ગામની ચરચા કાજ,તે પ્રધાન કેરી નાર,રૂદન કરતી ઘર મોઝાર; રોતી રાખી મેં પ્રીત કરી, ત્યારે તે બોલી સુંદરી, કહે મારા સ્વામીને ગયા,વરસ સાત તો વેગે ગયાં; કોઇ અપવાદ બેઠી છે ગાળ,લોક મને ચડાવે આળ. માટેઅથાગ રાતે રોઉ,આપઘાત કરી પ્રાણજ ખોઉ, મેં દીધીછે તેને આશ, જોજે વાટ પુરા ખટમાસ. આંવુસઘ મનાવું મન,ત્યાર પછી લેઉ જળ અંન;આસના વાસના દેઇને વળ્યો; દક્ષણા પાળે પંથે પળ્યો શોધ લેવા આવ્યો છું અમો, જ્યાંહાં નીતવાડી જાઓતમો;ત્યાંહાં પ્રધાન પડયો તાહરો;તેને મોહ લાગ્યો તાહરો, તે દુખીયો થઈ વાડીમાં પડયો,કાલ અમારી દ્રષ્ટે ચડયો,તેના દુખનો લિધો પાર, ત્યારે તે બોલ્યો વેહેવાર, નઉકા વરૂક્ષ મનોહર સતી; અલૌકિક શોભાછે અતી;તે જોતાં તપેછે તન, લુબ્ધ થઇ રહ્યું છે મન. નહિ તને મન મોહોક પણું, નઉિકા જોવા હુંશજ ઘણું,સમદીવાતો સાચું કહ્યું ત્યાંથી જાણ તો અમને થયું,હું રહયો વાડી માંહ; નઉિકા સહીત તુ આવિ તાંહ;એ દ્રષ્ટ વિધા આપે કરિ,બેઠો નઉિકામાંહે ડરી. ચરચા જોઇ તમને પરખીયાં,માહાંરા અંતકરણ હરખીયાં, પ્રધાન ઉપરઅદકુ હેત, લેઈ જાશુ નઉિકા વ્રક્ષ સમેત, દેખાડિ માગીશું દાજ, મહારે કરવું એનું કાજ, લખ્યું વિધાતાનુ તે થયું,નઉિકા તાહારેથી ગયું.

દોહરા—તાહરે બોલવાં તારૂણી, સાંભળ ભારે ભુપ; જ્યાં લગી ગાજે તમો.નથી દીઠો રાક્ષસ રૂપ, પરછંદે પર્વત ગડે,ગડે દશ દીગપાળ;પગ પ્રહારે ધરૂજે ધરા,એવો ભયાનક કાળ, મારયો કોનો નવ મરે. પર્વત જેવો દેહ; અમર કિધો અમરે મળી, અજીત નામછે તેહ,તેહવડાંજે આવશે.કરશે તમારી ઘાત.શું જોરકરેઇષ્ટિ ઉપાસના કરે હરહીવ માત; અમરજ એથી ઓસરે, ત્યાં તારૂપું જોર,રાખો હુંથ હઠિ વિખે, મીથ્યા લવરી શોર. વીક્રમ કહે વીનતા સુણો, કોણ રાક્ષસની રીત;અમર કીધો અમને મળી, કીયા દીવસની પ્રીત, એ નઉિકા કયાંથી પામીયો, કયાંથી પામ્યો ઝાડ, કુણ ઇષ્ટ ઉપાસના,જે કરે એ બહુ લાડ. શો ગુણ એ નઉિકા વિખે,શો ગુણ વ્રક્ષમાં હોય. શાં ફળ એથી નિપજે. પ્રગટ પારખું જેય,રાક્ષસ કયમ અમર થયો, આખર મરશે કયમ,તેજે સાચુ કહો નહી,તો સત બ્રહ્મહત્યા સમ,રામ દવાઇ દેઇ તુને. ઇષ્ટ દેવની આણ;ઉતપત કહો એ દુષ્ટની, બોલો સાચી વાણ.ચોપાઈ—રામા કહે સાંભળરે રાય,સમ દિધાં તે કુણ ઉપાય;લુણ ખાઇએ છીએ અમો,તેનું મોહોત પુછોછોતમો લુણ હરામ જો અંગે અડે,તેના પીત્રી નરકે પડે;લુણ હરામનુ મોહો-

રૂં પાપ, ઇષ્ટદેવ દે અમને શ્રાપ. મારે શી અમારે ગરજ. તુજ આગળ કહીયે શી અરજ; શીતે બેઠ અમ આગળ ધરો. શુ અમને તમો નાહાલજ કરો,એક વાતનું અમને કાજ,તે કહેતાં આવે લાજ.લાજે કામ વણસેછે રાય.માગ્યાવીના નવ પીરસે માય. માહરે હાથે કોલજ ધરો. અમ બે સ્ત્રીને આપે વરો;પવીત્ર દેહછું જોબન ભાગ, એક બતાવું રૂડો લાગ;તુજમાં બળ દિસેછે અતી શીળ શંતોશ દાતામહીપતી,દિસેછે તુજ મોહોટું, કર્મ,સદ ઇશ્વર રાખે તુજ ધર્મ,જોયાં સામુદ્રીક એધાણ, વિક્રમરાય તું સતસુજાણ,અરજુન થકી અધીકાં તે ચેહેન;આજાન બાહુ કમળવંત નેન.ઉતાવળો થઇ બાલજ બોલ, અમ સાનીધ આપો કોલ.પછે વચન દેઉ હું તરત, રાક્ષસનું બતાવું મરત હસ્તીથી જે અરથ ન સરે, તે વરના ઉંદરથી મરે. દોહરા—વિકરમે મન વિચારીયુ,કરવો એક ઉપાય,વાજે એવું વાજીએ.તો હોયે જઅદાર,વાચા પાળે માહરી, એહ વચન દે હાય, રિસ ન રાખે અંગમાં,હું પરણું તે સાથ. માગુ શીશ હાજર કરે વાગુ મુલે વેચાય. ફરી વાત પુછે નહી,માહરીસ્ત્રીથાય; વચન સુણી વનીતા હરખ્યાં,મન વશી તે વાત. વચન દિધું એક એકને,સુણિ માંરો માંહ ખ્યાત.

ચોપાઇ—રાણી કહે સાંભળરે રાય,એ રાક્ષસનો જે મહીમાય,લંકાસરખું અતી શુભ ગામ. લક્ષમણ પુર છે તેનું નામ, રાવણ જીતી પાછા ફરયા,દુદંભી નાદ શ્રી રામે કરયા, ત્રણ જાંણે વારયાં ત્રણ ગામ,આપ આપણાં ધરયા છે નામ,ત્યાં વસ્યા સતવાદી લોક, સદા હરખ નહી કાંને શોક, નીરભે નિરોગી તેની દેહ, મનવાંછીત વસે જો મેહ, નહિ ત્યાંહાં તો આણ લક્ષમણનિ ફરે, આવે દુષ્ટ કોઇ કપટ કરી,પુર પેસતામાં જાયે મરી,છયે રૂતુ ખીલે એક કાળ, ફળે વનસ્પતિ ભાર અઢાર, દેવ સરીખા સરવે જન, એવું નગ્ર ત્યાં નહી વિઘ્ન. તે સમે સાગરની તીર, રહેતો આ રાક્ષસનો વિર, મોહોટો બંધવ તેનો નષ્ટ,દેના બ્રહ્મ રૂખીને કષ્ટ; ગોબ્રાહ્મણને વેગે હણે, પુન્ય દયા હઇડે નવ ગણે, પાપી મહા વેરી છાપ, નીત પ્રતે કરે બહુ પાપ, તેણે એવું હઇડે ધરયું,લક્ષમણ પુર તે ઉદય કરૂં,એવી વીચારી મનમાં પેર,દીવસ ઉગમતે આવ્યો ઘેર, બેઠા માતા પીતાને ભ્રાત. તે આગળ માંડી કહિવાત,સહુ માહારી સાથે સંચરો,લક્ષમણપુર સાથે પરવરો. મહા શોભા તે ગામજ તણી,વનવાડી ફુલીછે ઘણી, સુંદર મહેલ રચ્યો છે જ્યાંય,આપણ સઉ વશીએ જઈ ત્યાંહ, સઉકાને પમાડુ શોક,નાશી જશે ત્યાં સરવે લોક. તેને દુઃખ અદકું દેઈશું, ધનસરવે ખુંચી લેઈ શું,એવો ઘાટ તે ઘરમાં ઘડયો. નાહાના ભાઇને કોપજ ચડયો,એ વાત તું જુઠી કરે, વણ વેઠે જાણું છું મરે.રાવણ કેરાં છેદ્યાં શીશ. જેને માથે હુતા દશ,ઇંદ્રજીતથી ઇંદ્રજ હારીયો,લક્ષમણજીએ તે મારીયો,એનું બળ છે અપરમપાર મુકી છાંડો એ વીચાર,તેનું તો વારયું નવ કરયું,પુરમાં જાવાનું મન ધરયું કુદું જો

કુબાલો તેડયો સંગ,આપે આયુધબીડયાં અંગ. સકળસાથનેકેડેગયો નહાનોબંધવ બહારે રહયો;લક્ષમણની ફરે જે આયુજેવું સુદર્શનચક્રજ જાણ;પુરપ્રવેશ કરેજેટલે, બાળી ભસ્મ કરયો તેટલે,દેવદુધંમીના વાગ્યા નાર.ગામ મધે થયો ઉલાસ,રાક્ષસ મનની ધાતજથઇ. ખબર નાહાના બંધવને ગઇ, તેણે નયણે નિરજ ભરયું દુઃખ અંતઃકરણમાં ધરયું; તેણે મનમાં રાખ્યો ખાર, નવ સુજે એક વિચાર; કીયેપ્રકાર વહેરજ લેઉ ભારે દંડ લોકોને દેઉ લોકો ઉપર ભેરજ કરૂ, કુટુંબ સાહુની પેરે મરૂં.

દોહરા—તે સ્થાનક આસન દ્રઢ કરી, રાક્ષસ બેઠો ઠામે કરી; શીતકાળે જળમાં જઇ રહે, વરશાકાળે ઓગહે સહે પંચા અગ્નિ ઉનાળામાંય, દહીત કષ્ટ વેઠે છે ત્યાંહ. પુજન કરતે દીન બહુ ગયા. તોયે શીવનેના આવી દયા, નવરાત્રીની હુતાત રાત, રમવા આવ્યાં પારવતિ માત; અંગ શણગાર સજ્યાછે સોળ, જેગણિ સંગ કરે કલોલ; દુષ્ટ બેઠો તે રકંજ થઈ, ગરબા માત તે પાસે ગઇ;કાયા કરૂપ દીઠી તે તણિ, દયા દેવને આવી ઘણી; ઉઠાડીને ઉભો કરયો, તે ઉપર નેહ અદકો ધરયો, કહે વીગત તાહારૂં તુ આજ, આ સ્થાનક બેઠો કુણ કાજ, ત્યારે દુષ્ટે જોડયાહાથ, બોલ્યો ને પારવતી સાથ, કરી શેવાશંભુનિ ઘણી, અરજ નથી સુણતા મુજતણિ. એ વરદાન આપોજી માય, જેથી શંભુ પ્રસન થાય, વારૂ કહી કરૂણાનીધ ગયાં,અજીતેશ્વર પાશે જઇ રહયાં, શીવજી વીરાજે ભોળાનાથ.ત્યાં આવ્યાં પારવતી માત, અરધ પાદથી પુજન કિધ; ચરણાંમ્રત સહુ મુસ્તક લીધ;પ્રસન થયા ત્રિલોકજપતી, કાંઇ વરદાન માંગો શુભ સતી; માહારાજ તમ સરખો શીર નાવ, નિત લાખેણું માહારે લાવ. એક બહાર બેઠો છે રંક, એના કરમનો શો છે વાંક, આપોવરદાન તો સામા જાઓ. મારા કહયાથી પ્રસન થાઓ; ત્યારે શિવ કહે સાંભળ નાર. એ પાપીછે અમમપાર.એનો શોક તો ત્યારે સમે,લક્ષમણ પુરને ઉધ્વસ કરે.એવીહુંશ હઇયામાં ધરે. માટે એ મુજને નહી ગમે, બીજુ કહોતે મુસ્તક લઉ, વરદાન એને તો નહી દેઉ, ફરી ફરિ પારવતી કહે, મતી ઉતર તેનો તે દે; સ્ત્રીને હાને શિવ કહે નાય, અરસપરસ સ્પરધા એમ થાય, કહી કહિને થાકયા સુંદરિ,શિવે વાત રૂદેનવ ધરિ. ત્રિપુરા સુંદરિ આવ્યો બાહાર બેઠો તો રાક્ષસ જે ઠાર. તુજ માટેમેં શિવને કહયું, ચિંતામણિએ ચીત નવ લહયું; મુજથી અપાય તે આપું હું,જોઇએમાગી લેને તું, કહે દઈત સાંભળ મુજ માત; પ્રસંન કરવા છે ભોળોનાથ પ્રસન પરબ્રહ્મ મુજને થાય, સીધ બતાવો ઉપાય દોહરા—કહે કલ્યાણિ સાંભળો રાક્ષસ કેરારાય, કામ કરવુ હોય સરવથા. તો મળી યાચક જાઓ ત્યાંહાં વાડી છે હેમાન, કનક રતન કઇ કરોડ; તે મધ્યે એક વ્રક્ષ છે, બાવનાચંદન જોડ; તે ચંદન શિવશિર ચડે તો સરે તમારૂ કાજ કઇલાશ સહીત નવખંડનું, હવડાં આપે રાજ; ત્યારે રાક્ષસ

બોલીયો, તેમાં શો ગુણ હોય, પુજા બાવન ચંદન તણિ, શું તાંહિ કરતા હોય,

ચોપાઈ–કહે પારવતી સાંભળ ભરાત, બાવતચંદનની કહુવાત; બ્રહ્માએ સરજ્યો છે એક, નહી બીજો તે જોડ વશેક, રાજા સકળ સુગંધી તણો મહિમા તેઅતિ ઘણો, કહેતાં મહીમા નવ કહેવાય,મહેશ દેવ દાનવ જાય;જે નાગને માથેહોય, મણિ, તે રક્ષા કરે વ્રક્ષજ તણી; કઇ કોટાનકોટીને લક્ષ.નાગરહ્યા તેણે વ્રક્ષ એક, જોજન ઉચો ગંભુર બાવના ચંદન મળીયાચળ તિર; પાંદડે ને ડાળે ડાળ, વળગ્યા માક ભયાનક કાળ,નથી જણાતું તેને વાન. કેવો વ્રક્ષને કેવું પાન;સત વરસ નાગજ થયા,તેને પાંખઆવે નિજ કાય. તે અંતરિક્ષ આકાશે ભમે, મળીઆચાળ પરવત ભમે, સુગંધ કારણ રહે તે તીર, અન આહાર નવ જોઇએ નીર દશ જોજન ફરતા છે નાગ; નહી પણ મેલ્યા કેરો માગ; દુર વરક્ષ શો જોજન ઘણા અડે વાયુ તે દશજ ઘણા સુગંધ અડે તે સુખડ થાય એવો છે તેનો મહીમાય પારવતી કહે સાંભળ એહ, નીસ્ચે ચ દન લાવો તેહ.

દોહરા–શીવને શીશ મહા વીખ છે, રાત દીવસ બહુ ઝાળ. તેણે કરીનેદેહમાં, વ્યાપે છે મહા કાળ આપે ચંદન બાવના, સમરપે શીવનેશીશ; તો પરી બ્રહ્મપ્રસન થશે, એ સેવક તું ઇશ પછે ઉણમ નહી કશી મનવાંછીત વર માગ. કઇલાશ સહીત એ આપશે, નહી રાખે રહેવા જાગ. બાકી ઉપાય બીજો નથી. મેં જોયું બહુ પેર; જો ગમે તો એ કરો, નહીતર જાઓ ઘેર. દુષ્ટ હશીને બોલીઓ, માહરો ઘડીઓ ઘાટ; જોજો શીવ પ્રસન થવા. દેખાડે છે વાટ.

ચોપાઇ–કહે પારવતી સાંભળ પુત્ર તુજઆગળ કહુ સાચુ સુત્ર; નાગજીતમંત્ર આપુ હું, એ પ્રતાપ્ર જાઇશ તું; નહી લે કોઇ તાહારૂ નામ, મનવાંછીત થાશે તુજ કામ. અન જમાડયો પાયુ નીર, હેને કરીને દીધાં ધીર; આપ્યો મંત્ર નાગ જીતજ તણો, આણ્વો નેહ માતાએ ઘણો;મળીયાચળ પરવત એકવાર, માહારો મંત્રફરશે તે ઠાર: જ્યારે તાહરૂ દુખડુ જસે, પછે મંત્ર એ ખોટો થશે, સખી મોકલી એકપોતે સાથ, ઉડણ મણિ એક આપ્યો હાથ. આજ્ઞા ઉમીયાજીની લીધ, કર્યો પંથ પોતે સીધ;મંત્ર માતાને મુખથી ભણ્યો, ભો કોઇનો લેખે નવ ગણ્યો; મળીયાચળસમીપે જાય, દીઠી ત્યાં એક નઉતમ શોભાય, નહીં પગ મેહેલણ કેરો માગ,વીસજોજન સુધી છે નાગ વાયુ તણુ તે ભક્ષણ કરે. ચંદન પ્રેમલ હઇડે ધરે. તેહ વ્રક્ષનોપ્રેમલ જેહ દેવતાને દુર્લભ છે તેહ; બ્રહ્માએ ઘડયાં છે કરોડ, નથી વ્રક્ષ કંઇ એની જોડ, નાગવીના નહી કો સંમ, નથી જણાતો તેનો દમ કાળો પરવત હોયે જેમ, ચંદન વ્રક્ષ દીસે છે તેમ; આવે બ્હેક સુગંધી તણો, માટે છોડ એ ચંદન તણો, તે જોતા મોહાયે મન કોડ, વચે ચંદન વ્રક્ષનો છે છોડ; ડાબો મળીયાચળ ગંભીર, જમણુ અરણુવ કેરૂ નીર.્ઉમીયા મંત્ર તણો પ્રતાપ, આવ્યો દાનવ આપો આપ; ત્રષા

નિદ્રા નવ લાગે ભુખ, ન વાધે દેહમાં કાંઇ દુખ. દેવતા અંતરીક્ષ આવે સર્વ, દેહ તણો મેલીને ગરવ, ઇંદ્ર તજીને રાજ, પ્રિતે પ્રમદા લેવા કાજ, પુરવ જનમને સંચે કરી,રહ્યો દાનવ તે મનમા ઠરી. ભણ્યોમંત્રને પુજા કીધ, ચંદન ચોખા ભાર લીધ, ફરયો પાછો મન પોહોતી આશ,આવ્યા ઉમીયાજીને પાસ;તમ પ્રતાપે અહિં આવીયો,ભાવના ચંદન તે લાવીયો,ચડાવ શંકર કરે ઇશ,પ્રશન થશે તને ભોળોઇશ વચન માતાનું મસ્તક ધરયું,પુજન પરમેશ્વરનું કરયું પંચામ્રત પખાળીજ કરી,ચંદન અરચ્યુ શંકર હરી; શીવને શીશ અગનની ઝાળ, તેને પીડાનો નહી પાર. વેદનાતો લક્ષ વીંછી તણી,તેની વ્યથા શંભુને ઘણી, ચંદન અરચે દુખડુ ગયું,શીવનું શીશ તે શીતળ થયું. પ્રસન થયા તે ભોળો નાથ, મુકયો મુસ્તક ઉપર હાથ; માગ માગ આણીને હેત, આપુ લંકાવડ સમેત; આપુ ચઉદ ભુવનનું રાજ, નવી શ્રષ્ટી કરૂં તુજ કાજ,કહે તો ઇંદ્રાશન આપીએ,કહેતો શીવ કરી થાપીએ;કહે તો વસુ વઇકુંઠ આમ,કહે તો પાડુ બ્રહ્મા નામ; કહે તો તુને આપુ રથ,મન માગ્યુ આપવા સમરથ, માગ ઉણમ નવ રાખીશ કશી,તાહરી ભક્તિ મુજ મન વશી;ત્યારે દૈતે જોડયા હાથ, માગ્યુ આપો ભોળાનાથ; એવી હુશ હઇડામાં ધરૂ, લક્ષણમરને ઉદવશ કરૂ;ખટગ લેઇને પુરમા ધસુ,લક્ષમણ મોહોલે હું જઇ વસુ;સામો જે બાંધે. હથીયાર કર પ્રાજે તેણે ઠાર;ન કોઇનો મારયો હું,કરો અજીત ચરણજીવી હું; તે નગ્રનું પામુ રાજ, ત્યારે મનની જાએ દાઝ;શીવ પ્રતે રાક્ષસ કહે વાત, એવું વરદાન આપો તે તાત.

દોહરો–પરમેશ્વર પ્રશાન થયા, ચરણજીવી તું જાણ;લક્ષમણપુર વશ તાહરે, આયુદ્ધ ધરને પાણ. રામબાણ લોપે નહિ, નવ લોપે ચક્ર ત્રીશુળ;વેહેર કરે તુજને મળી, તેના છેદુ મુળ. હાથ મારો તુજ ઉપર, નહી લોપે તુને કોય;અજીત અતગી બળ સમો,ચરણજીવી તું હોય.કોઇ શેવક પ્રગટશે.કરે પુજા દે માન; ચડાવે ચદન ભાવના, ત્યાં લગી વરદાન.ચોપાઇ—શેવક કોઇ પ્રગટ માહરો, તે વેરી જાણો તાહરો; ચદન મળીયાચળ લાવશે;પાછો આ સ્થાનકે આવશે; મારી પુજા કરશે કોડ, તે તુજ સાથ જીતે હોડ, બાકી જીતે નહી તુજ સાથ, એક વચન આપુ તુજ હાથ. ઉઠયો દહિત પગે લાગીયો,મન વાંછીત વર તે માગીયો; તાજા થઇ બાંધ્યાં હથીયાર, ક્ષણુ ન લાગી તેને વાર. લક્ષમણ પુરની દેશ વળ્યા, એટલે બ્રાહ્મણ સામા મળ્યા; કેહેરે બ્રાહ્મણ છે કયાંહ, એમ કહી ઝાલી છે બાંહ.અરે દહીત તુ મુકજ મને,લક્ષમણનું ચક્રમારે તુને;દહીત કહે દેખાડો ગામ, નહીતર તુજને મારૂ ઠામ. પાડી બુમ વીપ્રે બહુ ત્યાંહ,પોકાર સુણયો લક્ષમણપુર માંહ;ધાઇ આવ્યા પુરના રખવાળ,બાણ ત્રીશુળ આયુદ્ધ માહાકાળ.શીવનું તેજ દીઠું અતી ઘણું, નવ ચાલ્યું બળ કોઇ તણું;પામ્યા હાર સઉ પાએ નમ્યા,તેને દહીતે અકડુ દમ્યા.તેની સ્તુતી [illegible] ઘણી, અમારા પુરનો તું તો ધણી; અમો સહુ શેવક તાહારા, તમો દેશપતી માહારા છો;

નારીએ નાંખ્યો દ્વાર ઉતરી બારિયે પ્રીછા અમો પુઠળથી પેર, માનની ગઇ માલણને ઘેર; ત્યાંહાં વિપ્ર પોઢયો તો આપ, તેને પગે ડસ્યો સાપ, તે વીપતો પામ્યો પ્રત ઉતર્યો એક વડથી યક્ષ તર્ત. કર્યા પ્રવેશ કાયા જોગવિ, ભામની તે ભુતે ભોગવિ. પોતે ઝાડ ચડયો જ્યાહરે, કરડી નાક ખાધું તાહરે, દુખ પામી નારી તે ઘડી. પ્રેમદા ગળે પતિને પડી, માલણસની શીખવી આવી ઘેર;પછે કરી પેમદાએ પેર; પાડી બુમ જાગ્યાં માબાપ, રાજદ્વારે આવ્યા આપ, તે પારખુ જુગેતે જુઓ; પાણિ પોતાનું શાને ખુઓ, તે વાતનું તરસે ધારમ, મુઓછે બ્રાહ્મણ માણસને કરમ, ગયો રાય તે જોવા કારણે; પડયો વીપ્ર મારણને બારણે, તેના મુખમાં દીઠું નાક. સાચુ માન્યું તસ્કરનું વાકય, ચાર ચોરને સાચા કીધ; તે ચારને સરપાવ દીધ,શામા શુળીએ દીધા જ્યાહરે, સ્વામી ઉગર્યા તાહરે.મુકાવિ જીવતી તે આપ; એ ભોગવશે એનું પાપ, કહે પોપટ સાંભળરે રાય. એવો નારીનો અન્યાય,દીઠી વાત કહુ કામાન કુડામાં કુડી કામનિજાગે વીશ વશા વિનાતાનો વાંક, ભુંડી ભામની આડે આંક.

દોહરા—મેના કહે મારૂ સુણો;ભુંડું ભુંડા ઘેર; મારૂ વ્રત કોણે ભાગીયું; તેની ત શી પેર. પ્રાણ તજુ હું માહરો. આપુ હત્યા તુજ; જોરાવરિ જારી રમ્યો, દોશ દે છે એ મુજ. ચોપાઇ—શેઠ શેઠાણી સાંભળો બેય,શુક સાથે સબળો છે નેહ; હક તે એક કરોજી કાજ; રખે રાખો કોઇની લાજ,બ્રહ્મહત્યાદીક પાતિક તુને, કરી ન્યાય દેખાડો તુને; પોપટને દો ઘણીજ વિર, ધરમ વાત તણિ જે ધીર; બેમાં હોયે જેનો વાંક, દો શુળીએ આડે આંક; શેઠ કહે શુક સાંભળ વાત, ખરી કહે અમ આગળ ખ્યાત, તારા મનમાં તે શું હતું; તે અમ આગળ કરવું છતું. તમને ઇશ્વરની છે આણ, જો મુખ બોલો જુઠી વાણ; કહે શુક માંભલરે શેઠ, જુઠી વાત કહું નહિ નેટ. એકઠાં ઘાલ્યા બંને નરનાર, થતો અન્યાય આ ઠાર, હાવ ભાવ હેતથી કરો હેતે આસપાસ હરો, મેં વિચારીયું મારૂં મન; એક જાતી પખીછું જન; જે મેના કહે તો કરૂં વિનય કરી વીનાતાને વરૂં પંખીને પરણ્યાની પ્રીત. હેતે કહું ત્યાં રૂડીરીત,દિઠી રૂડી એની દેહ, નારી સાથે કરયો મેં નેહ જાણ્યું રાખશે છાની વાત, એનો થઇ ગુણકાની જાત, એણીએ મનમાં ન ગણી લાજ; કર્યું કામનીએ કાજ, કામની કહે તેતો હું કરૂં. વનિતા હેતે કહે તે વરૂ, એનો હોંશ છે મન માહરી. પુછે મેના રાણી તાહરી, શેઠાણી કહે સાંભળ સતી; લાજ ન રાખીશ રજ રતી, તારા મનની કહેરે વાત; સોંપુ શુકરે તાહને હાથ, જો ગમેતો અવગુણ સાંખ, જો ગમે તો મારી નાંખ, તારી દાઝ ઓલાશે કેમ; સાળું કહે તું મારા સમ, સારિકા કહે શેઠાણી સુણો. ભાર એવડે શાને ભણે, મુજને તો એ ઉપર ખાર, મારી નાખું આણી વાર; શું કહીએ શુક એકજ તણો; વ્હાલો પ્રાણથી પોપટ ઘણો; માટે કહ્યું એ મારૂં કરે તોનો પ્રાણ એનો ઉગરે; કહ્યું કરે જો મારૂ આપ, તો વાંક ગુન્હો કરૂં હું માફ.

દોહરા—શેઠ કહે શુક સાંભળો, પીછો તમારી પેર, કહ્યું કરો મુજ માનની તો સુખે ગરો મુજ ઘેર. શુક કહે સાંભળ સારીકા. કહે મન આવે તેહ; પછે પરણું તુજને,પ્રેમે કરશું નેહ. ચોપાઇ—કહે સારીકા તુજથી થાય. તો કહુંતે એક ઉપાય; અહ વાંકા શેઠાણી તણા, શુન્ય સ્થાપન પડમા છે ઘણા, વંચમે મંગળ રોહદે કષ્ટ, સ પુરાનુ શનીશ્વર દેખે દ્રષ્ટ, એ ગરહ જેને જુગત જોય. વનીતા વાંઝણિ નિશ્ચે હોય,જો ગર્ભ ધરેમહાને પેટ;તો જીવનો મુકુ નહી નેટ,બીજુ વચન કહુ તો કરૂં;તો વર વાતો કરીને વરૂ, મિત ધરી રાખું પાસ; મુલે ખરીદી થાઉં દાસ; આજ થકી તો મહીના સાત. શેઠ શરીરે જે એક ઘાત. અચાનકથી મુરછા થશે, ઘડી ચારમાં જીવજ જશે; તેને જીવવાનો ઉપાય. લાગ સોટી જો તુજથી થાય. દોહરા—સારીકા કહે પોપટ સુણો, કરો બેઉનાં કાજ, તો ગણુ હું તુજને,રાખુ તારી લાજ. ન કરે કાજ તો મારૂ, તે ગણું તારૂં પાપ; જોરવરી જુવતી કને, જાર રમ્યો તુજ આપ. ચોપાઇ—ઉગરે શેઠ કરો ઉપાય, તો તું સારો સ્વામિ થાય;સુણુ એનું આશીગણ થાઉ, તો તારી બલીહારી જાઉ.

દોહરા—પ્રતિજ્ઞા પોપટ કરે, રાખે દ્રઢ વિશ્વાસ; જો ઉપાય કરી આવશુ ; પ્રિતે તારૂણિ પાસ; જરૂર જવાદો મુજને, પરહુ રામની પેર.માસ ચારમાં તુજકને આવું, આણ ઘેર. સારીકા કહે તુ સમ કરે. નીશ્ચે નાશી જાય, પછે મરવાને કારણે. શાને પેદા થાય; શુક કહે સાંભળ સુંદરી, કરૂ પ્રતિજ્ઞા આપ, જો ન આવું તારી કને, તો પરલોકાળનું પાપ; ગમન કરે જે ગોત્રમાં ગુરૂ પત્નિ શું રંગ પરઠે સમ પંચ. દેવતા નીંદે ગુરૂને સંગ; વીશ્વાસઘાત વળી જે કરે. ધરે અહંકારી આપ. જો ના આવું તુજ કને, તો બ્રહ્મહત્યા પાપ.

ચોપાઇ—વચમાં ઇશ્વર વચમાં રામ, વચમાં રાખ્યા, સાળીગરામ; સમખાઇ ત્યાંથી વાળ્યો; પખી ઉડીને પંથે પાળ્યો, પોતે વિચારયું પછે ત્યાંહ, ભારે કામ મુજથી કેમ થાય; કરી પ્રતિજ્ઞા ખાધા સમ; ત્યાં ગયા વિના ચાલે કેમ; વીક્રમસેન ઉજેણિ ધણી, તેની કીરતી છે અતી ઘણી. ઘણા લોક પામે છે સુખ, તેને જઇ કહુ મારૂં દુખ. સંકટ સહુ લોકનાં હરે, કદાચ અરથ જો મારો સરે; એ મનમાં રાખી આશા, આવતો તેમાં તારા પાસ. વળી વિચારયું મેંતો મન, સત વાદી રૂડો રાજન; એ આગળ મુકુ કેમ લાજ,પાડુ હળવો સભામાં આજ, એ કામ કેમજ હું કરૂં: અગ્નિ દેહ બાળીને મરૂં એટલા સમ ખાધા તે પળે, ફરી રાંડ પડે નહી ગળે. દવ બળતા દીઠા જાહરે, તેમાં પડનોતો તાહરે; સ્નાન કરી સુર્ય સાખીઓ, સાચી વાત કહિ છે અમો; પુછોછો તો સુણજો તમો, હવે પુરમાં રાજા પરવરયો; જે કરતા તે કામજ કરો, દવમાં પડવાદો મહારાજ, તમે કરા તમારૂ કાજ, આવી વાત સાંભળીછે જ્યાંહ, તતક્ષણ રાજા બોલ્યો તાંહ દોહરા—પૃથ્વિપત

કહે પ્રીતથી પીછો તમારિ પેર; શ્રી ઇશ્વર દુખ ભાગશે; આવ્ય અમારે ઘેર. પ્રીતે ઘાલ્યો પાંજરે, કરયો વાયદો તરત, આશા પુરે અંબીકા, એક માસમાં તરત. એમ ખાઇ સુખીયાં કરયાં,આપ વિચારી મન, આદ્ય શક્તિ તું ઇશ્વરિ ટેકરાખજેતન.

ચોપાઇ–ધ્યાન ઇશ્વરનું મનમાં ધરે; નિત્ય કામ પોતાનું કરે, એક દિવસઆપે અધીપતી, ગયો શીકાર પોતે મહિપતિ; વછોડું સર્વ લશકરનો થયો, રાય એકલો રણમાં ગયો બેઠા છે ત્યાં તપસ્વી એક, ધરે ધ્યાન ત્યાં વારૂ વિવેક; નથી રાખતો કોની આશ, પૃથવિપત આવ્યો તે પાસ; ભુખ તરશ ટાઢ છે ઘણી, પામ્યો દુખ અરણિનો ધણિ; જઇ શીદ્ધને નામ્યું શીશ, રહગો આપ આથમતે દીશ, સીદ્ધ કહે શું છે નામ, કેમ આવ્યા છો આણેઠામ. બોલ્યો રાયમન આણિ ધીર. ઉજેણીપત વિક્રમવિર, શિકાર રસ્તે ભુલો પડયો, આશ્રમ આણે આવિ ચડયો, અવનવું મેં દીઠું અર્ણ, જાણી સીદ્ધ આવ્યો તમ શર્ણ. બાંધ્યો અશ્વ મઢુલી માંહ, ખાણચાર પછે દીઠી ત્યાંહ, અમ્રત જેવાં ફળ અનુપ; સંતોખ્યોતેભારે ભુપ, પાથરણ ઓઢરણ આપ્યાં ઘણા, કર્યાં જતન પૃથવિપતી તણાં; પ્રાતઃકાળ થયો જ્યાહરે, સુતો અધિપતિ ઉઠયો તાહરે. રાજા કહે કાંઇ માગો ગરથ, સઘળી વાતમાં છું સમરથ; કહે શીદ્ધ માહરે શી ખોટ.શીખાંધી મુજ પાસે મોટ,રાજા વળતી બોલ્યો ત્યાંય, આવજો નગર અમારા માંહ. કરૂ ચાકરિ તમારિ ઘણિ, તો જાણજો ઉજેણિ ધણિ, સીધ સુણને બોલ વાત, બોલ્યો રાજા કેર સાથ.

દોહરા–સીદ્ધ કહે સુણ મહીપતિ, મારે ઘેર ઘણિ ભુખ. આહાર આપતાંતુજને ઘણું લાગશે દુખ, અપવાસ કરૂ એક વરસના, નિરભે સાથે નેટ.પછે કરયું પારણું પુરણ ભરિ પેટ, રાજા કહે જેમાગશો,તે આપુહું અહાર; અજર ન કરૂં એક ઘડિ, પલક ન લાગે વાર, તુજ સમાન વ્હાલુ નહિ. તમ સમાન નહી પ્રીત; મારા સમજો માનજો, રંજીત મનની રિત.

ચોપાઇ–માગી શિખ તે મહિપત ગયો, પોત પોતાને કામે થયો, વિત્યોદિનવિતિ છે ઘડિ, તે વાત વિસારે પડિ. એમ કરતાં આવ્યો એકદન, સીધે આપ વિચારયું મન; જોઇએ રાજા કેરૂ રૂપ, ભલોકે કપટી છે ભુપ, સત્ય અસત્ય ચાલેછે એહ, કેવો નારાયણ પર નેહ; માટે એની ખિરજ જોઉં, મારો મનનો સંદેહ ખોઉં, ચેલોતે પોતાનો કરયો, કુંવરરાજા કેરો હરયો; લાડકવાયો વરસે સાત, બત્રિસલક્ષણોવિશ્વ વિખ્યાત, ઇન્દુમુખ તરૂણિનું તેજ, હરખ ઘણો રાજાને હેજ; તમ મન ધન પોતાનો તેહ,જીવ થકી નરપતને નેહ, જુએ મુખ ત્યારે અન જમે, કરે રમત તે સઉને ગમે; પલક પરો નવ રાખે રાય, ઠંઠ વળગાડે કોમળ કાય ગયો કુંવર કહે છે સઉ લોક, સભા બધી પામી શોક; હાહાકાર નગરમાં થયો, કુંવર કોડીલો તે કયાંગયો, વીહ્વળ થયું રાજાનું મન, કો મુખમાં ઘાલે નહીઅન; રાજા મુકીને બેઠા રાજ,કહે

છે માગુ કરૂં તે તાજ. કયાં જાઉં હવે શું કરૂં, પ્રાણ દેહમાંહે કેમ ધરૂં; વનગાડીજેણી ગુફાય, ઠામ ઠામ. ખોળાવે રાય; કુંવર તણીવધાઇ ખાય, મોહો માગ્યાં કહે આપુ રાય; પુછ પુછારણુ કીધી ઘણી. ન જડી શુદ્ધ કંઇએ તે તણી, કોટી ઉપાય કરવા તે ચડયો, તોયે પુત્ર સોધ્યો નવ જડયો; મુકી કુંવરતણી તો આશ, બેઠા નરપત થઈ નીરાશ.

દોહરા—એટલે આભુશણ તેહનાં. કુંવર પેરણ કાય, તે એક બ્રાહ્મણ કરધરી વેચવા ચઉટે જાય, સાહયો શોની વાણિએ, ફટફટ કીધિ રોક; રાજદ્વારે લાવિયો, પુંઠે ઝાઝા લોક. માર માર કરે ઘણું, દે ઘણેરી ગાળ; મારયો પુત્ર એ પાપીએ એમ ચડાવે આળ; કુડુ કામ એ શું કરયું જીવિશ કેટલા કાળ; ઉત્તમ નહિ તું અધમછે, ચેતાવિયો ચંડાળ. બાળહત્યા બેઠી તુને, નરક જાશો નીરવાણ; શુળીએ દેશે સાહેજમાં, તજશે હવડાં પ્રાણ, રાય આગળ ઉભો કરયો, આભુશણ છે હાથ; લોકલેખા વીના, સુંઢયા છે સાથ. રાય કહે રહો વેગળો લાવો મારી પાસ. જાણી વિનય કરયો દીધિ અદકી આશ, આભુસણ એ કો તણા, કયાંથી લાવ્યો આજ; પહેરનારો કયાં સાચુ કહો મહારાજ.

ચોપાઈ—કહે બ્રાહ્મણ નવ જાણું હું, ફરિ ફરિ શું પુછે તું; મારો ગુરૂ ગુફામાં હોય, ઓળખી શકે નહી કોય. તેનો ત્યાં બેઠા એકલો, મુજને આ વેચવા મોકલ્યો, તેણે મુજને સોપ્યું કામ. વેચી ઘરેણું લાવો દામ; હું વેચવા આવ્યો જ્યાહરે. બાંધી અહીં લાવ્યા તાહરે, સાચી વાતતો કહુંછુ કદી, બીજુ જ્ઞાન હેજમાં નથી. રાજાને મન લાગી રાડ, તારો ગુરૂ મુજને દેખાડ, બ્રાહ્મણ સાથે આવ્યો ભુપ, રણમાં બેઠો સાધુ સ્વરૂપ, વસો રાય રહયો તો જ્યાંહાં, તે ઠેકાણે આવ્યો ત્યાંહ; આ ગુરૂ બેઠો બારણે, મોકલ્યો વેચવાને કારણે, ચેલો ગરમાં નાશી ગયો, રાય ગુરૂની પાસેરહયો કહો સીદ્ધ ધરાવો નામ. કરતાં દિસો કુડાં કામ. આભુશણ કોનાં ઘડયાં, તમને કયાંથી જુગને જડયાં; એ પહેરનારો જે પુત્ર, તેનેશું કરયું સુત્ર; સીદ્ધ કહો તમે સાચી વાત, જીવે છે કે કીધિ ઘાત, દુનીયા બધી દુખી થાય છે, પુત્ર વીજોગે જીવ જાય છે છપ્પો—મહા દુખ માથે આળ, મહા દુખ માલ ગયાનું, મહા દુખ અતી અપમાન, મહા દુખ રોગ થયાનું; મહા દુખ જાએ નાર, મહા દુખ વેર વઢયાનું, મહા દુખ હારે હોડ, મહા દુખ ઝેર ચડયાનું, વળી મહા દુખ માથે મોતનું દુખ ઘેર ઘરસુત્રનું; કવિ શામળ કહે મહા દુખ વળી, મોત થાય પ્રીય પુત્રનું.

દોહરા—ઉતાવળો થઇ સાચુ બોલ, પડદો આપ રૂદેમાં ખોલ, કયાં મેહેલ્યો એ મારો બાળ; જીવે છે કે આણ્યો કાળ, સીદ્ધ કહે સાંભળરે રાય, જુઠુ બોલ્યુ સુખે નવ જાય; વરસ તણા કરયા ઉપવાસ, થઇ પારણા કેરી આશ, બત્રીશલક્ષણો પુરૂષ જો મળે, ત્યારે મનનિ ચીંતા ટળે, વનવાસની છે જગ્યાણી, પુરૂષણાં સતણી ભક્ષણી

રાંધી માંસને આપુ ભોગ, પછી જમવાને મળશે જોગ, જોયું મેં ઉજેણી માંહ, બાળક રમતો દીઠો તાંહ,બત્રીશ લક્ષણે જોયું ચેન, આણ્યો પુરૂશ ત્યાંથી એન;હું નવ જાણું તારો બાળ. ગરજ ભુખથી આંણ્યો કાળ; આપ્યો મેં ભવાની ભોગ. સુખ સામગ્રી સંજોગ, અસ્તી ચરમ છે તેનું નામ. મુજ આગળ મુકયું તે ઠામ, ભંડારને કાજે દામ, આભુશણ કરવું કામ, મોકલ્યો વેચવાને કારણે, ચેલો મોકલ્યો તુજ બારણે દોહરા–ત્રાહ ત્રાહ લોકે કહ્યું, નદે સહુ સંસાર, દિઓ સીદ્ધને શું ળીએ, પંચ ઇટાળી માર, રાય કહે રહો સાંસતાં, જાઓ તમે સઉ ઘેર, ન કરો એને આકળો પુછુ રૂડી પેર. ચોપાઇ–પછી રાજાએ જોડયા હાથ, બોલ્યો વચન તે સીદ્ધને સાથ; તમે મારૂ કામજ કર્યું, રૂડી પેરે પેટજ ભર્યું. ભાગી છે તમારી ભુખ; હજી કંઇક દેહમાં છે દુખ, કહે સીદ્ધ સાંભળરે રાય.કહુ વાત સમજે મનમાંય, મારે માથે છે ગુરૂ એક, તેની કહુ એક વાત વિવેક; તેં ઉપવાસ કરી એક દન, દિવસ કરીએ ભોજન. મન મળ્યો બત્રીશ લક્ષણો,આપે ભોગ ભવાની તણો.પેદા કરે ઘણેરો ગરથ, કરે ભંડારો સરશે અરથ;તેટલી ગરૂને થાશે આથ, ગુરૂ શીશજ મશું બે હાથ; જો ગમેતો સુળીએ દો, જો ગમે તો આભુષણ લ્યો; જો ગમે તો જા સાખ્યા, જો ગમે તો મારી નાખ્યા; શું જાણું તાહરો પુત્ર, કાચુ ભાગ્યુ છે ઘરશુત્ર. મેં પણ મોટા અન્યા કર્યો, તારો પુત્ર હેતેથી હર્યો; ફટ કહે છે સહુ ગામ, મેં કીધું અસારૂ કામ: માટે જે કહો તે કરૂં, કહોતો જીવું કહોતો મરૂં; બેહું પાપ મારે શીર નેટ, ભુખ્યો ન ભરાણું પેટ; હત્યા બેઠી ને દુખીયો થયો, સર્યો અરથ ન ભુખ્યો રહ્યો.

દોહરા–કહે રાજા સીદ્ધ સાંભળો, દુખ ન ધરો મનમાંહ;ગુરૂ ભુખ્યો છે તમતણો તે ગુફા છે કયાંહ. આગળ થયો અધીપતી, દેખાડયો. તે ઠામ; કરે ઉપાસન એકલો નીરવાણ છે એ નામ;પાગ પડયો પ્રથવી પતિ જોડીને બે હાથ, તમે કરો ન પારણું બોલ્યા સીદ્ધ તે સાથ. ભોજન કીજે ભાવતાં,એમ કહેવી આજ,મુજને કાંઇક દિજીએ, દેવા સરખુ કાજ; મનમાં રાખો ઓરતો, તો તારે શીર પાપ; શીવ આજ્ઞા સાચુ કહો,જમ્યા તમે કેમ આપ. ચોપાઇ–સીદ્ધ કહે સાંભળરે રાય,કહું જમ્યાનો એક ઉપાય;પુરૂષ બત્રીસ લક્ષણ તણો,સત્યવાદી સ્વરૂપે ઘણો.ને આવે માહારે બારણે, હેને મરવાને કારણે; આપ હાથથી છેદે અંગ,કરે દેહ કાયાનો ભંગ પ્રતસંપુરણ થાયે જોગ,આપે ભાવ ભવાની ભોગ; સંતુષ્ટ થઇને શકતી જાય;ત્યારે અમોએ ભોજન થાય; ત્યાંસુધિ બેઠા તપ કરૂ, આયુષ ખુટે તો ત્યાં મરૂં;ભોગ આપ્યા વીણ ભોજન હોય, એવિ વાત કહેશો નહિ કોય. કહેછે રાજા સીદ્ધ સાંભળો, મેલી મનનો આંબળો;હું આવ્યો ત્યારે બારણે,ભોગ ભવાનિ કારણે; કરો સીદ્ધ ઉતાવળા આજ, લાવો સામગ્રી તે કાજ; કહે સીદ્ધ સાંભળરે ભુપ, તું સત્યાદી રાજા રૂપ,

પરમારથ કરે પરકામ, તારૂ જે નવખંડ નામ; તારો પુત્ર એણે મારિઓ, અરથ પોતા તણો સારિઓ; હું મારા પેટને કારણે, તમને કેમ મારૂં બારણે;માટે જાઓ જીતવા ઘેર, નહિ કરૂ તમારિ પેર. પેટ ઘાલ્યો તો હું નહીં દેઉં, રાજભાર માથે નહી લેઉં;સાંભળો સિદ્ધ અમારિ વાત,મરતી નથી અમારિ જાત; આયુષ્ય પુરેજે નર મુવો, તે ગયો જુગને જુવો; પર કાજે તજે પ્રાણ, રહ્યો જુગમાં તેને જાણ;રૂડો ચીતવો મારો જોગ, તો આપો ભવાની ભોગ; જુગમાં રાખો અમારૂં નામ,તો કરવા દોને એ કામ. છપ્પા,જગમાં જીવ્યો તેહ,ખ્યાત ચાલી દશ દીશે;જગમાં જીવ્યો તેહ, કુળ તારયું લઘુ વીશે;જગમાં તે નર જીવ્યો જશે,વિમળ ગુણ જાણિઓ શામળ-કહે જીવ્યા સપુત તો પર કાજે દે પ્રાણિયો.ચોપાઇ–સિદ્ધ તણિ તે મંડળ માંહ. સામગ્રિ સઉ આણિ તાંહ,કરો કુંડ હુત દ્રવ્ય કાજ,તિલ તાંદુલ શ્રિફળ યતીરાજ સ્થાપન નંદહ હેનાં કરયાં,શ્રિફળફોફળ ઉપર ધરયાં:કરો હુતાશન જાગત જોત,સ્થાપ્યા તેત્રીસ કરોડ ઉદ્યોત;કરી ઘણિ ત્યાં ઘીની ધાર,મહા પ્રગટી અગ્નીની ઝાળ,રૂદેઆયા રાખી મન ધીર,કરયું સ્નાન જઇ વીક્રમ વિર,ઇષ્ટ દેવનું સમરણ કરયું ધ્યાન આપ રૂદેમાં ધર્યું;જેમ વિવાહનો હોયે દન,એમસઉનું મહિપતીને મન, ઘાલી કંઠ કરેણા માળ,સીંદુર તીલક કરયું કપાલ, પુરણાહુતીકરી જાહરે લીધું ખડગ હાથે તાહરે.ગયો કુળ નીકટ ને હિશ,આપ હાથ છેદતે શીશ,જયજય શબ્દ કીધો સંજોગ,લેજે માત ભવાનિ ભોગ;કરો તપસીનાં પુરાં કામ,માગે તે આપો ઠામ. ખડગ શીશ મુકે જેટલે,માંમા શબ્દ થયો તેટલે;રાય ન કર તું દેહની ઘાત,કહુ કર એક મારી વાત,ઉઠમન અજુવો લોટ,કરોપુતળુ તારીજોડ; મહિકટકા હોમો કુંડ, શીઘ્ર થશે તેથીચામુંડ;પડયું ખડગ હાથેથી તરત,પાળ્યું રાયવિક્રમનું વરત, થયો તુબ્દ નેવુંઆરણુ બેસીધ્યે કીધું પારણું;રાજાશીખ માગે જ્યાહરે.બેસીદ્ધ બોલ્યા તાહરે,ધન ધન રાજા તમારૂં મન,જીત્તો દેખાડુ તુજતન,નહિ રાખ્યો મારવા કારણે, જેવા બરદ આણ્યા બારણે;બહુ સતવાદી પહેલાં હોય,તુજ સમાન દીઠોનહી કોય, શાબાશ તુજ પીતાને માત, સાબશ તાહારા જુગતે જાત.મંદીર જઇને મોજે કરો, આપુ વસ્તુ તે કરમાં ધરો;આ લેફળ લેઇ મંદિર સ્થાપ, પ્રસવતી રાણીને આપ. સાત જન્મની વંઝા હશે, પુત્ર બત્રીશ લક્ષણો,થશે એ અમુલખ મોટી વસ્ત;હેતે આપુ તાહારે હસ્ત,પુત્રને તેડીને આવ્યો ત્યાંહ,વસે સીધનો ચેલો જ્યાંહ; તેણે આગતા સ્વાગત કરી, રાખ્યો હેત રૂદેમાં ધરી;અમરૂત મેવા આપ્યાં આહાર,જે નવદિઠા કોઇસંસાર, પ્રાતકાળ થયો જાહરે,માગી વીદાય વિક્રમ તાહરે,કહે ચેલો સાંભળરે રાય, મોટા છે તારોમહી માય,તે મુજ આગળ મેલ્યું શીશ. પણ ન આણી મનમાં રીસ, કરયું ન વ્હાલું ધર સુત,ન કરયો વ્હાલો પેટનો પુત્ર;કરયું વ્હાલું પરમારથ કામ;દુખભંજનતે તારૂ નામ, પુન્ય તણો નડી તારો પાર;આપુ વસ્તુ તુને એક સાર

ર, સફળફળે લેઇ ઘેરજાઓ,અંતકાળઆવેતવખાઓ;વિઘ્ન વળશેત્યાંહાં તમતણું, થશે આવરદા બમણું ઘણું;દુરલભ છે દેવતાને એહ.નરપતતુજને આપુ તેહ;વસ્તુ અતુલખ બે તુજ સાથ;સપુતછે રાજાને હાથ, થયુ નગર ઉજેણી જાણ;હરખે ગરગડીયા નીશાન;નાનુમોટું નગરનું આવે,નાનુ સહુ બાવન પુષ્પે વધાવે બહુ દીઠા પુત્રને વાધ્યું હેત, નરનારી માબાપ સમેત,રાજાઆવી બેઠા પાટ,કર વખાણ બોલો હાથ;બોલ્યો વીકરમરાયની સાથ,ફરીફરી શું કહીયે તુને,શીદ વાલી મુકયાછે મુને; મારો અરથ તમથી કેમ સરે,કામ ઇશ્વર વિના કોણ કરે;માટે તુજ વચને તે જાય, કાહાડી,મેલ મુજને તું રાય:દાવાનળમાંહી જઈ અડું,વેણી માધવ માંહી પડું;ત્યારે વિક્રમરાજા હશે,બોલ શુકનો મનમાં વશે; અમુલખ વસ્તુ બેમાં હતી,કીધી પોપટ આગળ છતી, એમાં ગુણ ઝાઝા છે એહ; તપસ્વિએ સોપ્યો આણિ નેહ. કહયોબે ફળનો મેધ,દીલરીઝયો તે પોપટ તણો,રાજાને દીધી આશીશ.જીવે રાજ કરોડ વરીશ, નીત્ય નીત્ય કરો પરકામ.નવે ખંડ મહિતળમાં નામ,જેવું કામ કર્યું માહારૂ,ઇશ્વર નિત્ય કરે તાહરૂં; એ રીતે આપી આશીશ, ચાલ્યો પોપટ વણિકની દીશ.

દોહરા—પોપટ ફળ લઇને વાળ્યો, આવ્યો વણીકની પાસ,શેઠ શેઠાણી રંગમાં, ત્રીજી મેનાઆશ.મુકયાં ફળ મુની આગળે, મનમાં થાય આનંદ.કળા વધિ પોપટ તણી. જેમ અજવાળા ચંદ્ર, પુષ્પ નક્ષત્ર રવિ વારશું, આપ્યું તેને દાન, પ્રાશુ ફળ તે પ્રિતમાં ઉલટ આણિ મન, ગરભ રહયો તે દીનથી.પોહોતિ મનની આશ, માસ ચાર તે વિતીયાં, વિનતા મન વિશ્વાસ, વણીક તણો જે વાયદો, નીસ્ચે આવ્યો નેટ, અધી અધિક હેત આરોગી ગયો, પ્રીતેથી ફળ પેટ, વીઘન વળ્યું તે શેઠનું, ભોગવી રીદ્ધ ઘરસુત્ર; બત્રિશ લક્ષણો બહુ ગણે. પ્રેમદા પામી પુત્ર, પોપટ પરણાવ્યો પ્રીતથી, મેના કેરી સાથ; અધીક હેતથી તે રહી. હેતે હઇડુ હાથ, કહે પુતળી ભોજ સુણ. વીક્રમ મહીમા એહ; માથા સાટે લાવીયો; અરણ આપ્યાં એહ. તન વ્હાલો નહિ તેહને વપુ વ્હાલું નહીં વ્યર્થ; પરમારથ વહાલુ ગણું સાધે પર અર્થ

ચોપઈ—કહયાં પુતળીએ જે વરત. લખ્યાં પુરાણે પંડીત તરત; સંસ્કૃત કાળીદાસે કહયાં, પ્રાક્રમ કથાંતરે થયા; સંસ્કૃતમાંથી શોધી જથા; કહી પ્રાકરત કવીએ કથા, ભાટ ચારણ કવી જન કરોડ, માગુ માફ બેઉ કરજોડ, અક્ષર ભેર ન જાણું અતી; જાણનાર સાચી સરસ્વતી, માત દિધી છે માવડી. તેવી બુદ્ધ આવડી, સાંભળતામાં પાતીક જાય; કાયા નીરમળ એથી થાય, સુણે શીખેને હેતે ગાય, વાંચે પાતીક તેના જાય. ભલી વાત ઉપર રહે ભાવ; સમણામાં નહી તેને તાવ એવું સાંભળી આપે દાન, આ લોકો પરલોકે માન, આપે એકને પામે લાખ, તેની દે પુરાણે છાપ; મુરખ વિદ્યા પામે ઘણી, ઇશ્વર આશા પુરે તે તણી, નીરધન

તે તો પામે તન; ભગત નારાયણ નુર; રામદ ક્ષત્રિ પામે શુર; રોગીના રોગ વામશે, બ્રહ્મ તેજ બ્રાહ્મણ પામશે; ભલી બુદ્ધ પામે તે ભાટ, ચારણ ચાતુર કેરો વાટ. કવિ કહે હું સઉનો રાંક ક્ષમક કરશે કહુ મારો વાંક; કહે પુતળી સાંભળ રાય. એવા થાઓ તો ધરજો પાય. એમ કહી આકાશે ગઇ, એ કથા સંપુરણ થઇ, શામળભટ કહે કરજોડ બોલો જયજય શ્રી રણછોડ.

ઇતિ શ્રી મેના પોપટની વારતા સમાપ્ત.

કાષ્ટનાઘોડાની વારતા.

પવિત્રા નામની સોળમી પુતળી બોલે છે ને વારતા રાજા ભોજ સાંભળે છે.

શ્રી ગણેશાય નમઃ શ્રી સારદાય નમઃ ચોપાઈ—સિંહાસનનું પુજન કર્યું, ભોજે બેસવા મનડું ધરયું; ત્યારે પુતળી બોલી વાણ; સાંભળ રાજા ચતુર સુજાણ. વીક્રમ વીના ન ધરે પાય, અંગે કપુરો કોડીઓ થાય; વાધે રોગ કે પામે મરત, સદા પારખુ છેજી તરત, હું ચેતાવું આણુ દિશ. દાશમાં દેશો માહરે શીશ; મનમાં ગમે તે સારૂં કરો, પાછા રહો કે પગજ ધરો. ભોજ રાજાએ જોડયા હાથ; બોલ્યો તેહ સખીની સાથ; પાએ લાગીને પુછુ તને, વીક્રમ પ્રાક્રમ કહોને મને. સાંભળતાં પાવન થાઉં, ઓર બેઠાં ગંગાજી ન્હાઉં; તો થાઉં તો પગજ ધરૂં, નહિ તો એનિ પુંજા કરૂં, બેઠો હેઠો જોડી હાથ, મનમાં સમરયા શ્રી રઘુનાથ: રાજા ભોજ હુંકારો દિએ, પુતળી વાત વિક્રમની કહે. દોહરા—કહે પુતળી ભોજ સુણ, પવિત્ર વિક્રમ રાય, મહિમા સુણજો તે તણો, દોહલા દુખ પીલાય, ગડ ગુમડ પીડા નહી, દેહે વ્યાપે રોગ અલ્પ મરત્યુ પીડા નહી, નહી કલત્ર વિજોગ.

ચોપાઇ—નગર ઉજેણી માલવ દેશ; રાજ કરે વિક્રમ નરેશ; જેવું રાજ શ્રીરામજ તણું તેથી સુખ છે તેને ઘણું; નવલેરિ નગરી છે સાર. ઓછવમંગળ અપરંઅપાર, ઘેર ઘેર શીવના પરશાદ, વઇશનવ ભક્તિ અતી ઉલ્લાસ; ધરમવંત સહુકોની દેહ; માગતા વરસેછે મેહ; ફળે વનસ્પની ભાર અઢાર, કો ઉપર નવ આણે ખાર; અજા વાઘ સહુ એકઠા ચરે, અઘટતું કો કોનુ નવ કરે પારકુનું નવ તાકે ધન, અન્યાય અધરમ ઉપર નહી મન; પાપે પેટ કોઇ નવ ભરે, ચાડી કોઇ કોઈની નવ કરે, અવર અન્યાય નહી લગાર, સહુકોનો ચાલે વહેવાર, ખેડુત જનને સવળો લાગ, રાજા પામે દસમો ભાગ; સોંઘુ અન સહુકોને મળે. વશુધા તેના સફળે ફળે, પતી વરત પાળે સઉ નાર, કો કોને નવ લોપે કાર શીધવડ અને ક્ષીપ્રા તીર, વૈતાળ આદે વસે સઉ વિર, ચોરાશી તો વસે છે સીધ, પાશે અને વસે છે ત્યાં નવ નિધ; શીવશંકર માહાકાળેશ્વર નામ, કરે અણુર્ચીતવ્યાં ભારે કામ, હરસીધ વસે છે ત્યાં સાક્ષાત, તેની વાણિ વેદ વિખ્યાત, સીધવડ મોટો ગંભીર, રાજ કરે ત્યાં વિક્રમવિર,

અનેક પંડીત પુર પ્રધાન, ગુણીજન જાચકના બહુમાન; દુખીયા જન આવે છે ઘણા, રાજા કષ્ટ ભાગે તે તણા. નવે ખંડ ચાલી નામના, રાજા પુરેછે કામના, એક દીવસ વિચાર્યું મન; માગશર ચોથનો દન. ગણપતીનું વ્રત સહુ કરે, સંપત સારૂ વ્રત આચરે, વીક્રમશેને કરયું તે વ્રત, નોતરયા બ્રાહ્મણ સરવે તરત. કીધાં લાડુ વરૂતજ તણા, મળ્યા બ્રાહ્મણ લાખોથી ઘણા, પોહોર રાતે કરવો પ્રસાદ, સહુકોના મનમાં ઉલ્હાદ, ઉપર દક્ષણા સ્વચ્છી ગાય, ધર્મ કરયું ત્યાં વિક્રમરાય, વીપ્રસઉકે ભોજન કરી, રાજાએ થાળ પુજાની ભરિ; બાવની ચંદન કુમ કુમ ઘણાં, ભીતી પુષ્પ વીવિધજ તણાં; અરગજા અબીલ ગુલાલ કપુર; તંબોળ સુખ ભોજન ભરપુર. કનક થાળ લીધા છે હાથ, નહી સાથે કોઇ શેવક સાથ; ભાલાચંદ ગુણિનું નામ. પ્રથવીપતી આવ્યો તે ઠામ, તે નવજાણે બીજુ કોઇ, તે સ્થાનક એક કઉતક હોય; સતિપે આવ્યું તે દેહરૂં, જઇ રાજાએ દરશનકરયું, માંહેબેઠો દીઠો એકજન, મરવા ઉપર તેનું મન; ખડક ઉઘાડું તેને હાથ, કરે સ્તુતી શીવની સાથ, મસ્તક પુજા કરે જેટલે, રાજાએ દીઠો તેટલે; હાંહાં ત્યાં રાજા કીધ, ધશી ખડક બાઝી ને લીધ. શા માટે દેહ ત્યાગજ કરે; કાંરે વણ ખુટે તું મરે; આપ હાથ છે દેછે શીશ, ઘોજારા કરેછે ઇશ. એ વાતનું કહો મને દુખ, ઇશ્વર તારીભાખશે ભુખ, સત્યવાત તું કહેજે વાણ, ઇશ્વરની છે તુજનેઆણ, ત્યારે તે બોલ્યો દુખી. શી વાત પુછોછો સુખી, દુખ સાંભળે શું સરશે અરથ, ગાંઠે બંધાવ્યો છે ગરથ. શું ઘેર આવશે સાતે વારાણ, શું લાખેણી વામશે લાહાણ; જે કામેઆવ્યા ત્યાં જાવ. દીશોછોકોઇક રાવ, દિશોછો કોઇ અદભુત રૂપ; ડાહાપણે દીશોછો ભુપ, જાણુ છું દીશો ચોર, નીશાતો અડધી છે ઘોર. શાહ હોય શીહ આવે બહાર, વિકટ ભયાનક અંને ઠાર, તે માટે પુછેશું થાશે, મ્હારૂં દુખશું તમથી જશે, પરદુખ ભંજન હોય કોય, વિકરમાજીતતે નામે હોય, તે જાણું છું ઘેલાલોક, પરદુખભંજન કહેનેલોક, આવે બાપડા જાચક જન, તેને શેર એક આપે અન; તે જાચક નલખટ કરે, જુઠાં વખાણ વિક્રમનાં કરે; હું તે આશા કરતોનથી; તો તુજઆગળ કહુ કથી; વાતો કરતાં જાશે દીશ, તસ્કર જાણી છેદશે શીશ; માટેખડક અમારૂં આલ, તુતારે મારગચાલ.

દોહરા–વિક્રમ વાણિ ઓચર્યો; સાંભળ મારા ભ્રાત, તારૂ દુખ ભાગુ અમો, સાચી કહેજો વાત, તમો નામ જેનું કહયું; વિક્રમસેન જે રાંક, તે હું શેવક સરવનો, ક્ષમા કરો મુજ વાંક. આશાને શુજાતણે આવ્યો છું તે કાજ; સક્ષેપે કરો વારતા, દુખકરો સહુ તાજ. તારૂ દુખ ભાગુ નહિ, તોઇશ્વરની આણ, તિરથવ્રતનું ફળ નહી. નહીએ શૈ શૈ ખાણ, તે વાતે સુરજ સાખીઓ, વચમાં બ્રહ્મા ઇશ, તુ સાચું બોલે નહી, તો તારે તે શીશ, વીપ્રજ હઈડે હરખીયો, ખોલ્યું માહારૂં ભાગ્ય; વાત કહુ મનડા

[illegible]

ચોપાઈ—પુછોછો તો સુણજો તમો, પુરવ દેશ વસુ છું અમો; કણોજીઆ બ્રાહ્મણુનિ નાત, છું કુંવારોમારી જાત; પરણવું સંપતનું કાણ, નથી માહારી પાસેએક દામ. અતીત એક આવ્યો મુજ ઘેર, બેઠો ત્યાંસોકાતુર ભેર. તેણે કહ્યું કાંઇઆપો આહાર, કહ્યાંઘણુ ને લાગીવાર, મેં દુખમનમાં આણ્યું ઘણુ, નારી ઘર પનોતાતનું; ત્યારે તેને કીધિ આશ. પ્રીત કરી બેઠો મુજ પાશ; મેં તેને જમાડ્યું અન્ન, મુજ ઘેર રહયો એદન. તેના મનમાં બુદ્ધિ ઘણી, પ્રદક્ષણા કીધી પ્રથવી તણી; તેનાહઈડે હેતજ ધરી, ત્રિયારાજની વાતજ કરી, ત્રિયારાજછે દક્ષણદેશ, ત્યાં નારી નવ જોબન વેશ સ્વેત બંધુ રામેશ્વર થકી, બાર મલાર છે દક્ષણ દેશ ત્યાં પુરૂષ નવખોળે મળે; અશી બોલ કોઇએ નવ કળે, વળી ત્યાં કામાગુગારૂ ગામ; કામરૂ લોક કહેછે નામ, ને દેશની કહું તે રીત, મુજ સાથે જોડી છે પ્રીત; પુરૂષને પરવતકરે. રાતદિવસ તે ક્રીડા કરે, કામે દેવને ત્યાં બહુ બાર, કામણગારા લોક અપાર; સ્ત્રી થકી જે કરે નેહ કામણગારી તેની દેહ, તેને તો નવ દુખે કામ, તેનુ લઇ કકે નહી નામ, ત્રિરાજ છે ત્યાંથી દુર સ્ત્રીને બળ છે ભરપુર, પુરૂષ થાયા નેસે છે ત્યાંહ. કામવ્યાપે નહી તેને ત્યાંહ. માટે પુરૂષને માનતા નથી ગોપ વાસ શું કથીએ કથી: પરમુલક પુરૂષનો વાસ. તેથી ચાલેછે ઘરવાસ; ચંડ મોડે ચડેકામની, દુર પંથે જાઓદામની દેખે કોઇ પુરૂષનિ જાત, ઘોડે ઘાલી ઘેર લઇ જાય. ભક્ષ ભોજનદઈ રાખે પાસ, ભોગવે છે સુખ ત્યાં ખટમાસ, વળી સીતા તણો છે શ્રાપ, દરોમ કરીને કહે છે આપ; રાવણ મુઓ કલપાંતે ઘણું; તેણે હરણકરયું મુજતણું, માટે એ સ્થાનક નર જાય. તે તો નિરચે નારી થાય; લંકા ગઢની શોભા ઘણી, ચીતા બળે છે રાવણ તણી હનુમાન ત્યાં રહયો રખવાળ. જેવો કતાંત સરીખો કાળ; રાવણ હાકી ઊઠે જેટલે; હનુમાન હાંક વાગે તેટલે, વીશ જોજન સુધિ સાંભળે પુરૂષનુ પુરૂષાતન ટળે: માટેત્યાં ઝાઝી કામની. નહિ ભુતળ એવી ભામનિ; પુરૂષ તણી તો ખોટ કરી, વિચળ છે અણું સુંદરી જેને પુરૂષ જે આપે હાથ, આનંદ કરે તેની સાથ, ખટ માસ સુધી આનંદ કરે, કામનીનું તે પેટજ ભરે. નથી ધણી ધણીયાણી કોય. પુડ ન લીધિ તેનિ કોય; તેને તણો કોઇ નવદેશ્રાપ, નથી બેસતું તેને પાપ, જેને ઘેર પુરૂશ છે બહુ, ધનવંતો તેને કહે સહુ; રાખે અગોચર ઠામ, અનેક ભેદ કરે છે કામ. રાખે ગુપ્ત ન જણાવે કહીં, સાંભળે નહિ હનુમંતા સદાહસાહ સાંભળે નારી થાય, તેતો ને કામેથી જાય. એમ સાહિઆણેજેમ પીપળપાન, પુરૂષનેઝાઝુ છે માન, તેણે મુજને એવું કહયું, તે મેં એક ચીને કરી લહયું. વળી તે પછી મેં વાત મીત્રસાચું કહો સાક્ષાત સરવે નારિઓ એધાણ; કોઇ એક ઘેર અભીમાન; પુરૂષ સામિ કો જોતી નથી, તેવિ હોય તો કહોને કથી.

[illegible]

હિઠી તેવિ એક હકીકત પુછી તેહનિ,વાધ્યા તેનો પાર, તુજ આગળ માંડી વાત કહુ નિરધાર. એક દીવસ તે કામનિ, થઈ ઘોડે અસ્વાર,નિકળી પુરૂશ પાડવા અરણ્યવ વન મોઝાર. નારી ત્રિયારાજનિ ઈંદુમત જે નામ; બત્રિસ લક્ષણો વરણવું, તેમાં પર્મ નિધાન.ચારે કળા મ્રગ લોચનિ,કંચન વરણુ દેહ. એ સમે ગઈ,સખી સંગાથે તેહ. શશીવદનિ, વરસ સોળની, પરમ પદમની નામ; પુરૂષ દીઠો એક રણ વિશે, આવિ તેણે ઠામ, ધરીને તેને ઝાલીઓ,દીઠુ સકોમળ અંગ, જાવા લાગી નગરમાં, બેસાડી તુરંગ, તે જાતે બ્રાહ્મણ હતો, પોતે બોલ્યો વાણ; શા માટે લેઇ જાઓછો; મુજને બ્રાહ્મણ જાણ. નથી દ્રવ્ય મારી કને, અન્નો છું હું રાંક, નથી અન્યા હું લાંચિયો, શોછે માહરો વાંક,દુખ થયું છે માહને, જે વેશાછે ભુખ, વાટ જુવે ઘેર છોકરાં, તેનું મોહોટુ દુખ, પ્રણમુ પાએ નમુ; દેઉ આશીશ બહુ પેર, લાખ ટકા પામ્યા અમો, જે જવાદો ઘેર. ત્યારે તારૂણિ બોલીયાં, જાવા ન દઉ મુજ ભરથાર; અમ્રતમેવા અની ઘણાં આભુશણ સણગાર, આનંદ કરો ખાઓ પીઓ, ભોગવો સુખ વિલાસ.વિસારી મેલો છોકરાં; સદા રહો મુજ પાસ. ત્યારે તે બ્રાહ્મણ કહેધીક ધીક તુજવાસ, વાટે જાતાં ઝાલીયો, તે કરે ભરથાર. માનુની નામ છે તાહરૂ; એમ મળે અહંકાર; લજ્યા લગાડે નારને, તારૂં નામે ભાર, પારવતીનો શ્રાપ; છેપુરવ નારી શિખ માનુની ત્યાં માગી કરી, ત્યારે હસતા ઇશ; તે શ્રાપ મિથ્યા કરી,બેઉ પોતાનું તોલ; પરમ વચન એવાં કહ્યાં, બ્રાહ્મણ ભટકા બોલ માન મુકી તે કરગરે નર તે નારિ પાસ. મુજને મુકો માનુનિ એ છે મોટી આશ.

ચોપાઇ—એવાં વચન બ્રાહ્મણનાં સુણિ, રડી રિશ નારિને ઘણિ; ઉતારિ મુકો તેહને, પ્રતિગ્ના કરિ દેહને,પુરૂષ હાથનું અન્ન ન જમુ; પુરૂષ શંગ વિલાશ નરમુ, પુરૂષ વસ્તુ ધરૂ ન અંગ, પુરૂષ પશુનો ન કરૂં સંગ; દમુ પુરૂપને દુખ આપ, તો બ્રાહ્મણ તુજ મસ્તક પાપ.એમ કહીને વનમાં ગઇ, આપ મનમાં ચિંતા થઇ; કરવા માંડી પુરૂષની ઘાત, ત્યારે તેની બોલી માત. પુરૂષ સાથે કરોછો વેર. તે નહિ છાજે માહારે ઘેર, મુળ ખોટ છે પુરૂષનિ ઘણિ, એકાએક ન આવે આપણિ; માટે મનમાં તુ પરહરે, રૂડો વર જોઇને વરે; તોતું માહારી પુત્રિ શાની.વરો તમો મન ભાવતો પતિ; ત્યારે રાણીએ વારૂ કહ્યુ, જ્ઞાન પોતાનું મનમાં ધર્યું; પડદા ચાર ધર્યા જે જ્યાંહ; તોરણ બાંધ્યાં મોહો લજમાંહ, મોહોલ મધે દશાછે ચાર, શપત સઘળાં છે બાર સત દાસ પોતાનિ સાથ. ખાનપાન ને સુખ વીલાસ; મોહોલ કરાવ્યા ઝાકઝમાળ, કર ઝાલી બેઠી વરમાળ. તે ગામમાં ડંકો ફરે;તે નારીને વર જે વરે, વણ બોલાવે મંદીર જાય, ચાર પોહોર એમ કરતાં થાય, પેઠો જ્હાર જઈ ઉભો રહે. આવો બેસો એમ નવ કહે, પ્રાતુશકાળ થાય જેટલે, તેતે નરને ઝાલે તેટલે, વીંધે નાક તે તરિ કરી,સામ વદન કરે સુંદિરિ, મુજ બાંધે હાથ, સારિ નાકને ઘાલે નાથ, માહા

માર આપે તેહને, દેછે દુખ પુરૂશ દેહને, કાહાડી મુકે નગરની બહાર, એવિ એક જોરાવર નાર, એમ પુરૂષને અદકુ દમે, પરણુવા કારણુ રણુમાં ભમે.

દોહરા–પ્રતિજ્ઞા તેને એટલી, આવે પુરૂષ કો બહાર,રૂપ રંગ જુવે નહી; નવ બોલે તે નાર, મનમાં તો તે બોલાવશે; કોણુ જાણે કાળ, તેહ થકી વેરોકરે;આરોપે વરમાળ. હુકમ એરાણી તણો; મન ગમતું તે થાય, ત્યારે પુરૂષ પરવરે, બીજે દેહરે જાય, બોલાવે બીજી વરાં, હેતે દેજો સાદ, તેય રણુ તોડી પરવરે, આણિ મનઉલાદ, એટલે ઊભા ત્યાં જઇ, સુણુ ભોજ જો વાત, ત્યાં પુરૂષ તે પરવરે, બત્રીશ લક્ષણુ ખ્યાત જાત ભાત કે ચાતુરિ રૂપરંગ વહેવાર, વણદીઠે જોયા વિના, જો બોલાવે પાર. ચાર ચોથુ તોરણુ છોડતાં, મન થાય પ્રશન, ત્યારે તે નાાર તણું,નર પામે દરશન, કદાચીત એવો વિચારિ તે પેર, સાદ કોણે કરયા:નથી,ગયો નહી તે ઘેર. દુખ ક્રોધા કરોડ તેં, એવિ નમેરિ નાર, સાદ કોણે કરયા નથી,કોઇ ન પામુ પાર, તોરણુ બાંધ્યાં બારણે. તે કનક એંધાણુ, ચારે ખુણુ ચારછે કનક પંખી સુજાણુ.એકજ પોપટ પાળિયો, બીજી મેના હોય, ત્રીજી ઢેલ છે ઢળકતી, ચોથો મોરમાન મોહ્ય, ચાર ચંથી છે કનકનાં, તોરણુ પાંખ; કાને તો મેં સાંભળ્યાં નથી દીઠા મેં આંખ, ત્રિયા રાજની તારૂણી, નરખી મેં વિશેક, હોકારા કરિ પરવરી, એ વીનતી છે એક. ચોપાઇ–સુણુજો રાજા વિક્રમ તમો, તે જોગીરે પુછો અમો, તે દીવસનો લીધો પાર, ત્યારે અમે કીધો વિચાર. હવડા વહે છે જોબન વેશ, જઇ આવું હું દક્ષિણુ દેશ.તે જોગી વિદાય કરયો. ત્રિયારારાજમાં હું પરવર્યો; વિચાર કરૂં તો લાગે વાર, કહું સંક્ષેપ તે વિચાર, સ્વેતબંધુ ગમેશ્વર નામ, જઇ પોહોંત્યોહું બારમલાર. નારી નોતમ કારો કાર.ત્યાંહ દેખાડે હેતજ કરી,બહુજ પ્રતિ સ્ત્રીઓ તણી,ચારત્ર તણી, બહુ રિત, મોહ વશ કીધી મારી પ્રિત. રીતબાર તો તે નહિ ખુવે, જે નર સ્ત્રિના સામું જુએ, સ્ત્રિની સાથે નેહજ કરે, દેશ દેશાવર રઝળતો ફરે. બોલે તે વશ થાએ અડયો,તે નર કાળાગ્રહમાં પડયો, મારૂ મન તો મેં વશ કરયું, કોનુ કહયું. હઇડે નવ ધરયું. કાને સાંભળી તે કામની, નહી ભુતળ એવિ ભામની, તેના લોક કરે નવધરયુ, કાને સાંભળી તે કામની; નહી ભુતળ એવિ ભામની; તેના લોક કરે વખાણ.મુજને વાગ્યું મોહનું બાણુ,મારે ચીતે રોમરોમ થયો,તે નારીને મંદીરગયો, પદમણીને મળ્યાની આશ; એવો મનમાં થયો ઉલ્લાસ. ચાર સાદ દેશે કોડશું, તોરણુ આવિ હાથ છોડશું. વળતી પુરણું બાળ કુમાર;ઘરસુત્ર મારૂ રૂદે ઠાર;એમ કરી રહ્યો એક રાત, પછે બાંધ લીધો ભરભાત વિંધ્યું નાકને ઘાલી નાથ.મુજ દાસીએ બાંધ્યા હાથ ભુજ.વળી લોવડાવ્યું મુખ, એમ દમીને દીધુ દુઃખ, મુજને બહુ દીધો રે માર, એમ કહીને કાહાડયો, બાહર પીડા પામ્યો દેહજ ઘણી,વાગી હાક હનુમાનજ તણી; પુરૂષમાંથી હું ગયો. નારીવીના નપુશક થયો ભુંઠા મોહાડું લેઇને વળ્યો, સહોદરને હું આવિ મળ્યો; તેને તુજને કીધો વાદ, વિશનુ દિઠુ માહરૂં નાક, લોક

મળ્યા છે ચારે પાસ, સહુકો મળીને કીધું હાશ, ઘણે દીવસે તું આવીયો, ત્રીયારાજ તારૂણી લાવીયો: બોલ તણાં મેલે છે બાણ, વણ ખુટે જાય મુજ પ્રાણ; માટે મનમાં એવું ધર્યું; વિક્રમસેનને જાણુજ કરયું. પરદુખભંજન કહે છે નામ, મારૂ તેથી થાય્એ કામ. હું જાતો ઊજેણુ ગામ, નીશા પડી રહયો આ ઠામ. વિચાર કરયો મેં મનડા વિશે, વીક્રમ દુઃખ કેમ ભાગી શકે; આપણુ માનવીનો અવતાર, નથી મરવાનો સમાચાર. માટે તેને શીદ દુખ દેઉં, તેનું પ્રાશ્ચીત મુસ્તક લેઉં. વીક્રમ તો મનાવેમન, અન્નવસ્ત્ર કે આપે ધન, માટે ત્યાંહાં હું નહિ જાઊ. શીદ તરણાથી હળવો થાઊં. એમ વિમાસુ મનમાં ઘણું, દીઠુ દેહેરૂ શીવજી તણું; મુસ્તક પુજા હેતે કરૂં. શીશ સમરપુ ને હું મરૂં; મુસ્તક પુજા કરૂ જેટલે, હાથ તમો ઝાલ્યો તેટલે. ઊપજ નીપજ માહારી, તમો મત જાણો માહારી, તમો કહો તંતો હું કરૂં, કહોતો જીવું, કહો તો મરૂં. દોહરો—વિક્રરમ કહે છે વીપ્રને, સાંભળ મીત્ર સુજાણ, આપઘાત જો તું કરે, ઇશ્વર કેરી આણ. તાહરૂ દુઃખ તે ભાગશે. શ્રાંહુ સીદ્ધ માત, સત્ય વાત સાચી કહું, વાણિ વેદ વિખ્યાત. ત્રિયારાજની તારૂણી, લાવું આણે ઠામ. પાએ લગાડું તાહારે, વિક્રરમ મારૂં નામ. ચંદ્ર સુરજ બે સાખિયા, રામ દવાઇ ખાઉં, આ વેળા આણી ઘડી, દક્ષણિ દેશે જાઊ. એક વરસનો વાયદો, પાછો આવુ આ દીશ, વળતી આપણુ બે જણા, સાથે સમરપુ શીશ. આજ સ્થાનક તમે બેસજો, નીરભે થઇને આપ, નારી જાઓ મહેલજ વીશે, તો બ્રહ્મહત્યાદીક પાપ, રાખ્યા વિપ્ર તે સ્થાનકે, પોતે પુજા કીધ; માગો હુકમ હજુરનો, પ્રાહેરો પંથજ લીધ. પુર માર્જ યાં મુકયાં, મુકયા સરવે રાજ; અશ્વ ચડી પરવર્યો, પરદુખભંજન કાજ. તેડયો વઇતાળ વિરને, સમરી હરસીધ માત. ચાલ્યો દક્ષીણ દેશમાં, લાધિ માઝમ રાત; વિપ્ર વેસ આપે કરયો, પલટયુ પોતે રૂપ; ઓળખીતા આવી મળે, કોઇ ન જાણે ભુપ, ઘેર વાટ જુવે ઘણી, ચીંતા મન નવ થાય, ઇષ્ટ ઊપાસીક એહ છે. ગાંજ્યો કોને નવ જાય. આણ ફરે વીકરમ તણી; પ્રધાન કરે છે રાજ; પોતે પંથે પરવરયો, પરદુખભંજન કાજ. ચોપાઇ—ચાલ્યા રાજા દક્ષીણ વાટ, નહી મનમાં આવે ઊચાટ, ગામ એક બાજુ લઇ, નીશા પાડે ત્યાં વાસો રેહે, જ્યાં તીરથ આવે ત્યાં નાહાય, આપ ઉલટમાં ચાલ્યો જાય, પંથ વિચાર શું કહિયે કથી, સંક્ષેપે કહુ સરવથી, સ્વેતબિંદુનુ દરશન કરયું, હેત આણીને હઇડું ધરયુ; ગયા જ્યાં છે બારમલાર. નારી નૌતમ ઠરો ઠાર; ધર્યો આપ જોગીને રૂપ, ભારે જોગી નર અદભુત, આવી સહુકો પાએ નમે, દુખ ન દે કોઇને નવ રમે નારી શું નવ જોડે નેહ; કેમ ચુકે સત્યવાદિ દેહ; સહોદર પરનારી તણો, પુન્યવંત દાતા છે ઘણો. નારીનુ સુણ્યુતું નામ, મહી પતી પોહોચ્યો તેણે ઠામ; તેને વારે બીજા લોક, આ પેલા જાય તે ઠોક. કોઇ તણું વારયું નવ કરયું, હેત આણી રૂદીયામાં ધરયું; ધીરવીર માહા દ્રઢજ થઇ; બેઠો તેને આસન જઇ.

પ્રતીજ્ઞા પાળવા કારણે, તોરણ દીઠું પેહેલ બારણે, પોપટ પંખી સહુ પુરણ. દીઠુ નયણે એ એંધારણ, બેઠા તે સ્થાનકમાં ઠરી, જાગૃ થયું સત્ર ની સુંદરી; માન સાહેલી સરખી નાર. સહુકો આવી રાણી પાસ. બ્હાર કોઇ આવ્યો છે રૂપ, દીશે છે પૃથ્વીનો ભુપ; ઈંદ્ર થકી દીશે છે નવો, જાણે અરજુન બીજો હવો, વરૂણ વારૂ કે અગ્નિ ધરમ, દીશે ભારે એનું કરમ; કોઇ એમ મહીપતી મોહોટા હંસ, દીશે છે કો દેવનો વંશ, જેનો હુકમ દો કીજીએ, વચન હાવા માથે લીજીએ; તવ રાણી બોલી તે વાર; ભલે આવ્યો ને આણે ઠાર; સારો ભુંડો આપણે કશો, પુરૂષ નહી મારે મન વસ્યો, નવ જોઉં હું એનુ મુખ; દેવું પ્રભાતે બમણું દુખ. સહુનું નાક વાંધો છો એક, એના વાંધુ બેઉ ત્રીલોક, એનું રૂપ છે અતિ પ્રચંડ, એને આપો બમણો દંડ, ચરચા જોતા સખીયો જાય, આસન જઇને બેઠો રાય; નહી આદર ને નહી મનમાન, નહી ફોફળ પાન દોહરા–રાજા બેઠા સ્થીર થઇ; સમર્યા હરસીધ માત; માનવ કો પાશે નહી. કોણુ પીજે વાત, સુરણ લગી ઝુરણ ઘણી. હવે શી કરવી પેર; વાટ વાટ જુવે નહીં કેમ જવાશે ઘેર. પોહોર ચારમાં પારખુ, હાર જીતવા હોડ; પ્રસન થાય અંબીકા પોહોંચે મનના કોડ.

ચોપાઇ—સમરયો આવો વિર વઇતાલ, સમરત આવ્યો તત્કાલ કેમ સંભારયું મારૂં નામ, મુજ શેવકને કહો કાંઇ કામ, વીક્રમ કહે જાણો તમો, શું વિસ્તારી કહીએ અમો, કાંઇ એક મન આપણુ કીજીએ. નો જીતીને જશ લીજીએ, ઘણાંક કીધા મોટાં કામ, મોટું સંકટ છે આઠામ; કરો ઉપાય કાંઇ રૂડા આજ, જે વાત આપણી રહે લાજ. એવો રાયે દીધો ઉપદેશ, પોપટમાં કીધો પ્રવેશ; કનક પોપટને તોરણે જડયો, વઇતાલ જઇને તેમાં અડગો, પોપટ બોલ્યો તેને ઠાર, જેમ સાંભળે પેલી નાર; નહિ પટરને ઘરમાં સાર, આશ્ચર્ય પામે સહુ નાર; પોપટ બોલ્યો આણી ધીર, ભલે પધારયા વિક્રમવીર. દોહરા–ભલે પધારયા રાયજી, મોટું ને તમે કામ; ઉજંણી પતી છો તમો; પરદુખભંજન નામ; ભાગ્યએ ધરતી તણું, પવીત્ર કીધો આ દેશ; દેવવંશી દીશો તમો, વીક્રમ રાજ નરેશ, ચક્રવે આણુ તારી ફરે; પરદુખ ભંજન હાર; સકળ લહે તું વારતા. ભેગારપુર દાતાર. પાંચ દંડ જીત્યા તમો, જીત્યા વીર વઇતાળ; પાળો લાડ પ્રજા તણું, દુખના આણ્યા કાળ, શાવા લાખ હસ્તિ તણો; રતન જેને ઘેર; તે પધારે મેં જમાં, કોણ કાજ કોણ પેર, જેને ઘેર રહુ અમો, તે છે ચતુર સુજાણ; નારી જે તે મહમ તણી, બોલે રૂડી વાણ. તેને જા થયુ નથી, આવ્યા વિક્રમરાય; નહી તો માન મુકી કરી, આવે તમારી પાસ, વીક્રમ કહે શુ સાંભળો, પવીત્ર તારી જાત; રખે કોઇ આગળ કહો, આ છુપાવી વાત. તેકેમ મુજને ઓળખ્યો જાણી મારી જાત; તુજને કેમ વાચા થઇ; સાચી કહેને વાત.

ચોપાઇ—પોપટ કહે સાંભળ રાજન, પવીત્ર છે નીરમળ મન આપણુ ઉઠો કેમ

છાના રહે, તારૂનામ નવખંડ રહે.તારૂ દરશન જેને હસે, સુકાં ઝાડ નવ પલ્લવ થશે; મુરખ જે કરશે દરસન. શારદા માત તેને પરસન. મહિમ તારા દરશન તણો, નેહ વધે છે મુજને ઘણો; કરમ સ જોજે રહિશો રાત, પંથે ઉઠી જાશો પરભાત, નઉતમ વાતકંઇ એહ કહો, મારા સમજે અહિઆં રહો. તમ વારતા નો મહિમા લઉ, હેતે હું હું કારો દેઉ, વણુપુન્યે પવીત્ર થાઉ, ઘેર બેઠા ગંગાજળ નાહુ.જે કો જાણશે તારી વાત,પવીત્ર થાશે તેનિ જાત; આવ્યા છો તો પાલન કરો, જાણું રાંકનેબાહે ધરો.

દોહરા—મહીપતિ મુખે બોલીયો, સાંભળ પંખીવાત; તુજ આગળ હેતે કરી કહિશ રૂડીવાત, આમંદિર મુરખ તણું; મુરખ કેરો ઠામ, માટે નહી કરૂ વારતા ચતુર તણું છે કામ, પ્રીત પરનારી નહી એવી મુજ જાત, સાદ કરે હેતે કરિ; તો હું પુછુ વાત હુકમ કરે ઘરમાંથકી, જેમ હું સુણુંકરણ; તો હું તુજ આગળ ખરી, વાતા કરૂ બે તણ ચોપાઇ—પંખા રાય બે વાતો કરે. માનુનિ બેઠી મનનાં ધરે;તે નો બેઠી કેતક ગણું, કનક પોપટ છે એમતણું. જડરૂપ તે કેમ બોલીઓ, ધરમ આપે કેમ નોલીઓ;વીક્રમસેન કાને સાંભળો, તેન કોમ આવી મળયો જેતું છે નવખંડ નામ ને કેમ આવ્યા શાને કામ, પાશે ઉભી હતી સત દાસ.તે આવી રાણુાના પાસ બાઇજી એ શું ન કરો વાદ, હેત કરીને દો તમો સાદ;જેઇએ એ વાતો કરે કરી, અચરત મારા મનનાં વશી. એક વરાને શું તરણુ થાય, જે તોરણથી પાછો જાય; ચતુર તે સઉકો મન ધરે, જોઇએ એ વાતો શીં કરે, એમ કહી સહુ પગે નમી, વાત રાણુાના મનમાં ગમી; મન ભાવ આણી ઊનાદ; આપે પોતે દીનો સાદ. બેઠો રાજા ધીનજ ધન, બોલાવ્યા બહુ હેતજ કરી;કહો વાત પોપટની શાથ, મનનાં આણીને ઉલ્હાદ. એવુ કહીને નારી નમી. વીક્રમસેનને વાતજ ગમી;ત્યારે તોરણ એક છોડાયું રાજાનુ હઇડું હરખયું; જઇ બેઠા ત્યાં તોરણે તણું, વીક્રમ કહે તે કોઇ ના કળે.

દોહરો—પોપટ દે હુંકારડો વિક્રમ કહે શુભ વાત; ઘરમાંથી સઉ સાભળો,પેહેલી આ રાજમ રાત. ચીત્રામણમાં જે લખે,તેમ બેઠી સઉ નાર;મન છે એ વાતમાં નઉકો ઠારોઠાર. ચોપાઇ—વીક્રમ મન મુકીને આપ,બોલ્યો પોપટ કેરિ સાથ;કોરલ નામે કુકણુના દેશ,કપુરશીંઘ રાજા નરેશ આખા કુકણુનો ને ધણી,અલખદેશઅલખાન છે ઘણી; અતી ઘોડા ઘણાં ઘરસુત્ર,નહોતો પેટ પોતાને પુત્ર વીત્યાંવરસઆપે પચાસ. ત્યારે એક પુત્રની છે આશાપદીન તેણી લીધાં સન્માન,પોથી છોડાવી દીધાં માન,પંડીત કહે જે પ્રીતજ ધારો,પંચ લખ સાચી તે માન કરો;પારથીવ કરતાં પાતીક જશે.તેના પ્રતાપે પુત્રજ થશે,વીદ્વાનોનું વાક્ય ધરશું.કહ્યા થકીને બમણું કરશું.પ્રસન્ન થયા જવ બોલો દશા ટળી ગઇ હતિજે શીશ,ભગવાન શેવાથી ભાગ્યજ ભાળ્યું,વાંઝીયા મેંહેણું દીલથી ટળ્યુ;પુરે માસે પ્રસવ્યો પુત્ર,મુબાહાર ઘણાં ઘર સુત્ર.તરીયા તોરણ બાંધ્યા બાર. મંગળ ગાય નગરની નાર,વેહેંચ્યાં ગોળધાણાને પાન,યાચક જનને દીધાં દાન,ભોજન

કરાવ્યું બધુ ગામ, ઓચ્છવ વરત્યા ઠામો ઠામ આનંદભેર બહુ દીન વહી ગયા, રાજકુંવર ઘેર મોટા થયા. શુકલ ચંદ્ર વાધે છે જેમ, રજ બીન વધે છે તેમ; ધન્ય અંકુરાને છત્રજ ઘણાં, મળે મીત્ર પાસે સોગણા, સાત વર્ષનો થયો જ્યાહરે; નીશાળે મુકયો ત્યાહરે, ભણતર વીવીધ પેરનું ભણે, ભણ્યો લેખાં લાખોના ગણે; એક સુતાર તણો છે તન; તે સંગાથે મળીયું મન, જીવ એકને જુજવી દેહ, મીત જેવી બપઇયા મેહ; એક ઘડી અળગો નવ થાય; મોટા ભાઇ કુંખે કહેવાય, રમે જમે બેશીને માંહ, કશો અંતર રાખે નહી, તેને ઘેર તે પોતે જાય, જેવું હાજર તેવું ખાય; રાજકુંવરનો જે શણગાર તે પહેરી હીંડે સુતાર, બે જણ સાથે ઘોડે ચડે, રીસ કરે તે સાથે વડે; માત તાત મારે મોશાળ, સઉથી અળગો તેનો બાળ સઉકો રીસે મનમાં ઘણું વચન કે મલી પુત્રજતણું, રાજા આણે અદકી રીશ, જાણે અનુ છેદુ શીશ, તવ કું-વરે જાણી વાત મારા મીત્રની કરશે ઘાત, પીતા આગળ પ્રતીજ્ઞા કરી, આપ અંજળ પાણીની ભરી; મારા મીત્રને મારો તમો, સત સાથે મરશું અમો; એમ ચેતાવે બધું ગામ, મીત્રતણુ કો નવ લે નામ; એમ કરતાં થયા બહુ દીન, સુતારે વીચારયું મન.

દોહરો—શુળી ઉપરસાથરો ગુણકા ઉપર નેહ; રાજા સાથે પ્રીતડી, જીવ ઉપર છે એહ, પેરે કરીને પરહરૂ, વીચાર કરૂ મન વાજ, માટે મહારૂ વહાલ, પણ પાણી પહેલાં બાંધુ પાજ, એકદીન મીત્રજ વરગમાં, બેઠા છે એકાંત; હાસ્ય વીનોદ આનંદમાં; બીજ થકી કાંઇ ભ્રાંત.

ચોપાઇ—સુતાર કહે સાંભળરે મીત્ર; તારી બુધ છે પુન્ય પવીત્ર; કાંઇક માગુ આપો મુને, ખરો મીત્ર હું જાણું તુને, રાજકુંવર તે બોલ્યો સાથ. આવું વચન બાંધવને હાથ; જે માગો તે આપુ પ્રાણ, મીથ્યા ન કરૂ તાહરી વાણ, તુ જકારણ કરૂ દેહ ત્યાગ; કહે તો સોંપુ કોકણનું રાજ; સુતાર તવ પાયે લાગીઓ, મારી વીદ્યા અદકી જાણું, જો વચન હોયે તુજ તણું; મુર્ખ મુજને કહે છે નાત. કારીગરે વચન તવ તે એક માગીઓ હવડાં હુંછુ જોબનવેશ, મુજને જવાદો પરદેશ મારી જાત હુકમ આલીને ન્યાલજ કર્યું પરદેશે જાઉ પધારો બાંધિ લીધો વચને કરી નાકહેવાણી નહીતે ફરી વારૂ મીત્ર વહેલા આવજો, મારે કાજે રમત લાવજો; તુજને ઘણેરા દેશું માન; ત્યારે આદશું બીડીપાન, મળ્યો મીત્ર હેડે ભીડીયો સુતાર પરદેશે ચા-લીયો. માત તાતની શીખજ લીધ; પોતે પંથે કરયો છે લીધ, પછી પરદેશે કરયું પ્રયાણ. જાત શીરોમણ મહાસુભ જાણ; પરદેશે પરવરીયો ત્યાંહ; મીઠા મેરાવણ આવ્યો જ્યાંહ, વીશ્વકરમાના વેશજ તણો. સુતાર એક કારીગર ઘણો. આપ ઉતરયો તેને ઘેર. સુતાર સેવા કીધી બહુ પેર, વીદ્યા ભણવાને ત્યાં રહયો; સંવત્સર એક વેગે થયો, કરે તેના ઘરનું બહુ કામ, રળીને આપે હાડી દામ; એમ કરતાં થયાં વરસજ આઠ, ભડતાં આવડયો ભારે ઘાટ; ગુરૂ તે પ્રત્યે કહે બહુપેર, જાયે બાપ તું તારે ઘેર; સુતાર

કહે સાંભળ તાત; તમ આગળ કહું સાચી વાત, મારો મીત્ર રાજાનો તન, તે સાથે બન્યું છે મન, તેને કહ્યું બંધવ આવજે; મારે કાજે રમત લાવજે, તેને દેવા શું લેઇ જાઉં હું જેને ઓશીઆળો થાઉં; કહી તમોને શું કથી તેથી દેશ જવાતું નથી, માત પીતા ઘેર જોશે વાટ,તે મીત્ર કરતો હશે ઉચાટ; નઉતમ રમત મળશે જયાહરે, અમો દેશ જાશું તાહરે.

દોહરા—વાંધકરમા કરે વીનતિ, પોહોંચે તારા કોડ; અશ્વ આપુ કાષ્ટનો, જા ઘર મોડા મોડ. દોરી સંચે ચાલશે, જેમ કહુ ટેકાણ; પાણિ પંથાથી આગળા વારૂ નવાં વખાણ, મુરખ કળ નવ આપજે. રખે જે તારે હાથ વીનય કરી સંચો બહુ; વાત કરૂ તુજ સાથ; સંચજ સઘળો શીખવુ, તુરંગ કેરાં ઠામ; પુરવ જન્મ સંચે કરી, પામ્યા તો ઇનામ; સકલો જવ પાટીયાં. સતર શેરનો ભાર; ઉકેલી જે સજ કરયો, લાખેણો તો ચાર. પવન વેગે સાંચરે; જો ખેડે સુજાણ;ભુકો થઇ ભુતળ પડે; આગળ કરે અજાણ. ચોપાઈ—એવિ ગુરૂએ શીખજ કરી, તે સુતારે મનમાં ધરિ; ગુરૂ તણી ત્યાં માગી શીખ ચાલ્યો પંથ નવ આણી બીક, વાડે પંથની શી કહે પેર,વણું દીવસે આવ્યો ઘેર;સગાં સંબંધી આવી મળયાં; વીઓમ સાહુ વ્હાલાનારડયા. માત પીતાને હરખજ ઘણો;દીઠો પુત્ર જે પેટજ તણો;રાજ કુંવરને જાણજ થયું,તેના મનનું દુખજ ગયું. અડવાણુ પાયે ઊઠી આવીયો, અનેક ભેટ સાથે લાવીયો; બાંહે પસરયા બેઉ હાથ, સકળવાત કરે તે સાથ, દુખ સુખ હાણ. વરધજ તણી. કીધી વાત વીનોદની ઘણી; ભોજનમાં બેશીને જમે, રાજ રમત બીજી તે રમે; એમ કરતાં બેપોહોરજ થયા;રાજદ્વારે રાજા ગયા;તત્ર થયો જવ બીજે દન.પધારીઓ રાજાનો તન, કહેછે મીત્ર ભલે આવીયા, મારે કાજે શું લાવીયા; હું તો વાટ તારી જોઉં છું, આશાએ દહાડા ખોઉંછું; તજ્યા છે શણગાર સોળ, તજયા છે મુખ તંબોળ ઘણે દીવશે દીઠું મુખ,સઘળી વાતે ભાગી ભુખ;શણગાર હવે સજીશુ અંગ;મુખ તંબોળ ચાવીયું રંગ. મોટા બાંધવ કહું છું તને, માટે કાંઇક આપો મુને, માનવીએ નવ દીઠું હોય, ઉત્તમ વસ્તુ આપોને સોય.

દોહરા—વધઇશ કહે નરપત સુણો,વસ્તુ અમુલખ એક,લાવ્યો છુ પરદેશથી દોરી કેરી સંચ; અશ્વે જો સ્વારી કરો, નાવે ઉની આંચ; ઘડતાં ઘાટ માનવ તણે:. મર્મ ન જાણે કોય; અશ્વ પંથી તે આંધળો,નેમ તમારે સોય;દોરી સંચરો શીખવું, તમને રૂડી પેર; ત્યાં સુધી ઘોડો કાષ્ટનો, રાખુ મારે ઘેર; વીદ્યા તમને શીખતાં, થાશે જી ખટ માસ; વળતી તમે વાહન કરો, પોચે મનની આશ; બીડી ઘોડો કાષ્ટનો, બેસવા નહિ સમર્થ, આળ અજાણે જો કરે,તો થાએ અનર્થ; વધઇશ રહયો એવું કહી,રાયને લાગી રાડ; જે રમત લાવ્યા તમે, તે હવડાં દેખાડ; દેખાડતો મીત્ર સહી,નહિતો દુશમન હોય;પાણ તજુ હું માહરો,જેમ ન જાણે કોય. ચોપાઇ—વૈશ કહે વહાણે આવજે

અશ્વ પાણી પંથે લાવજો; તેણે અસ્વાર થાજો તમો, કાષ્ટ સ્વારજ થઇશું અમો, વાહાણાંનો રાખ્યો વાયદો; કોઇ આગળ ન કર્યો કાયદો; હરખભેર શું વીતી રાત, ઉગ્યો સુર થયો પ્રભાત, દંત ધાવન હેતે શું કીધ, અચરત મેવા મુખમાં લીધ;સવા લાખ ટકાનો તુરિ હેમ,મોતિની આખર ધરી;તેમપોષાક પેરયો પંચકરોડ તણો;આ-ભુષણો સંખ્યાથી ઘણો; જેવો ઘોડો શોભે વરસાર, તેઓ પોતે આપ થઇ જાય; ત્યારે બોલ્યા માને બાપ, નીરખુ કુંવર તણું મન આપ; ક્યાં કુંવર જાઓ કોણ અરથ, સંખ્યા અલેખે પામે અર્થ; સેવક સાથે રાખો ઘણા, અંગ રક્ષા પોતાની દેહવણા; સુણી વચન બોલ્યો તે તન, રખે સાથે આવે કો જન; મારી સાથે આવો આ દીશ, શીવ આજ્ઞા બો છેદુ ન શીશ; મંદીર જાવું છે. મીત્રજ તણે, ત્યાં શું કરીએ મોટાઈ આપણે; માબાપે ઘરયાછે હાથ, પુત્ર પાખે થઇશુ અનાથ; કોઇ હહડો લેશે પ્રાણ, દ્રવને લોભે થાશે હાણ, કુંવર કહ્યું ન કરે આપણું, શીખામણ નવી દીજે ઘણું; શીખામણ નવ માને પેર, સીધર આવો સુતારન ઘેર, રાજકુંવર પોતે ચાલીયો, સુતારને મંદીર આવીયો; કાષ્ટ ઘોડો સુતારે સજ્યો, રાજા થકી ભરેલો ભજ્યો;એક બોજન વાડી રાયની, તેહ તણી શોભા છે ઘણી; રમવાને કાજ સાંચરયા, આપો આપ બેહુ પરવરયા, નથી સાથે સેવક રાય,એક વદ્દશને બીજા રાય; અશ્વ રાખેલો રાજા તણો,નથી કાષ્ટનો ચાલે ઘણો;જઇ વાડામાં ફુલજ લીધ, રમત ઘડી બે ચારેક કીધ; જવા માંડયું પોતાને ઘેર.ત્યારે રાયે વીચારી પેર; ઘોડો કાષ્ટનો હુંતો ચહું, ના કહો તો એ સાથે વહુ:એમ કહી ઝળગતાં અડયો, વારતામાં તે ઊપર ચઢયો; ચીંતા ન કરશો મીત્રજ તમો, એ શીખીયો છુ વિદ્યા અમો.

દોહરો–સુતાર તે ઘોડે ચડયો,ચઢયો કાષ્ટેતે રાય;હરખભેર ઉલટ ઘણો, નગર ભણીતે જાય,આગતા સ્વાગતા કારણે; તાણિ પકડી દોર. ચઢયો અશ્વ આકાશમાં ઘણું એક કીધું જોર. વીચાર કરયો મનડા વિષે, મારો પહોંચો વાંક; મહિપત મુજને મારશે,નીસ્ચે આડે આંક, ક્યાં જાઉં ને કયાં રહુ,હવે શી કરવી પેર, વિદેશ ગયે છુટકો નહી, કેમ જવાશે ઘેર.એટલે શેવક એક રાયનો, સેવા કારણ જાય, દીઠો ગંગાજળ નદી,એ સંગ નવ દીઠો રાયે,પકડી આણ્યો પલકમાં, બાંધ્યો છે ભળપુર, આણીને ઉભો કરયો જ્યાં નરપત આપ હજુર; શણગાર સરવે કુવર તણા; તે પહેર્યાં છે અંગ. પચાસ કરોડ એ વદ્દશાને; અશ્વ અનોપમ સંગ નીશ્ચે એણે મારીયો, રૂડો રાજકુમાર; દ્રવ્યદેખી મનડું ચળ્યું, નીશ્ચે જાણ ગુમાર, કહે ભાઇ ક્યાં મુકીયો,એ ઘોડાનો સ્વાર; ક્યાં ગયા ક્યારે આવશે, સાચુ બોલ સુતાર, નગર બધુ જોવા મળ્યું ઝાઝા લોગ બહુ રંક; નીશ્ચે મારયો પાપીએ, સહુ કહે આડે અંક ઉત્તર એક નવ ઊકલ્યો, કો નવ પામે વાત; હા ભાઇ મેં મીત્રનો, હાથે કીધો ઘાત, સુણતાં સઉકો કોપીયા. ભભર ચઢાવી શીશ; સુતારને કો શુળીએ, છેદો એનું શીશ;

સાચી વાત મળી નહી, એકે ન મળ્યો મેળ; કુટુંબ સહોદર સરવનું, પીલી કહાડે તેલ; સુણતાં શેવક દોડીઆ, સઉકો બેઠા જ્યાંય; ગયા સુતારને ઘેર, ઝુળી હાટી ત્યાંય. ચોપાઇ—વાત કહે ઉજેણનો ધણી, પોપટને નીંદ્રા આવી ઘણી; હોંકારો નવ દીધો મુખ, તવ રાજાને લાગ્યું દુઃખ. દેવી ગાળ તે હુંકારડે, કહેવી વાત તે હુંકારડે, ત્યારે પોપટ બોલ્યો શોચ, એક પોહોર વારો હોય; મેના હુંકારો દેશે વળી, મારા મનની ભરાંતજ ટળી, હવે નહી બોલુ મહારાજ; મુજ સરખું કાજ; એટલી વાત વાતતો પુરી થઇ. વદતાળ અડયો પ્રેતમાં જઈ; મેના આકાર સોના પુતળી, સજીવન થઈ તે રહુકો કળી, વિક્રમ રાયતે સુતો ત્યાંહ, વિચાર કરવા માંડયો ઘરમાંહ; તે કુંવર કયાં ગયો હશે, સુતારીને ત્યાં શી ગત થશે. ત્યારે મેના બોલી બોલ. એ વાતનો ભાગે તોલ; હુકમ દેતો હુંકારો દેજો બધી વાતનો પડદો લઊ, તે રાયને દો બહુ માન, દાસી સાથે મોકલો પાન; તે વાત સઊકોને ગમી, દાશી જઇ રાણીયે નમી, આ વાતતો પુરી થાય. આપે એના ઘરમાં જાય; અચરત પામ્યો ઇચ્છા ઘણી, વદે એમ ઊકણી ઘણી, શાહેલીએ માંડયો જેમ વાદ, હર્શા રાણીએ દીધા સાદ; આવો મહીપતિ વાતજ કરો. સુખે તોરણ છોડી પરવરો. હેતે સાદ કીધો જાહરે. તોરણ તોડી નાંખ્યું તાહરે, રાજા બેઠો મંડપ હેઠ, સરવે જણ સાંભળે દે નેટ; મેના બોલી હેતે વળી હવે ચીંતા મારી ટળી. તમો આવે કાંઇ રૂડુ થશે, મહા દુખીઆનાં દુખજ જશે; અવાચકને વાચા થાય, રોગી જનનો રોગજ જાય; નીરધન તે પામે બહુ ધન, વંઝા સ્ત્રી પામે સંતાન; જડરૂપ તે ચઇતન થાય, વર રૂડો વરે કન્યાય, રાંક રાણીને આંહે ધરો, વાત અધુરી પુરિ કરો; એવોછે દુખભંજન આપ, હું બોલું તે તુજ પરતાપ. રાણી મુરખ છે મોહની; એ શી વાત જાણે તાહરી; મેના મહીપત વાતો કરે, બીજા સહુ સાંભળવા રહે, વખાણ કરે હોંકારો દે, વારતા રાજા વીક્રમ કહે. સુતારને ત્યાં કરજો સાહાય, મેળાપ રાણી કુંવરનો થાય. રાણી કુંવર મારયો હોય પેર. તો ઘોડો લઇ ના આવે ઘેર; કદાચીત કામજ નહી થાય. તો વિદેશે નાશી જાય; જેને દુખારા છે ઘણું; કહો ભાઇ વીગત તમ તણું; તમારો મીત્ર તે કયા ગયો. કહો તમ વીજોગ કયાં થયો; તુજ પાશે ઘોડો શણગાર, કયાં ગયા, તે રાજ કુમાર સાચુ બોલો તમે સુજાણ. જુઠુ બોલો તો ઇશ્વર આણ. સુતાર કહે સાંભળશો તમો; અસત્ય વાત નહી બોલુ અમો; હું વિદેશથી આપ આવીયો કાષ્ઠ તણો ઘોડો લાવીયો. દોરી સંચો બાધી કરી. પવનવેગે ચાલે તુરી; અશ્વ પંએને દેખાડીઓ, મીત્રને સુખ પમાડીયો: વાડામાં રમવાને ગયા, એકાંતમાં અમો બેઊ થયા, મુને સાપ્યા સર્વે શણગાર, અરસ પરસ થયા અસવાર અજાણુથી ચંપાવ્યો પાગ, ખેંચીત પકડી તેલાગ, હુ તે વેળા હુતો પાસ, અશ્વ તો ઉડયો આકાશ, પાર તેનો કાંઇ જાણતો નથી. અજાણે વાત કેમ કહુ કથી. મેં તો કહ્યા સૌ સાચા બોલ, ન્યાય અન્યાય

સઉ કરજો તોલ, શરવે માંડયું આડો આંક. એ ગરાબ તણો શો વાંક; અરજસબ્દ આગળ કરો, સોંપો શણુગાર ઘોડો; નથી ભાગ્યું તારૂં ઘરસુત્ર, જીવતો છે ત્યાં તારો પુત્ર. થોડે દીવશે તમને મળે; વિજોગ તમારા મનનો ટળે; ધિરજ દિધી સઉને ત્યાંય, વૈરા રહયો કારાગ્રહ માંહ; એ વાત તો એટલેથી રહી, રાજ કુવરની શી ગત થઇ. કનકપુર પાટણ છે ગામ, કનકસેન રાજાનું નામ; મોટા ભોગી શમૃધિ ઘણી, દેશ અધિપતિ આપે છે ઘણિ; સઘળી સમૃદ્ધિ તેને ઘેર. પ્રજાને પાળે બહુ પેર, તેને નગર સીમાડો અડયો; એટલે ઘોડો હેઠળ પડયો, ભુખ તરશ તડકો ઉચાટ, ગયો મહીના પંદરની વાટ; તાહાડ તડકાને ભુંડી ભુખ, થયો દયામણો વેઠી દુખ. સંચ્ચે કરી ચલાવે તુરી, દશેદીશા જુએ છે ફરી; સમીપે દીઠું સુંદર ગામ, પોતે પંથી ગયો તે ઠામ, શીમાડે વાડીનું વન, નિરખી હરખ્યું તેનું મન, શોડ તાણીને સુતો ત્યાંહ, થયો જ્યારે ભરનીંદ્રા માંહ; ઘડીકા સાત સુતો જવ થઇ, ફુલ વીણવાને માલણ ગઇ; બેડકમાં તે ગઈ જ્યાહરે. મોટા પુરૂષ દીઠો તાહરે. તાણી સોડને નીરખ્યું મુખ, દીઠો સુંદિર પામી સુખ; બત્રિસ લક્ષણ ચતુરસુજાણ, રાજવંશી આકાર એંધાણ; નથી માલણ ઘેર પુત્ર. ભોગવનારો તે ઘર સુત્ર ઢંઢોળ્યો તવ જાગ્યો વિર, શીતળ લાવી પાયુ નીર; કોણ દેશ તણા છે ધણી, કહો ઇંહાં વીગત તમ તણી. શા માટે આવ્યા પ્રદેશ, ક્યાં કરવા પરવેશ; મારા સમ સાચુ કહો, જો ગમે તો અહીંયાં રહો ત્યારે પોતે બોલ્યો મુખ, તન દીઠે મુજને થયું સુખ; દુખનો મારયો આવ્યો અંહ, રેહેવું તાહારા મંદિર માંહ હેત પ્રીતને ઉલટ ભેર, તેડી ગઇ પોતાને ઘેર; કંથ આગળ કહ્યું સરવ સુત્ર, ઇશ્વરે આપ્યો છે પુત્ર રાજદુવારે રંગે રસભોજન મન ભાવતા જમે; અંગે આપ ધરે શણગાર, દ્રવ્ય આપણે અપરમપાર; ઠરી કુંવર તે ઠામે રહયો, માસ એક કરતાં કરતાં ગયો. દોહરા—એક દીવસ તે માલણે, ગુંથાવ્યો પુષ્પનો હાર બીજી ગુંથાવી કંચકી, લઇ જવા રાજ દરબાર, તે દહાડે હેતે કરી. પુત્ર લીધો સાથ; ફુલ ભરીને છાબડી, પોતે લીધી હાથ. ત્યાં બેઠો એક પાળીઓ, ઉભા રાખ્યો ત્યાંહ; રાજા પાસે કયાં જાઓ છો, રાજકુંવરી છે આંહ. ચોપાઇ—માલણ કહે અમારો તન. રાજ દરબાર જોયાનું મન; તે માટે તેડી જાઉછુ, આપ્યું લુણ તેનું ખાઉં છું; કહે પાળીઓ ઘેલી છું તું, એને નહી જાવા દેઉં હું; નહિ અમે જાણ્યો તારો વંશ, રાજભોજ દેવતાનો અંશ ઇંદુમતી જે રૂપ નીધાન; કુંવરીને માબાપનું માન; તેના માળામાં તેડી જાય, શું હાકેમ તે ઘેલા થાય. જોજો ઘરની જાણે પેર, પુત્રને મોકલો પાછો ઘેર; પુત્ર મેલ્યો પોળીઆની પાસ, માલણ ગઇ પદમણી પાસ, આપી છાબને પાછી વળી ભરાંત બાપ રૂદેથી ટળી, પ્રતિહારે જે કહ્યા વચન, મહિપતીને દુખ લાગ્યુ મન, એક વાર જોવા તેને જાઉં, મારા મનનો સંદેહ ખોઉં; એમ વિચારે આપ મન, ઉદેકાર થયો તે દન. માતા આપણી વિવા

કરૂ, ચોળી પુષ્પ તણિ હું ભરૂ, શીખીએતો આપણુ આપે અરથ. જે થકી કમાઇએ અરથ; વારૂં વીર તું સુખે કરે; અંગ પ્રમાણે ચોરી ભરે.

દોહરા—વિણ્યાં કળીયો ફુલની, ચોળી કીધી અંગ; સવા લાખની મુદ્રિકા, વીંટી તેને સંગ. ભરી છાબ છે હેતશું, કોઇએ ન જાણે વાત, ચાલી તે દરબારમાં, માલણ તેની માત. તતક્ષણ આપીને વળી. આવી પોતાને ઘેર; ચોળી પહેરી પદ્મની. વીંટીની કહું પેર. ડાબા અંગને ઉપરે, પોચી વીંટીનો અંક, સંભાળ્યું તે સુંદરી, જોઉ લાખેણું લંક, વીટી દીઠી હેમની, સવા લાખનું નંગ, ઉજેસ થયો અંધારડે, તેવુ તો થયું અંગ,લીધી હાથમાં હેતશુ, એવી વસ્તુ અમુલ, કયાંથી લાવી માલણી; શોધ કરૂં સઋણ. ચોપાઇ—બીજે દીવસ થયો જ્યાહરે,દરબાર માલણ ગઇ તાહરે; કુંવરીએ બહુ કરી રીસ, સમળ આંખ ચડાવી શીશ; કાલે લાવી ચોળી માહરી, કોણ ગુથનારી છે તાહરી;સત્ય વાત તું કહેરે મુને; સ્ત્રી હત્યાનું પાપજ તુને; ત્યારે માલણ જોડ્યા હાથ, બોલી ઇંદુ મતીની સાથ; કાલો ઘેલો મારો તન. ચોળી ગુંથ્યાનું તેને મન. તેણે તો ગુંથી છે તાલ, બાળક તે શું જાણે ચાલ, જેવી તેવી શીવી હોય, ક્ષમા કરો તે મારો વાંક; નહિ સોંપું હવે તેને હાથ.સાચા સમ ખાઉ તમ સાથ;ત્યારે વળતી બોલી નાર, માલણ તું બોલે છે આમ, તારે પેટ નહીં સંતાન, પ્રગટ શું કહેવડી સાન; માલણ કહે સાંભળરે વાત, સત્ય કહું તુજને સાક્ષાત. રાજબીજ કો ભુલો પડ્યો, મારી વાડીમાં આવી ચડ્યો, દીઠું તેનું અદભુત રૂપ, કોઇ એક નગર તણો છે ભુપ; લક્ષમણ જોઇ રાખ્યો છે અમો, પુત પેટનો બીજો તમો, ત્યારે હરખી તે સુજાણ. તેનો લાગ્યું મોહનું બાણ, તે રાજકુવરને હું વરૂં નહી તો હું કુંવારી મરૂં; એ પુરૂષની જોડ જાત, મોટા તાતને નાનો ભરાત. એવું વીચાર્યુ રૂદીયા વીખે, છાની એક તે ચીઠી લખે; વાળ્યો લાડવો ગોળજ તણો, ભારે મુલ દીઠો અતી ઘણો, ચીઠી ચાલી તેની સાથ. આપ્યો લાડવો માલણ હાથ; આપજે તુમ સુતના હાથમાં, સમ દેઉ તારા સાથમાં તારા સુતને ના આપે હાથ, તો તુજને બ્રહ્મહત્યા પાપ; તવ માલણ રળીઆતજ થઇ, લાડવો લઇ સુત પાસે ગઇ, ઇંદુમતીએ આપ્યો તુને; ચેત્યો ચતુર ઉપન્યા બહુ કોડ, વાંચી ચીઠી લાગી હોડ, એ લાડુમાં છે બહુ પેર, દીસે અમરત ને ખીજે ઝેર; એકાંતે લાડુ લઇ જાઉ અકસ્માતે હું નહી ખાઉ. પોતે બેઠા જઇ એકાંત. લાડુ દિઠે ભાગી ભ્રાંત ભાગ્યો; એટલે ચીઠી નિકળી, વાંચ્યા મનની ભ્રાતજ ટળી; સ્વસ્ત શ્રી રાજાજી મીત્ર, વાચી જોજો મેં લખીયું પત્ર; ભલે આવ્યા તમો મારે ગામ લખીતંગ ઇંદુમતી નામ.નથી દીઠું મેં તમારૂં રૂપ,કોઇ એક નગરી તણો ભુપ, કોહોનિ જોડે કયાં આવીયા, કીધી પરીક્ષા મન ભાવીયા. ચોળી નીરખી મેં પરમાણ; મુદ્રિકા મેં જોઇ સુજાણ; સંક્ષેપે લખુ છે સેહેલ જે તે પ્રકારે આવજો ઘેર, ચોકી બારણે નરૂપતી તણી, ત્યાં અબળા છે અતી ઘણી; પછવાડે બારી

છે એક, તે સંબંધ છે ઘણો વીશેક બેસે માખ તો ઉપડી જાય, ઉંચી આકાશ પ્રમાણુ થાય, અંત્રિશ જે ઉડે આકાશ તે આવે મારે પાસ. તુજ દીઠે અમો ભોજન કરૂં. આવે નહીતો નીસ્ચે મરૂં, અમો મન પ્રતીજ્ઞા કરી, આજ કાયા તો તુજને વરી, અરધીરાત સમે આવજે, પરણ્યાની સામગ્રી લાવજે; સંક્ષેપે કહ્યું કરજોડ, વાંચી જો જે મેં લખીયા કોડ, વાંચી પત્ર વીસામણ કરી, હીંમત આપ રૂદેમાં ધરી; ફીકર નહી હું ક્ષત્રી જાત. નવ જાઉં તો બેસે પાપ, એ રસ જોઇએ તે ઘડી. એમ કરતા તે નીશા પડી, નીત્ય વાડીએ રહેતા તાત, તે દહાડે પુત્રે કીધી વાત; આજ વાડીએ વાસો જશું, રૂડા તે વનફળ ખાઇશું માત પીતાને ઉલટ ભર્યો સુત શીખ માગીને ગયો; જુવતિ તો જુવે છે વાટ, ચતુર ના આવ્યો શા માટ, પોતાની હુતી એક દાસ તે વળા બીજુ નહી પાસ; કાષ્ટ ઘોડે થયો અસ્વાર ગયો માળીયે રાજકુમાર પરસ્પર દ્રષ્ટિ એક મળી, સંતાપ શોક રૂદેમાં ટળી, પાયે લાગી કીધાં સન્માન હાજર કીધાં ફોફળ પાન. સહુ સામગ્રી તો સજ કરો, ગાંધરવ વિવાહ કરીને વરો; પરણ્યા મુને આણી પ્રીત. પુરણ શાસ્ત્ર તણી રીત, સંક્ષેપે કહ્યું છું સાર. વિસ્તારૂં તો લાગે વાર; બેઉના મનની પોહોતિ રળી, દુધ માંહે જેમ સાકર ભળી; ચતુરાઇની કહી બહુ વાત, રંગ ભરવતી છે રાત, અરધી નીશાએ આવજે. પાન ફુલ રૂડાં લાવજે વારૂ કહીને કુંવરજ વળ્યો માત પીતાને જઇને વળ્યો, નીત્ય પ્રત્યે કરે છે કામ, કોઇ લઇ શકે નહી નામ. કોઇ નવ જાણે વીચાર. પરણીની નવ જાણી નાર; એને ઘેર નવ જાણે વાત, રંગ રમે તે માઝમ રાત, સંવત્સર એક ક્ષણમાં જાય, કૌતક એક અતીશે થાય રહયો ગરભનારી પેટ, દીન પ્રત્યે વાધે છે પેટ, ચિંતા થાય એને મન ઘણી, શી વલે થાશે આપણી, હજુ સુધી બાળા પણવેશ એકે વાત નવ જાયે પેરા; એમ કરતાં થયા નવ માસ, ચિંતા સહુ રાણીને દાસ.

દોહરા—એક દીવસ તે નારીએ વીનવીએ સુજાણ; પિત પરવારી આપણી, હવે તજું હું પ્રાણ. મેહેણું માથે લાગીયું. હવે જીવું તે ફોક; રાય રીશ કરશે ઘણી, મેહેણા દે છે લોક, મુજને નિત્ય સંભળાવજો, પ્રિત તણો વહેવાર; હવે કાલ ન આવશો, છેલ્લો એ જુહાર. નરપત કહે નારી સુણો, આકુળ વ્યાકુળ નવ થાઉ; સાથે આવો માહારી; પરદેશ તેડી જાઉં.ઉની આંચ આવે નહી,થાઓ ઘોડે સ્વાર;અધરાતે બે નિસર્યા, ભામનીને ભરથાર; ધન લીધુ લેખાવનું, સજ્યા સોળશણગાર; માઝમ રાતે નિસર્યા, અસ્વાર ઘોડે થયા, આકાશ મારગ સંચરયા, આડે મારગ જાય, અરણ્ય વનમાં બે ગયાં, આકુળ વ્યાકુળ હોય. વીશ જોજન વસ્તી નહી. નહી સરોવર ઝાડ. ભુખ તરશ તડકો ઘણો, ભુખે ધરૂજે હાડ. ભુખ લાગે તડકો તપે,થયા ખરા મધ્યાન. તે વેળા તે રાણીએ, પ્રસવ્યું છે સંતાન, અસ્વારથી ઉતર્યા બેઠા દીલમાં દુખ, પ્રાણ કેમ રહેશે ધારણે. એવી ભુંડી ભુખ. ચોપાઇ—ત્યારે બોલ્યો રાજકુમાર સાંભળ તું

સકુળની નાર; આ ઠેકાણે રહેજો તમો અગ્નિ નીર લઇ આવું અમો તે રણમાં મુકી સુંદરિ, ગયો રાજા ખેડીયે તુરી; આગળ આવ્યું વરૂણનું નીર, દવ બળતો તો પેલી તીર, અંતરીક્ષ ગયો તે રાજકુમાર; ભરયું નીર નવ લાગી વાર; અગ્નિ લઈ આવે જેટલે, કઉતક એક થયું તેટલે, ઘોડા ઉપર અગ્નિ ઝરી, દોહીબળી તે દોહિજ તણુ ઢગલો થઇ પડયો તે આંહ, વીનતા વાટ જુએ છે ત્યાંહ; નાંખ્યો કંથ મારેશા માટ, અનેક પેર કરે ઉચાટ. પુત્ર મોઢાડયો પ્રોઢેપાન, નારી પોતે ચાલીરાન એટલે આવી વનશિયાળ, ખડમાંથી તે કાઢયું બાળ ભક્ષ જાણું લેઇ ગયો ચાર જોજન ચોવાટે થયો; કહે વાત ઉજેણી ધણી મેનાને નિંદ્રા આવી ઘણી, છાનો રહ્યો ત્યાં વીકરમરાય, વઈતાળ મોર સમીપે જાય, બોલ્યો મોર પ્રાણ ધન ધન વીક્રમરાય સુજાણ, હુ બેઠો સુણુ તે વાત, સુખેથી નિરગમાએ રાત; જીવતદાન મને દીજીએ, એ વાત પુરી કીજીએ ઘરમાંથી રાણિ અકળાય જાણે વાત એ પુરી થાય, વીકરમ કહે મુરખ છે તું; વણ તેડે કેમ આવું હું મુરખનો દીઠો ઠામ, ચતુર પુરૂષનું છે કામ વણ તેડે આવું આજ, શું અધરૂં મારે કાજ, કેમ વેગળે વાતો કરૂં, માંદો ઉતાંરા સુદ્ધી રહુ.

દોહરા—માનુની માન મુકી, દીધો તેને સાદ, આવો વાત પુરી કરો, આણી મન ઉલાદ રાણી રાયને તેડીયો, સુણિ વાત બે હરણ; અધીપતી ત્યાં આવી પડયો, તોરણ તોડયાં તરણ મોર મધુર ઓચરે, તે નવ જાણે કોય; ન દે હકારડો, અચરત જેવું શું હોય ચોપાઇ-સાંભળવા બેઠી સૌ નાર; માનુની બેઠી ઠારો ઠાર, યાર સાંભળે મારીવાત, તે રણમાં નહી માનવ જાત; રાજકુવર અશ્વથી પડયો મોટે મગરે તેને ગળ્યો. તે ગયો એક નગરનિ માંહ, ઢીમર જાળ લઇ આવ્યો ત્યાંહ;કાઢયો ઘર વેગે વાઢીયો, પેટ થકી પુરૂષ કાઢીયો. રાજકુંવર નગરમાં ગયો, વહાણ વટી વેહેપારી થયો;સ્થિર ઠરી રહયો તે ઠાર, ગફા મધે ગઇ તે નાર; તે સ્થાપક નવ દીઠો તન,દુખ પામી પોતાને મન.રડવડતી રણ વગડે ગઇ. કોકીલાપુરમાં થર થઇ રહી,તે ગામમાં ડાકણ એક, મારે માણસ વિવાંદ વીસેક, તેની દ્રષ્ટે સરવે ડરે,તેની દેખી સહુકો મરે; ગામ થકી જો વેગળી, કાઢી મુકી એકલી. દોહરા—તે ઠામે નારી જઇ પડી, તે ડાકણને ઘેર;કયાં જાઓ કોણે કારણે,બેશ બાઇ મારે ઘેર,ચોપાઇ—તું રંગે મનમાં રાખે શોક, મુજને ડાકણ કહેછે લોક મારે ઘરમાં લખપાંચ તુનેન આવે હેની આંચ ખાઓ પીઓને રંગે રમો, ભોજન તો મન ગમતાં જમો; વારૂ બાઇએ રૂડી પેર,હેતે રહું તારે ઘેર. તમો ડાકણ રહો છો આ ધામ ને શાકણ તે મારૂ નામ. મારે નથી જોઇતો ગરથ,શેર અન્ન તણો છે અરથ;તે નારી તે સ્થાનક રહી,દુઃખ વિસારી સુખણી થઇ. હવે વનમાં પેલોબાળ, તાણીને ગયો શીયાળ. એટલે વનમાં આવ્યો વાઘ.તેને જોયો રૂડો લાગ. જંબુકને ઝડપ જેટલે નાખી સુતનાઠો તેટલે;શારદુલે શીયાળજ ગળયો; સગાં સહોદરને જઈ મળયો દોહરો—નરપતિ તેહ નગર તણો,ચડીયો છે શિકાર; વનમાં આવ્યો

તે સમે પુત્ર પડયો તે ઠાર. ઉતરીયો રંગે ભરયો. અદકું હિડું હેત; લઇ આવ્યો તે નગરમાં, શેના સરવ સમેત; આદલ વિવિધ વગાડીયાં, તોરણ બાંધ્યાં બાર, ઓછવ મંગળ અતિ ઘણો, વરત્યો જેજેકાર. રાજા રીઝયો અતિ ઘણું પ્રભુએ આપ્યો પુત્ર રાજ રીદ્ધ એ ભોગવે, હસ્ત ઘોડા સુત્ર

ચોપાઇ–તે ભુપતનું ભાગ્યજ ભળ્યું, વાંઝીયા મેહેણું શીરથી ટળ્યું; મહીપતી એ સોંપ્યો મોહોલમાંહ. રૂડીભાવ રાખી છે તાંહ,શુકલ પક્ષચંદ્ર વાધે જેમ રાજબીજ વાધેછે જેમ; રાજબીજ રાણીનો જણ્યો, ચઉદ વિદ્યા ત્યાં ઘણું ભણ્યો પુરણ શાસ્ત્રનો જાણે ભેદ, ચરચા જાણે બહુ વેદ; કામ શાસ્ત્ર યુદ્ધ અંગ ધરે, મારગ નપુશ ક્ના પરહરે. ક્ષત્રીવટ રાજાનો ધર્મ, તેનો સઘળો જાણે મરમ, રૂડો શોભે રાજકુમાર, લક્ષણ પુરણ વીશને બાર દોહરા–પંદર વરસ પુરાં થયા, ચિત ચતુરાઇ તર્ત તે સમે તે રાયજી, નિસ્ચે પામ્યો મર્ત. સ્થાન કહે પરણાવીએ, રૂડા રાજકુમાર, નકાર કરે તે રાયજી, ફરિ ફરિ વારો વાર. એટલી વાત પુરી કરી, સજન સહુ સનમાન, રાજ રીતે તે ભોગવે, પ્રિય કરી પરધાન.

ચોપાઇ–પ્રધાન કહે પરણાવું અમો,હુકમ રાજાજી દીઓ તમો;રાજા કહેમાં દેશો નામ, મારે પરણ્યાનું નહી કામ.નજરે જોઇને વિવાહ કરૂં,મન અમે તેને હું વરૂં;ગુણ ચતુરાઇ જોઉ રૂપ, ન પરણું કહે એમ ભુપ. પ્રજા પાળેછે રૂડી પેર, જા ભાઇ પોતાને ઘેર; એ વાત એટલેથી રહી, પેલી સ્ત્રીની શી ગત થઇ, પોતા પાસે ડાકણ હતિ, જે પાસે એ સુખની થતી; તેનો કાળ પોત્યો છે તરત, અકસ્માત તે પામી મરત, સરવે અલખત આવી હાથ, સ્ત્રીએ વિચાર્યું રૂદિયા, સાથ;મારી પાસે બહુ છે ગરથ,મુવા પછી શું આવશે અરથ.માટે કાંમ એક કરૂં સુજનામ,જેમ જાણે મને આખું ગામ; તેડયા મજુર કડીયા સુતાર, ગાંઠે ગરથ તેને શીવાર. ઘરમાં તો રાખી સનહાસ,કર્યો મોહોલ ઉંચો આકાશ;કીધાં વાડી સુંદરવન, જોતાં નરૂપતી પામે મન. કીધાં નવાણ રૂડી વાવડી, રૂપાં જોડ તેની તે ઘડી;કીધી શોભા મોહોલજ તણી, રાજદ્વારથી શોભા ઘણી શોભા જોતાં રામ એ શેક, જોવા આવ્યા નગરના લોક; ડાકણ પુત્રી શાકણ નામ,તેણીએ જેને કીધુ કામ.બન્યો મોહોલ વિવિધના રંગ.રાજદ્વાર સરખો પ્રસંગ; બાંધી કનક હીડોળા ખાટ, રત્ન જડીત્ર જડાવી પાટ. અંગ શણગાર સજેછે સોળ. મુખ ભરયાં તંબોળ; શોજે તાલ મ્રદંગને ચંગ,થઇ રહયો ત્યાં નાટારંગ. દાશી સત એ રાણી તણી,જોતાં આંખ સહુકોની ઠરી;વીસરી મુકયું સઉ દુખ.થયું તને સઘળી વાતે સુખ.વાધ્યું તે જોબન ભરપુર,લક્ષ્મીતણું વાધ્યું છે નુર;ઇંદ્રાણી જેવી અપછરા, કામ કળા માંહે મછરા.ચંપકવર્ણી પહેરે ચીર,કનક કળસ ભરાવે નીર;મોતી તોરણ લહેકે લેહેર, કસ્તુરીની મુખે એર.

દોહરા–સભા ભરી સીંહાસને, બેઠા નરપત રાય; પંડીત પ્રધાન જાચક ઘણા,

બીજો સઘળો સાથ.ત્યાં તે વાત કરે સહુ સાંભળે વાત સુજાણ;શોભાએ જે માનુની, તેનાં કરે વખાણ. દ્રવ્ય હતો ડાકણ તણો, અસંખ્ય અલેખે જેહ આવ્યો હાથ નારી તણે, તેમાં નહી સંદેહ. કોઇ કહે એ અપછરા, કોઇ કહે રાણી રૂપ, વખાણ કરે એનાં સહુ. સભા સાંભળે ભુપ મોહ લાગ્યો મનડા વિશે, જોઊ જુવતિની જાત; તે દહાડે તે નીકળ્યો, નીશાચર તે રાય. કોઇને વાત કરી નહી કોઇ સેવક સાથ; રાજા પોતે નિસરયો, ખડગ પોતાને હાથ. રૂપવંત જોબન ઘણું, પારસ તણો અવતાર; બત્રીસ લક્ષણ આગળો, કરણ સરખો દાતાર, ગામ થકી વેગળો મોહોલ તે જોજન એક અરચા જોવા નારની,ધરી બુદ્ધવશેક,સાકણ નહી એ સુંદરી, કોઈ રાજાની તન;લક્ષણ જોઇ ચાતુરી, હરખ્યો પોતે મન. એંધાણ જોયા આકારશું, એકે ન મળે ખોડ,રાખું રામા રીઝશું, હોંશે હરખ્યો હોડ, ઇંદ્ર આકારે સુંદરી, જોયું તેનું રૂપ; પ્રાત સમે અયોપુર વિશે; ભોગી નર તે ભુપ.

ચોપાઇ- હરખભેર તે રેણી ગઇ, પ્રભાત વેળા તોત્યાં થઇ;સભા ભરીને બેઠો રાય, જાચક જન તે જુગતે ગાય. એટલે ત્યાં આવ્યો પ્રધાન, બેસાડીને દીધાં માન; કહી વાત તે રાજે, મુકીલાજ પરણાવીએજી આજ. કન્યા મેં નિરખીછે જેહ, તે ઊપર અદકો છે નેહ; જાત ભાત નવ કહેશો કોય, તે તો મિત્ર અમારો હોય. પુત્રી થઇ તે ડાકણ જન, તે ઊપર લાગ્યું છે મન; જાણ કરાવો વેગે તમો. કન્યા વરવા જાઉં છું અમો. પડો વજડાવ્યો બાધે ગામ,ના કહે તેને મારૂ ઠામ, ફરિ વાત મને પુછશે જેહ, મોટો દુશ્મન માહારો તેહ. મુજને ના કહેશે જે આપ,મારૂં નહિ તો બ્રહ્મહત્યા પાપ, સહુકો તે સાંભળીને હશે; રૂદે બોલ રાજાનો વસે ના તેને કોણજ કહી શકે, કંકોત્રી પ્રધાનજ લખે, તવ તેણે વિચાર્યું ચીત,ચાતુરીવંત તેડયો છે મિત્ર.શીખામણ દીધી છે ઘણી, તુને પરણે પૃથ્વીનો ધણી; વળી ચતુરાઇ હોયે જેહ, રાણી આગળ કહેજો તેહ. દોહરા—વારૂ કહી વેગે ગયો, કાગળ લખીયો ત્યાંહ; બેઠી કામની કલોલમાં આપ મહેલની માંહ. હાથ આપી કંકોતરી, નારી વાંચો આંક;વળી ફંદ બીજો પડી કરમતણા એ વાંક.

ચોપાઇ—જો આવે રાણીથી પ્રીત,તો રાખુ રાણીની રીત;જોરાવરિ તેડાવું પાસ, કરી રાખું ઘરમાંની દાસ. ધન સરવે ખુંચી લેઊ, ભંડાર સરવે લુંટી લેઊ, કાન નાક છેદુ આ ઠામ, ફેરવું સઘળુ રૂખે ગામ,રાણી જો આવે હેતમાં, શેવક થઇને રહુ હજુરમાં;તુજ કહે તે કર કાજ,સોંપુ બધા નગમનું રાજ ભોગવો ભોગ મન ગમતા ઘણા,રાજ રીજ રીત અલખત છે ઘણા;એવા ત્યાં કહ્યા પ્રતિબોધ,ચડયો ઘણો રામાને ક્રોધ એવું ગમ તે હું કેમ કરૂં, બીજો વર તે હું કેમ વરૂ; તે વાતે તો બેસે કરમ એતો નહી નારીનો ધરમ સેવક એવું સુણીને વળ્યો,તે આવી રાજાને મળ્યો રાણીએ કહ્યું છે સંક્ષેપ, સુણજો સઊ રાખી વીવેક, મારે માથે સ્વામી હશે, તે કોઇ એક

દીને પેદા થાશે, મારે કંથ છે જોબન વેશ, રખુમાં મુકી ગયો વીદેશ. વરસ સોલ થયાં જે થકી, મરણ જીવત કંઇ જાતી નથી; એવો કહયો નારીએ બોલ, મોકલ રાય કરોને તોલ,

દોહરા—રાજાએ ફરી કહાવીયું, સંક્ષેપ સુજાણ, જો જાતે હોય પદમની માને વાત નીરવાણ; ખરીદદાર એનો કોઇ નહી, ને રાજાનો માલ; સંધ તેસુદરી સુજને છે બહુ વહાલ રીઝુ તો રાણી કરૂ. ખીજુ તો કરૂ દાસ રૂડુ જાણો તે કરો પ્રીતે આવો પાસ શરીઅત માનું સુંદરી, પ્રથ્વીપતીનું આપ; દોશ નહીએ જીવતો હશે; નહિ બેસે શીર પાપ; સોળ વરસ તે વહી ગયા, સ્વામી ચાલ્યો વરન; તે કયાંથી જીવતો હશે; નીસ્ચે પામ્યો મરત. ચોપાઇ—રાજાનાં વાયક તે લથાં, રાણી આગળ જઇને કહ્યાં, ધન મદ જોબન મદ જેહને, કામ લક્ષણ ઘણાં તેહને; કાય જીત્યો નહી જાય, કામ તેહ અજીત કહેવાય; નથી જીત્યો કે રાજા ઇંદ્ર, નથી જીત્યો એ શીતળ-ચંદ્ર; સજી શણગારને તત્પર થઇ, રથમાં બેસી નગરમાં ગઇ; મોટાની કરે કોણજ વાત. કરે નીંધા તો પામે ઘાત; તેનું લપટાયું છે મન, જેની પાસે અઢળું ધન; જુઠી વાત નરપત મન ધરે, તે સહુકો સાચું કરે. રૂડું રૂડું સહુકો કહે, રંગ મોલમાં રાણી રહે; શણગાર્યો છે અતી આવાસ, સેજા કારણ મુકી દાસ કસ્તુરી તણાં છાંટણાં કનક પાટ તણાં બેસણાં વીવીધ પેરની રચના ઘણી, ઉપર ખાટ છે હેમજ તણી, રાખી રાણીને ઉલટ ઘણો નર નારીને ભળવા તણો; એમ કરતાં પડી છે રાત, સુતા સહુકો માનવ જાત. સુંદરિએ શણગાર સજ્યા છે સોળ, મુખ ભર્યાં માંહી તંબોળ, કુમ કુમ તીળક ભર્યાં કપાળ; પેહેર્યો મુક્તા ફુલનો હાર; કુશળ ને શણ-ગારી અતી, સ્વરૂપ સુંદર થઇ જેવી રતી. બેઠી જુવે પતી વાટ, હેતે હીંડોળા ખાટ રંગ મહેલમાં રાજા જાય, આભુષણ શણગાર્યાં છે કાય; પાન ફોફળ ઘણા ત્યાંહ, રાણી કેરા મોહોલજ માંય. બંનેને મન પ્રગટ્યો કામ, રાજા જઇ બેઠો તે ઠામ.

દોહરા—નીંદ્રા આવી મોરને, રહી પાછલી રાત; વીક્રમસેન છાના રહ્યા, સેહે અધુ-રી વાત. ઘરમાંથી સઉ સાંભળી, અચરત પામ્યા તેહ; પુત્ર ગયો મા ઉપરે, એ મોટો સંદેહ. રાણી અકળાએ મનું જાણે હું દેઉ પ્રાણ; પુરી વાત હું સાંભળુ મન આણી ઉલાહ. ચોપાઇ—એમ વીચાર કરે જેટલે, બોલી ઢેલ આવી તેટલે; ધનધન વીક્રમ ચતુરસુજાણ, મેં સાંભળીયું છે કાન, ભરખ મુજને કહડે તેટલે, ઘણો, સંદેહ ભાગ્યો મનડા તણો; બાબા આવો આ સ્થાનક રેહો; પુરી વાત મારા સમ કહો; નરપત કહે ગાંડી છે ઢેલ, વણ તેડે કેમ આવું મેલ, તેડ્યા વીના પરમંદીર જાઊં, શીદ તરણાથી હળવો થાઊં, શી ગરજને આવુ અરસે; વણ તેડે કેમ જાઊં ભાસે; એવું કહીને બેઠો ત્યાંય; આકુળ વ્યાકુળ રાણી થાય, ઊપન્યો મોહ મન લાગ્યો વાદ; હેત પ્રીતશું દીધો સાદ, આવો મહીપત મોટા મહારાજ. લાગેણા હડે છે આજ,

તોરણ તોડી નાંખ્યું તાંહ; ગયો રાજાજી મોહોલજ માંહ, અરસપરસ કીધુ દરશન, રાણી થઇ ઘણું પ્રસન્ન; વર તે વરસો જાણ્યો મેં ઘેર, આવો રાય પધારો ઘેર; સુર પુર સતવાદિ પુત્ર, દેવાંશીથી અદ્દકુ રૂપ. કરજોડીને લાગુ પાય, ક્ષમા કરો મારો અન્યાય; કનક આસને બેસો તમો. હારી હું ને જીત્યા તમો. મુલ ખરીદી દાસી અમો. રાણીજીનો શોકજ શમ્યો,હુકમ કરો હું રેહુ કે જાઊં. વગર હામ મુખે વેચાણું, તમારૂ વચન નવ મીથ્યા કરૂં, એકવાર કહો લખવારેજ કરૂં,પેલી વાતનો પારજ લેઊં, સામી બેઠી હુકારો દેઊં; વળતાં તો ભોજન કીજીએ,પાન બીડાં મુખમાં લીજીએ, પરણ્યા મુજને આણી પ્રીત;આમ એવનજ તણી જે રીત દોહરા—વીક્રમ કહે વનીતા સુણો,નહી તુજને વાત; હાકાર કરી આપે રહી. મુરખ તારી જાત. પંખી ડેલ છે કનકની જડરૂપ છે જે આપ; વાચ્યા તો તેને થઇ, હરસીદ્ધ માત પ્રતાપ. એ આગળ અમો કહું વાત વીવેકના જ્ઞાન; તમે ઘરમાંથી સાંભળો,ધરી રહ્યાં ત્યાં ધ્યાન. વારતા વચે નવ બેસીએ; કહુ તુજ આગળ મર્મ; વરકન્યા કુંવારડી, તે નહી મારો ધર્મ. ચોપાઇ—પેલો પરણ્યો છે જે રાય, એ મોહોલે રાણીને જાય,નારી બેઠી જુવે છે વાટ, નવ આવ્યા સ્વામી શા માટ; જેને મન પ્રગટ્યો છે કામ, તવ રાજા આવ્યો તે ઠામ. નથી સેવક સાથે કો ખાસ,રાણી પાસે નથી કો દાસ; રંગે રમવાને કારણે, આવી ઊભો છે બારણે;ચોક મધે બાંધી છે ગાય એક વચ્છને બીજી માય. ધેનું વચ્છ બે વાતો કરે, તે તો રાજા મનમાં ધરે;આરે વચ્છ આરોજી આંહ, પાપી આવ્યો છે મહોલજ માંહ. એ દુષ્ટ કરશેજી ઘાત, એમ કહ્યું વચ્છ કેરી માત. વચ્છ કહે માતાજી સુણો, જુઠા બોલ તે શાને ભણ્યો; એતો છે ક્ષત્રી અવતાર, રાજ બીજ ને રાજકુમાર; જ્યારે આપણે સંકટ પડે, ત્યારે તે તો વ્હારે ચડે;કેમ કરે તે આપણી ઘાત,ઘેલા બોલ શું બોલો માત. દોહરા—સુરભી કહે એ વચ્છને,જુઠો એ છે રાય, માત પુત્ર બે પરણ્યા, એતો છે અન્યાય. પુત્ર પ્રસવ્યો જે પેટનો. ઊદર રહ્યો દસ માસ; તેને રાજા ભોગવે. ત્યાં સત્યનો થશે નાશ, તે માટે નવ બોલશો, આતો મારી ખોડ; જાણે અજાણે નીપજે, તે તો મોટી ખોડ.તે રાજાએ સાંભળ્યું પ્રત્યક્ષ કાને વાત ધેનુ એ શું ઓચરે, કોણ પુત્ર કોણ માત, ચોપાઇ—કામાતુર હતો તેટલો, તે વેળા પાછો વળ્યો; આ વાતનો ખરેખરો મનમા ઘણો સંદેહ ન ભાગ્યો મનડા તણે. જનુની આગળ જોડયા હાથ, બોલ્યો વચન તે તેની સાથ; હું અપરાધી તારો રાંક, ક્ષમા કરોજી મારો વાંક; ત્યારે મારે શરણ કહ્યુ, ચીતવણ એણે મારૂં અશું. સાચી શીખ માને માહારી, જનેતા હું છું તાહરી; દશ માસ ઊદરમાં રહ્યો, મારો ઊછેર્યો મોટો થયો કેમ પુછવું ત્યારે પડ્યું, તેની વાતનું અરજ અડ્યું; દુભાણો નહી મારો ચાત, રાયે વીચાર્યું મનડા સાથ, ચીંતામાં વીતિ છે રાત; રાણીએ કહ્યું આવાત શાબાશ રાજકુંવર તુને, લાલ વીસારી મુકી મુને. કરમાયો

કુસુમનો હાર, એળ ગયા સોળે શણગાર; અનેક ઓળંભા કહાવ્યા ઘણા, હેત પ્રિત ચતુરાઇ તણા, રાજાને મન હરખજ થયો, બીજા દીવસની રાતે ગયો. પ-હેલા દીવસની સામગ્રી જેહ, તેથી અણિ બમણિ તેહ; જઇ ઉભો આપણે બારણે, સતીને મળવાને કારણે, ત્યાં બોલી ધેનું વચન, ઓરાઆવો વછમારાતન; પાપી રાજા મારે અજાણ અથડાઇશ તો લેશે પ્રાણ, મુર્ખ કામી અંધજ હોય, જાય છે નેહ આણિને શોય; કાને સાંભળી કાલે થાય; કરી આપ અજાણે જાય; વીશ્વાસને શો કામી તણો, વચ્ચે રહેશો તો દુખીયા થશો. પ્રતક્ષ વાત સઉની સાંભળી, કામ બાણુ રૂપ અંગથી ટળી, વીમાશીને વીચારે પેર, તે રાતે તો આવ્યો ઘેર; માતા આગળ જોડી હાથ, તમો સાચું બોલો મુજ સાથ, કાહાડી ખડકને કોટે ધરયું, મર-વાનું પોતે મન કરયું, મારી ઉતપત કહો આદીશ, નીકર મારૂં પાડુ શીશ; ત્યારે જનુની કહે વચન, સાંભળરે તું મારા તન; પીતા શીકારે ગયો, અરણ્યમાં તું વાટે પડ્યો, એક દીનમેં અલીંગન દિધ, હેત થકી ઓછરંગે લીધ; જનમ્યો તો તેને તાજજ કરી, તારા સમજો વાતજ ખરી.

દોહરા—ત્યારે રાજા રીઝયો; સાચી છે એ વાત; સોળ વરસ રે જે થયાં, કયાંથી તારી માત. એટલે આવી ત્યાં સખી, ને શાહણની દાસ; વાટ જુવે છે રાણીજી, પ્રીતે આવો પાસ, રાય નહી આવો મોહોલમાં, તો રાણી તજશે પ્રાણ શીઘ્ર આવો ત્એ તીહાં, તમેછો ચતુર સુજાણ વેશે પાપ શીશ તાહરે. સ્રી હત્યા ત્યા થાય; શીઘ્ર પધારયો મલપતે; સ્રી બેઠી ત્યાં ખાટ; એટલે એક કઉતક થયું મળી રાણી રાય; ઉર ધરયું તે તેહનું, જેમ પોતાની માય, બંધ છુટયા કંચુકીના, છુટી ધારા થાન; મુખ બીજયું રાજા તણું, થયો ઘણુ અપમાન નીચું જોઇને બે રહ્યાં, ઉપન્યો મન સંદેહ, તેહ સમે ત્યાં આવીયા, પંડિત પાસે તેહ; જરી સભામાં પુછીયું, એતો શો ઉત્પાત શાસ્ર પુરાણે શોધાવીયું. સાચી કહોને વાત એ છ જનુની માહરી, એમાં નહિ સંદેહ; પાનો છુટયો પદમનિ, સાચુ કહો મુને એહ. સ્રી હત્યા શીર તાહરે, કોણ કપાડે તે વાંક; ઉત્પન હોયે મારી કોહો ને અક્ષર આંક. ચોપાઇ—માતા કહે સાંભળરે પુત્ર, સાચુ કહુ તુજ આગળ શુત્ર, ઉદર ગરભ રહ્યો તે માટ, અંતરીક્ષ ભરથારે લીધી વાટ; ભુલો પડયો તે મહા રણે માંહ, પુત્ર પ્રસવ થયો તેતાંહ; અમી લેવા ગયો ભરથાર, રહી વનમાં હું આપે નાર, ભુખ તરશ અતિસે ઘણી, જોતી વાટ મુજ કંથજ તણી. પગલાં પચીસે હું જોવા ગઇ, પુત્ર વિજોગણિ હું ત્યાં થઇ ગઇ વેગળે પંથે ઘણે. રહી તે આશ્રમ ટાકણ તણે; લક્ષ્મી આવે સ્વળુ સુખ, વીસારયું તે વાતનું દુખ. પછીનું વીત્યું હોયે જેહ, તે સમે સઉ જાણોછો તેહ; તવ તેણે તેડયો પ્રધાન. નમી પાય દીધા સનમાન; જે વનમાથી આવ્યો તન. તેબતાવો આણે દન. સંદેહ આપ રૂદેથી ટળ્યો; પુત્ર જઇ માતાને મળ્યો; વીજોગ હતો તે

ભાગી ગયો,પંડાતને પગ લાગીયો; કેમ કરીને છુટે પાપ, જે કહો તે કરૂ હું આપ. ખટ મહિના સુધી જવ ચરો. વળતું મોટુ અનવ્રત કરો, કુશુમ હાર કરી જતન, ઘાલા તેમાં ચાર રતન ગુપ્ત દાન બ્રાહ્મણને દીઓ, પુન્ય ભાગ્ય ઘેર બેઠાં લીઓ. પાપ સમુળાં તેથી જશે, નિરમળ કાયા બેની થશે. પંડીત એવું કહીને ગયા, રાય વ્રત આચરતા થયા, ખટ માસ થયા જાહરે, રત્ન ચાર જોઇએ તાહરે; પર મુલકથી આવ્યાં વાણ,માગે રાજા તે પાસે દાણ.પચાસ વહાણ તણો ત્યાં ગરથ, વેચવો હોય જેને જે અરથ, વેહેપારી મળી આવીયા, તે રાજાને મન ભાવીયા.

દોહરો—દાંણુ માગે છે રાયજી, દ્રવ્ય અપરમપાર; તેમાં તમને આપીએ; રત્ન અમુલખ ચાર. કહેતા રાજા હરખીયો, રત્ન તણા છે અરથ, કીંમત મુલ કરાવીએ આપુ એટલો ગરથ, વાણોતર વહાણવટી તણો જે કોઇ એનો બાપ, રત્ન લઇને આવીઓ,રથે બેશીને આપ. સભા સઊ ઉભી થઇ,દીધાં ઝાઝાં માન, અરસ પરસ આપે મળ્યો, આપ્યાં ફોફળ પાન. એક આસન બેઠાં બેઊ જણા, અચરત પામ્યા મન, એક શીશ એક પ્રાક્રમી એકજ જાણે તન.

ચોપાઇ—છાના લોક કરે વિવાદ,કો કહે પીતાને ભ્રાત,કો કહે પીવાએ પુત્ર એહ વંશનું છે ઘર સુત્ર. રાજકુંવર છે ચતુર સુજાણ,વીધી પ્રીત બે પંડ પ્રમાણ રાજવર નીરખે છે તન, વિચાર કરયો પોતાને મન, નહોય જાત વણીક રૂપ,જાણે કો નગરીનો ભુપ. તે સંઘાથે કીધી પ્રીત, રાજદ્વાર તણી જે રીત; કહો જન્મ ભોમી તમ તણી, દીસે છે ચતુરાઇ ઘણી;નુવગત વાત જન્મની કહો.મારા રમ રૂજ પાસે રહો,વહાણવટી કહે સાંભળ રાય, મારૂ દુખ કાંઇ કહ્યું નવ જાય; જાતે છું રાજાનો સુત્ર, બાળપણામાં મેહેલ્યું ઘર સુત્ર, પર મુલક જઇ પરણ્યો નાર. તે પણ પરણ્યો રાજ કુમાર,કોઈ એક સ્વભાવથી નિસર્યાં, સર્વ દુખ ઘરનાં વીસરયાં, વસ જોજન વગડામાં અડયાં, ભમતાં ભમતાં ભુલાં પડયાં. વનફળ નહી જયાં અન, તે ઠેકાણે પ્રસવ્યો તન; સતી સેવાન કરી ત્યાં તાજ,ગયો અન ઉદકને કાજ, અગ્ની લઇ આવ્યો નીર,પડયા જઇ સમુદ્ર તીર.કોણ જાણે જોજન કેટલા ગયા પુરમાંહિ તેટલા આયુસ સમે જીવતો રહયો;વહાણવટી વેહેપારી થયો. કામ કરૂં છું શેઠજ તણું,કહ્યું ભાઇ વીતક અમ તણું, ચેત્યા મનમાં રાજકુમાર, વાત કરી બેઠો તે ઠાર. દઇ દીલાસો ઘરમાં ગયો,માતા પાસ આપે જઈ કહયો;પડદે રાખી પોતે માત,કહી ઘણી સમજાવી વાત, સભા ભરી બધિ માહારિ,તેનો ચીંતા કરે તાહરી; જે મારા પંડીત પ્રધાન; માગું તમ પાસે માન. સમજાવિ માતા જ્યાહરે, સમીપે દિઠો તાહરે; ફરી ફરી તે સામુ જુએ,નીરખી હરખી મનડુ મુએ.પુત્ર ક્ષમા કરો મુજ વાંક, સાચો કહુતુજ આગળ આંક; શીવ આજ્ઞા સત્ય કહુછું આપ, સનમુખ બેઠો તારો બાપ, એ નરની નારીછું અમો, સત્ય વદુ તે માનજો તમો;કેહેતાં મુખ આવે લાજ, સફળ થયો જનમ તો આજ;મારે મનતો ઇશ્વર એહ, મેં સમરપી એને દેહ.

દોહરા—વારૂ કહી નરપત વળ્યો, સાંભળો ભાઇ સુજાણ-પંડીતો કાંઈ દાખલો, પરમ શાસ્ત્ર પુરાણ. વીયોગ હોય વ્હાલા તણો, મળીએ કોઇ એક કાળ; તેનું શું પારખું, તેહનું એકઠું થાએ તેહ. ચોપાઈ—સહોદરની સાથે મળે, રૂધીર બીજાનું તેથી ટળે; રૂધીર મળે નીશ્ચે જાણીએ, જેમાં સંદેહ નવ આણીએ, પંડીતે જે વચન કહ્યાં; માત પીતાનું એકજ થયું, બીજાનું તે અળગું રહ્યું, પારખુ પ્રતક્ષ દીઠું જ્યાહરે, પીતા પુત્ર મળ્યાં ત્યાહરે સજ્જન સઉકો ત્યારે મળ્યા, વીજોગ વરસ સોળના ટળ્યા. અધીક માન દીધાં ત્યાહરે, આપ્યાં દાન તેણે જ્યારે; વળાવ્યા વહાણવટી દેઇ માન, બહુ આપ્યાં ફોફળ ઉજવળ પાન. તેણે સોંપ્યું પીતાને રાજ, પુત્ર થયો શેવાને કાજ; ત્રણે જણની પોહોંચી આશ, એમ કરતાં થયો એક માસ. પુત્ર પીતા બેઠા છે જ્યાંહ. પુરવની વાત કહી તે ત્યાંહ, મારો મીત્ર હતો સુતાર. અધીક પ્રીતને અપરંપાર. મુજ માટે માબાપ મારશે; સુતારની ત્યાં શી ગત થશે; પુત્ર ત્યાં તેડયો પ્રધાન, સોંપ્યું રાજ દઈને માન. અમો જાત્રા કારણ જશું. રામકુંડ ન્હાવા મન વસ્યું; છડી અસ્વારી આપે ગયા, વણે દિવશે મુલકમાં ગયા; એવું કહેવડાવ્યું માહારાજ, જાય છે ગંગા ન્હાવા કાજ. એ વાત એટલેથી રહી, સુતારની પછે શી ગત થઇ; સુતારે મારયો મુજ પુત્ર, જો બોલેવ તારૂ ઘરસુત્ર માટે એને શુળીએ દેઊં, પછે પંથ અમારો લેઊં; વિચાર કરયો એવો જેટલે, આવતા રાય જાણ્યા તેટલે. આવ્યો તારો રાજકુમાર ચાલ્યો હરખ તે અપરંપાર; માતા પીતા સામા સાહુ મળ્યાં, રૂદે ભીડીને તેને મળ્યાં, વાધી પ્રીત રૂદેઆમાં બહુ, પામ્યા હરખ સહોદર સહુ; નીશ્ચકરમાને તેડયો ત્યાંહ, નેહ વધારયો અતીશે ત્યાંય. વીગત કેરી વાતો કરી, રહયો ગાને સ્થાનક ઠરી, એ વાત અહીંથી પુરી થાય, વીનતા કહે છે વીક્રમરાય, શી આજ્ઞા આપો છો આજ, મનમાં કોઈ ન ધરસો લાજ.

દોહરા—નારી કહે નરપત સુણો, મહારો તોનું નાવ; રહો મંદીરે માહરે; લ્યો લાખણો લાવ. પ્રતીજ્ઞા છે માહરે. જે આવે આઠામ; મુલ ખરીદી થઇ રહું, તેને બ્રાહ્મણને તેં વાળી નાથ, મુજની દોરીએ બાંધ્યા હાથ. તેણે મુજને દુખજ કર્યું. તેથી જાણતો થયું. દુખભંજન કેરે કારણે, આવ્યો પુરવથકી જાણજો. સહી પધારો મારી સાથ, આપવિ છે બ્રાહ્મણને હાથ; ઉઠો વહેલા ખોટી થાઉંછુ, મંદિર મારે હું જાઊંછુ સંક્ષેપે સજ્જનને મળી, બાંધિ બહુ મુલ કથી ટળી; વિક્રમસેનનું જાણ્યું નામ, હરખતે આપે ગામ. હત્યા કરતિ ટાળી તેહ. સહુને દુધે ઉઠયા મેહ, સાસરવાસો કીધો ઘણો; સાતસો શીતેર લાખ તણો. કીધાં ભોજન શોડજ કરી, બેઠાં નરપતને સુંદરી મુખ્ય મુકામે આવ્યાં ગામ. બ્રાહ્મણ બેસાડયે તેઠામ. ગામ મધ્યે થયું છે જાણ, આવ્યો વિક્રમ ચતુર સુજાણ; રીના સહુ સુહાણી રાય, ફુલ મુક્તાફળ લીધાં હાથ; વીક્રમ કહે વિનતાને ધરો, ઉપર બોલ તમારો કેરો; ધાઈ રહયો છે આવાર, તેને તો કરૂં ભરનાર બીજે કહે નવ કરસો રીશ, લખી આપું છું ગામજ પચ્ચીસ; ખાઓ પીઓને રંગે રમો, ભોજન તે મન ગમતાં જમો, ત્યારે બ્રાહ્મણ બોલ્યો વાત, નપુસક છે આહની જાત; એને પર

ણી હું શું કરૂં, સ્ત્રીના શ્રાપ શીદ મસ્તક ધરૂં; નારી કહે એ કર્યું તે સાર,મારે તો બ્રાહ્મણ ભરથાર; અરપણ કરીને આપી હાથ, જાવું બ્રાહ્મણની સાથ.

દોહરો—ચીંતા નવ કરશો કશી,બ્રાહ્મણ સાંભળ વાત;નારિવતજ છો તમો,નપુંશક તાહરી જાત; ઉપાય કરૂ કુમર કરી,કરવું તારૂં કામ; કામદેવ સરખો કરૂં. તો વીક્રમ માહારૂં નામ; પરણ્યો પ્રિતે પદમણી, લગ્ન લઇ નીરધાર; મોહોલે ઉતરયાં બેઉ જણાં, ભામની ને ભરથાર; મહેતલ મહીના એકની, રહો મન આણિ નેહ; કામ કરૂ નહી તાહરૂં, તો પાડુ મુજ દેહ.નરપતી સંતોખીયાં, ઉતર્યા રાજ અવાસ; નીશા સમે નરપત ગયો;માતા કેરે પાસ.ચંદન અક્ષતઅરગજા.વીવીધ પ્રકારે સાર; ધુપ દીપ અતિ આરતિ,અમરત,મેવા આહાર. અંગુઠે ઉભો રહયો, વિત્યા પહોરજ ત્રણ; માગ માગ માતા કહે, તેં સાંભળીયું કરણ. પ્રદક્ષણા દેઇ પાએ નમ્યો, માત માગુછું એહ; બ્રાહ્મણી વર બ્રાહ્મણ થયો, નપુરશારથ છે તેહ. તુજ પ્રતાપે અધીરૂ નથી.મારૂ એકે કામ; પરદુખ ભંજન સત કારણે,જુગમાં ચાલે નામ. ચોપાઈ—પ્રત્યક્ષ બોલ્યાં હરસીધ માત,વીક્રમસેન શું જાણો વાત;આદ્ય તેજ કરો છે ધર્મ, મોહ માયા માતનો મર્મ. તેનાં અનેક થાયછે રૂપ, એક ચીતે સાંભળ તું ભુપ; છપન કોડ ચામુંડા જેહ, અષ્ટોતેર શતને રાણી તેહ; દેશમાં વિદ્યા દેવી સુણી, બીજીછે ચોસઠ જોગણી;શેવકને જવ સંકટ પડે, ધરી રૂપને વારે ચડે;મહા કાળ શતરૂને હુણ્યા,અંબા મા આપે પુત્ર પારણા;સરસ્વતી બુદ્ધ દાતાર, પારવતી દે અમરતનો આહાર.પ્રગટ જે કોણ કામ,તેવું તે પડાવે નામ; પુરે પીરશુ થાળજ ભરી,બહુચરબાળી તે સુંદરી પુરણ બહુચર બાળી તેહ, તે વાતમાં નહી સંદેહ; ઘોડી ફીટી ઘોડા થાય, નારીતો નર લેવે કાય, પ્રગટ પારખુ તે કહેવાય, જળ નાહે નારી નર થાય; જો કરવું હોય તેનું કામ, નરપત જાઓ તેને ઠામ; જન્મ તણાં ત્યાં દુખજ જશે, પુરશારથ માતા આપશે; વીક્રમસેન ત્યાં બોલ્યો વાત, કોણ ગામે છે બહુચર માત, હરસીદ્ધ માતા વદે વચન, સાંભળરે તું મારા તન.

દોહરો—ઉજેણીથી પશ્ચમ દીશા, જોજન છે પચાસ; ધરતી છે મેવાડની,પાટણ પ્રમાણે વાસ,ટોએ તે ગામજ તણે.રમતાતા ગોવાળ, ખોદિએ સ્થાનક કરયું, બેઠી બહુચર બાળ, એક ગોપ પાસે હતો, ચારતો કણ પાશેર; સઉએ દીઠો નહી, રમત કરી તે ઠેર. આવો એને રાંધીએ,કુલડી ભરીને કુર; ભોગ ભવાની દિજીએ, જળ વાધે ભરપુર.એક કહે આપણે વીખે,કયાંથી હરસીદ્ધ માત; બીજો કહે ભાઇ સાંભળો.કહ્યું તે સાચી વાત; ગોખ કરો પાટા તણા, તે થાપો તેને ભોગ; ત્રીજો કહે સાચું કહ્યું, સારો મળ્યો સંજોગ; કરયો ગોખ ગોવાળીએ, સ્થાપ્યાં ભવાની માત, રમતે હાકી લાવીયા. મહિષને મોટા જાત. વધ કરી તે મહીષન માતાન લાગ્યા પાય; તે વેળા તે આવીયો, તે ધરતીનો રાય બાળક વરસ બાર, રોતા સુણીયો સાંઢ; મસ્તક પેલા મહિષનું, પડીયુ દીઠુ ત્યાં. બાંધી લીધા બાળકા, એ શું કરતાતા

કામ, કેમ મારયો એ મહિષને; કોણે સ્થાપી આ ઠામ. પ્રતિકા ગોખ અમે કર્યાં, સ્થાપી ભવાની માત; ચીસ પડી એ સ્થાનકે, એ અસંભવિત વાત, રાજા કહે જો માનીએ, એ ભવાનીનું નુર, કટક દળ ભોજન કરે, એ કુલડી કેરે કુર; નીકર મારૂ સરવને પાડું તમારૂ ગોખ; સુણી એવું ગોવાળિયા, સઉને પ્રગટયો શોક, થરથર ધ્રુજ્યા ગોવાળયા, કોપ્યો નરપાત આઇ, રમત કરી માતા તણી, તો થયું આવું કાજ, મોટી છું તું બહુચરા, રાખ અમારી લાજ; અમો તો પરવશ પડયા, વ્હારે ચડજે આજ, આદ્ય શક્તિ તું ઇશ્વરી, નવ ખંડે નામ; હાંકી ઉઠયા તે સમે, કરવા શેવકનાં કામ.બેઠી કુરકટ ઉપરે,એનો આડે આંક;વંડ વશીયા છે ગોખમાં બ્રાહ્મણ જાણે કાંક, પ્રગટી ત્રિપુરા સુંદરી, કરમાં ખપર ત્રિશુળ, ભગત તણો ભે ભાગીઓ દુષ્ટનાં છેદ્યાં મુળ. ઇંદ્રાદીક શેવા કરે બ્રહ્માદિક ગુણ ગાય, દેવ વરણવ જેના કરે, જો આવો ગોખજ માંહ્ય. આવી વશીયા અંબીકા, કોટીક બ્રહ્માંડનું નુર; ત્યારે તો બળ વધીયું, ગોખતણું ભરપુર. આવિ બહુચર ગોખમાં,ટાળ્યું રૂદેનું દુખ; કટક સહીત રાજા જમ્યો, જે લાગી ભુખ. કર તણી જે કુલડી, ઢાંકી ચાદર એક હાથી ઘોડા માનવિ, ભરયાં પેટ વીશેક; હજુએ અન અંબાર છે, રાજાને લાગી હોડ; વીંછુ ભમરા ઉડીયા, લાખ હજાર કરોડ. બાંધ્યા હાથી ઘોડલા, દુખ પામ્યા બહુ પેર; નાઠો મહીપત ત્યાં થકી, ગયો પોતાને ઘેર; હરખ્યા સહુ ગોવાળીયા, હેત હઇડામાં થાય; એમ કરતાં નીશા પડી, મંદીર પોતાને જાય.અજ્ઞાની ગોવાળીયા, માયા કેરી જાળ; અંબાને જળ ઓળખ્યાં, રમત જાણી ગોવાળ.

ચોપાઇ—વીસારે પડી તે વાત, કોપ એ ન ઓળખ્યા બહુચર માત; એ વાત એટલેથી રહિ, પ્રસીદ્ધ ત્યાંથી થઇ, દેવકુ પાટણ દેવળગામ, નકરવાડ છે મોટું નામ, રાજાને ઘેર ન્હોતા પુત્ર, રાજરીદ્ધ ઘણુ ઘર સુત્ર. નારી બે નરપતિને હતી, પતિ વરતા ધરમ પાળતિ, મહિપત કહે માનની જેહ, પ્રગટ પુત્ર હોય જેનિ દેહ.આરાધના અંબાજી નટ, રહયો ગરભ નારીને પેટ; બેઉ જણાને થયા નવ માસ, પેટ પુત્ર તણી છે આશ,વિનતા વ્હાલી છે એક ઘણી, પુત્રિ એક શીર તેણે જણી,કપટ કરયું પોતાને વાસ, વધાઇ કારણ ગઇ એક દાસ. રાજાજી એક આવ્યો પુત્ર. ભાગ્યવશે તારૂ ઘરસુત્ર; રાજા મનમાં રીઝયો ઘણું; વાંઝિયા મેહણું શીરથી ટળ્યું. વજડાવ્યાં ત્યાં ઢોલ નિશાન. કવિજન બોલે વીવીધ વખાણ; મોતી તોરણ બાંધ્યા બારણે, ખરચ્યો ગરથ સુત કારણે; કીધાં ઘણાં પુનને દાન, રાણિને ઝાઝાં માન; કોને નવ દેખાડે તન, રાણિ દાશી જાણે મન, વાધે ચંદ્ર શરદનો જેમ, વાધે પુત્રી જાતે તેમ; છાની રાખી તેની જાત. વરસ થયાં છે તેને સાત. દાસી સભામાં તેડી જાય. દુર રહિ રમાડે રાય વાધ્યું તેજ કુંવરનું ઘણું; માગું આવ્યું માળવ તણું મોકલી ખાંડા સાથે જાન,ભલી પેરે દીધાં બહુ માન; કન્યા સુંદર રૂડી જાત; વરસ થયાં છે તેને આઠ; પરણી કન્યા આવી ઘેર, છાના લોક વિચારે પેર; છાનુ ન રહે

ઢાંકયું પાપ, ચેત્યો તે કુંવરનો બાપ. નથી લાગતું તેને કાંઇ પાપ, એમ કરતાં વરસ થયાં છે બાર; નારી છે એ નર નહિ સાર, બેસે અશ્વ બાંધિ હથીયાર. ઘેર આવી કન્યા પોતા તણી; ચંચળરૂપ ચતુરાઇ ઘણી, સઇયરોમાં કરે તે વાત; નરૂપત છે નારીની જાત; બે બેનો કાંતીશુ સુત્ર, પુત્રી છે પણ કહે છે પુત્ર; પીએરમાં તે તો પરવરી, વડી ભોજાઇશું વાતજ કરી, પરણાવી પાચાડયા કોડ, પણ એ વર છે અમારિ જોડ. પસરી પુર બાધા વાત, મીત્ર મોહોડે કહે સાક્ષાત; પુઠે વાત કરે જ્યાહરે; અગ્નિ અંગ ઉઠે તાહરે.

દોહરા—કુંવર મન વિચારયું, હું છું જોબન ભરપુર; પુરષારથ કેમ આવશે, પરવરૂ પંથજ દુર. ગાળ બેસે માબાપને, જો તજશે પ્રાણ; દુશ્મન હરખે સરવકો લોક હસતું ઘેર હાણ. સજ્યો ગોડો સવાલાખનો, અંગ ઘણાં હથીયાર; માઝમ રાતે નિસરયો, રોશે રાજ કુમાર; અરણવ વન આપે ગયો; થયો ખરા મધ્યાન; ભુખ તરશ તડકો લાગ્યો; નહી અન પાણી પાન; દીઠું ઝાડ વરખડા તણું બાંધ્યો તેજી તાંહ; મથાવ ઉપર પોઢીયો. સોડ તાણીને ત્યાંહ. અકસ્માત છુટી અશ્વની ભરયું તું કાદવ નીર, અશ્વ અનોપમ તે થયો, માહા બળીઓ કે કોણ; મારી હાંકને હણુ હણ્યો, તવ જાગ્યો રાય સુજાણ; ઉઠીને જોઇ અશ્વની, અશ્વ અનુપ; ફરી ફરી પોતે જુવે, વિસ્મે પામ્યો ભુપ; એ પાર, ધરતા દીશે દેવની, નહી બીજાનું કામ; અતક્ષ દીઠું પારખું; એતો અમુલખ હાર. વસ્ત્ર વિના વિનતિ થઇ. તે નાહી ત્યાં નીર, આલોટી અવનિ વીખે, શુદ્ધ થયું શરીર નારી ફીટી નર થયો, ક્ષણુ ન લાગી વાર; ચતુર લક્ષણ બત્રીશનો, પ્રાક્રમ અપરંપાર; તેજી આપ પલાણીઓ, આવ્યો પોતાને પેર; રંભા તેડી રંગમાં, પ્રિત કરી બહુ પેર. મળી સગાં સહુ મેદની સાથે છે માબાપ; જાત્રા કારણુ સઉ જાણું, સ્થાનક આવ્યાં આપ. નહીદેરૂ નહી ગોખલો નહી નવાણુ કે નીર; સ્થાનક નહીં એ કો તણું. દેવ હશે કે વીર.

ચોપાઇ—તેડ્યા પંડીત જોશી ઘણા,ગ્નાન આગમ નીગમજ તણા; કહો આ સ્થાનક કોનો ઠાંમ, વનગવડો કે કોઇ ગામ; પંડીતે પારખ્યું પુરાણ, સુણ તું ચંચળ ચતુર સુજાણ. પુરવે દહીત વિશ્વતા દુષ્ટ, દેવતાને ઘણું દેતા કષ્ટ; દેવે સમરિ શ્રી શકતી માત, તતક્ષણુ ત્યાં આવ્યાં સાક્ષાત; સહસ્ત્ર ભુજ કરમાં ત્રીશુળ કાહાડયું દુષ્ટ દહિતનું મુળ દાનવ જન કરયોછે તાજ, સોંપ્યું સઉ દેવતાને રાજ;સરવે મળીને સ્તુતિ કરી, ધનધન તું ત્રિપુરા સુંદરી, મારયો દહીત ચામુંડા તમો, તે નામે બોલાવું અમો; દીઠાં તે તેં કીધાં કાજ. બહુચર તારૂં મોટું રાજ. દેવ ગયા દેઇ તેને માન, માતા પામ્યાં અંતરધ્યાન; આ સ્થાનક બહુચર મા તણું; અપરમપાર પ્રાક્રમ છે ઘણું. પાસે વૃદ્ધ ઘરડાની જાત, તેને કહી સંભવની વાત; શાસ્ત્ર પુરાણુ પુસ્તક લખે, પ્રગટ પારખું પુસ્તક વીખે; હું તો ગોપ તણો ત્યાં રોગ રમત કરતાં કીધો ગોખ. રાજાએ આવી દીધું દુખ, કુર જમીને ભાગી ભુખ; તે તો નજરે

દીઠો અમો, જે જાણો તો કરજો તમો; કીધું દેહેરૂં આપ્યો ગોખ, રહ્યાં બહુચર પોતાને જોખ. હવન હોમે કરાવ્યાં ઘણા; વિપ્ર જમાડયા દેશજ તણા; વાધી જાત્રા રૂડી પેર; ગયો રાય પોતાને ઘેર, બહુચરપુર લખાવ્યું ગામ, નવખંડે તે જાણ્યું નામ, ઘેર જઇ માંડયું ઘરસૂત્ર, થયા પાંચ પોતાને પુત્ર. તેવી જાત્રા માનવ લખે, પુર થઇ હર પડાવી શીખે; પુરશારથ આપ્યું જેહને, ધ્યાન બહુચરનું તેહને નહીં દાતાર કોઇ કળજુગ વીખે, બીજું નહી કો બહુચર પખે. પ્રતક્ષ બોલે બહુચર ધ્યાન, શેવક જનને દેતા માન, લાખ કરોડ આરાધી જાય. તેનાં કામ સવાયાં થાય; કુકડે વાહન પોતે નીસરે, પવાઇ પુજા તેની કરે. માટે તેને તેડી જાઓ. માનસરોવરમાં જઈ નાહો, દુખ ગોખ જોતાં તે જશે; નારીવંત છે તે નર થશે. એવું સાંભળ્યું વીક્રમ વીર, ધરી આપે રૂદેમાં ધીર, મળ્યો સંઘ માળવાનો રાય; જાત્રા શું જુગતેથી જાય; પુજા સામગ્રી લીધી હાથ, તેડયો દુખીઓ પોતે સાથ; અનેક ભેટ બીજી લાવીયા, સુવાલ તણી ચોકી આવીયા, ક્ષુધારથી આવ્યા ત્યહાં ઘણા, પામે અંન આવે તેટલા; નાહ્યા સઉ આણીતે નહ, નીરમળ થઇ લોકોની દેહ; નવજોબન થઇ નરેશ, પાછા આવ્યા માળવ દેશ; રૂડા ગામ ભલા જે સુખી, તાંબા પતરે આપી લખી; સુખ પામ્યાં તે નરને નાર, રંગ મોહોલ કીધા તે ઠાર કોટી કલ્યાણ રાજાનું હજો, તારૂં નામ નવ ખંડે થજો; નિત્ય પરમારથ કરજો કામ. અવીચળ પરદુખભંજન નામ.

દોહરા—કહે પુતળી રાય ભોજને, એવા થાય જે રાય; તે સીંહાસન બેસશે ધરી જમણો પાય. ચોપાઇ—પાતક પાંચ જન્મનાં જશે, રૂદે તેનું સકોમળ થશે; જે સાંભળ વીક્રમ ચરીત્ર, પાતીક જાય ને થાય પવિત્ર. નીરધન તો પામે ઘરસુત્ર, વંઝા નારી પામે પુત્ર; એવું સાંભળી કરશે, દાન, તેને શ્રી લક્ષમીનું માન. ચોર અગ્નિનો ભય નહી થાય, દંડી શકે નહી કો રાય; નવે ગ્રહ પીડા નવ કરે, ભંડાર નીત ખુટેલા ભરે. સઉ થકી મોટો છે ધરમ, પુન્ય થકી નહિ મોટુ કરમ; કળીયુગમાં મોટી છે શાખ, આપે એક તો પામે લાખ.

દોહરા—કવિ કહે ભાઇ સાંભળો, પુજન મોટું હોય, જેને પુન્ય છે પ્રેમનું, ગાંજી શકે નહી કોય. રાજનગરપુર રાજમાં, રહેવું સુંદર ગામ; વીરેશ્વર સુત વીનવે, શામળ ભટ શુભ નામ, શ્રીગોડ બ્રાહ્મણ માળવી, કપીલ્લ કેરો દાસ; કીરપા કીધી સરસ્વતી, અંબાએ પુરી આશ. વિક્રમ ચરીત્ર શુભ વરણવું સંક્ષેપ સુજાણ; દીધી બુધ જેમ સારદા. રસનાએ આપી વાણ. એવા જે દાતા થશે, કરશે રૂડાં કામ; તેહ સીંહાસન બેસશે, દેવ તણો એ ઠામ. એમ કહીને ઉત્પતી, આપે ગઇ આકાશ. એહ કથા પુરણ થઇ. કહે કવિ શામળદાસ. શ્રોતા વકતા સમજતા, કહે કવિતા કરજોડ; શામળ ભટ કહે બોલજો જે જે શ્રી રણછોડ.

વારતા સોળમી સમાપ્ત.

વાંચવા લાયક પુસ્તકો.

વિવેકાનંદ જીવનચરિત્ર	૩—૪
દક્ષિણનો વાઘ	૩—૦
જુવાનોએ જાણવાની અને પરણેલાઓને પાળવાની બાબતો	૦—૩
ખુબસુરત બલા	૦—૧૪
સચિત્ર સત્યવાન સાવિત્રી ને સિદ્ધરાજ અને જસમાઓડણ	૦—૫
ભયંકર ભુતાવળીના ગેબી ચમત્કાર	૦—૮
સચિત્ર સત્સંગ ભજનાવલી ગ્લેજ કાગળ પાકું પુઠું સોનેરી બાઈન્ડીંગ	૧—૮
ઓખાહરણ મોટું	૧—૬
સચિત્ર રામલીલા ભાગ ૧ લો	૦—૧૦
” ” ૨ જો	૦—૧૦
બે ભાગ ભેગા	૧—૪
સચિત્ર મોટું તુલસીકૃત રામાયણ	૬—૦
ગીરધર કૃત રામાયણ	૪—૦
શુદકાવ્ય દોહન ૧—૫ ભાગ	૧—૮
સુડા બહોતેરી	૨—૦
ગુજરાતી ભાષાનું પંચીકરણ	૧—૮
શાળના યાને સુખમય સંસાર	૦—૬
સચિત્ર પિશાચ પ્રતિમા યાને ભક્ષક કે રક્ષક ?	૧—૮
રસીક ધોળ પદ	૧—૦
ચંડીપાઠ સટીક	૧—૮
પંચરત્ન ગીતા	૧—૧૨
સચિત્ર સત્યનારાયણની કથા (બે ચિત્રો સાથે)	૦—૬
પ્રિતમની વાણી	૦—૧૨
બાદશાહ બીરબલ પાકું પુંઠું	૧—૮
લાલ દીવા	૦—૮
બ્રુહત ઈંદ્રજાળ	૦—૧૨
એકાદશીનીકથા પાના ચોપડી	૦—૧૨
ગરૂડ પુરાણ (ગુજરાતીમાં)	૦—૧૨
અહાધ્યાયી રૂદરી સટીક	૦—૧૨
પૈસા કેમ કમાવા ?—થોડી મુડીમાંથી લક્ષાધિપતિ કેમ થવાય તેની સંપૂર્ણ સમજણ આ પુસ્તકમાં છે.	૧—૮
નઝીર	૧—૦
હુન્નર પ્રકાશ	૨—૦
સ્વામી દયાનંદ સરસ્વતિ	૨—૦
૨૦૦ વર્ષનું પંચાગ— વ્યાપારી અને ધંધાદારીઓને અતિ ઉપયોગીછે. કાચું પુઠું	[illegible]—૦
પાકું પુઠું	૩—૮
ભારતીય સામ્રાજ્ય.	૨—૮
અમૃતાનંદ ભક્તિરસથી ભરપુર આખ્યાનનો સંગ્રહ	૩—૦
મનુસ્મૃતિ	૩—૮
સાહિત્ય દર્શન	૧—૧૨
સમાજ	૧—૦
પ્રભાત	૧—૮
બાદશાહી કથાકુંજ	૧—૮
વિચાર સાગર	૫—૦
સુધરેલી સીતા	૨—૮
રાજપૂત કથાકુંજ	૧—૮
શાંતિ નિકેતન	૨—૪
ગુણ લક્ષ્મી	૧—૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ

રીચીરોડ—અમદાવાદ.

વાંચો સચિત્ર **સતી સીતા.** કી. ૦-૧૦-૦

(વાંચો) સચિત્ર ભગતી ચુડેલ કી. ૦-૮-૦



(વાંચો) સચિત્ર સ્વપ્ની રંડી કી. ૦-૬-૦

(વાંચો) સચીત્ર કોણ ચાલાક ? ૦-૧૦-૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ, રીચીરોડ—અમદાવાદ.

આ બુક સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદ ત્રીકમલાલે છાપી છે. કાળુપુર ટંકશાળ—અમદાવાદ.